# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654

12 MARCH - TUESDAY | વર્ષ-13 | અંક-117 | વિક્રમ સંવત-2080 | ફાગણ સુદ-02 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક



સત્યમેવ જયતે
Government of India

# મોદી સરકારની ગેરંટી

## વિકસિત ભારત માટે આધુનિક રેલ્વે









## ₹૮૫ હજાર કરોડ થી વધુની કિંમતની ૬ હજાર રેલવે પ્રોજેક્ટનો શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પણ

### શિલાન્યાસ/રાષ્ટ્રને સમર્પણ

- ૫૦ પ્રધાન મંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્ર.
- ૨૨૨ રેલવે ગુડ્સ-શેડ.
- ૫૧ ગતિ શક્તિ મલ્ટી મોડલ કાર્ગો ટર્મિનલ.
- ૨૬૪૬ સ્ટેશનોનું ડિજિટલ નિયંત્રણ.
- ૩૫ રેલ્વે વર્કશોપ, લોકો શેડ, પીટ લાઈન્સ/કોચિંગ ડેપો.
- ૧૫૦૦ કિમીના ૧૦૦ રેલ્વે વિભાગોનું ડબલીંગ/મલ્ટી-ટ્રેકિંગ અને રેલ્વે લાઇનોનું ગેજ રૂપાંતરણ.
- ૧૦૪૫ કિમીના ૮૦ રેલ્વે વિભાગોની ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ.
- ૩૫ રેલ કોચ રેસ્ટોરન્ટ.
- ૧૫૦૦ થી વધુ એક સ્ટેશન એક ઉત્પાદન ચોરી.
- ૯૭૫ સોલાર પાવર્ડ સ્ટેશન/સેવા ઇમારતો.
- ૨૧૩૫ રેલ્વે વિભાગોનું વિદ્યુતીકરણ.
- ન્યૂ ખુર્જા - સાનેહવાલ વિભાગ. ૪૦૧ કિમી ઇસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનો
- ન્યૂ મકરપુરા - નવો ઢોલવાડ વિભાગ. ૨૪૪ કિમી વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનો
- વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનું ઓપરેશન કંટ્રોલ સેન્ટર, અમદાવાદ.
- ફલટણ-બારામતી નવી રેલ્વે લાઇન.
- ૯ ઇલેક્ટ્રિક ટ્રેક્શન સિસ્ટમનું અપગ્રેડેશન.

### વંદે ભારત ટ્રેન સહિત અન્ય રેલ સેવાઓનું ઉદ્ઘાટન

- મૈસૂર - ચેન્નાઈ
- લખનૌ - દહેરાદૂન
- કલબુર્ગિ - બેંગલુરુ (સર એમ વિશ્વેશ્વરય્યા ટર્મિનલ )
- રાંચી - વારાણસી
- દિલ્હી (નિઝામુદ્દીન ) - ખજુરાહો
- સિંકદરાબાદ - વિશાખાપટનમ
- ન્યુ જલપાઈગુડી - પટના
- પટના - લખનૌ
- અમદાવાદ -મુંબઈ સેન્ટ્રલ
- પુરી - વિશાખાપટનમ

તેમજ અન્ય રેલ્વે સેવાઓ.

### પ્રોજેક્ટનો લાભ

- અત્યાધુનિક સલામતી સુવિધાઓ સાથે વિમાન જેવો મુસાફરીનો અનુભવ.
- વંદે ભારત એક્સપ્રેસ સાથે ઝડપી, સીમલેસ અને વૈભવી મુસાફરીનો અનુભવ.
- લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો અને પ્રાદેશિક અર્થતંત્રને પ્રોત્સાહન આપવું.
- અમદાવાદ ઓપરેશન કંટ્રોલ સેન્ટર, વિશ્વના સૌથી મોટા નિયંત્રણ કેન્દ્રોમાંનું એક અને અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ છે.
- પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્ર યોજના હેઠળ તમામ નાગરિકોને ઓછામાં ઓછા ૭૫ ટકા સસ્તા ભાવે ગુણવત્તાયુક્ત જેનરિક દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા.
- રેલ ઇન્ટિરિયર થીમ આધારિત રેસ્ટોરન્ટમાં ભોજનનો અનોખો અનુભવ મળશે.

## નરેન્દ્ર મોદી

**પ્રધાનમંત્રી**

ના વરદ હસ્તે

### ગરીમામયી ઉપસ્થિતિમાં

**આચાર્ય દેવવ્રત**
રાજ્યપાલ, ગુજરાત

**ભુપેન્દ્રભાઈ પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત

**અશ્વિની વૈષ્ણવ**
કેન્દ્રીય રેલવે, સંચાર અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી

**રાવસાહેબ પાટિલ દાનવે**
કેંદ્રીય રેલ્વે, કોયલા અને ખનન રાજ્ય મંત્રી

**દર્શના જરદોશ**
કેન્દ્રીય રેલવે અને વસ્ત્ર રાજ્ય મંત્રી

મંગળવાર ૧૨ માર્ચ ૨૦૨૪, સવારે ૦૮:૦૦ વાગ્યેથી

DD NEWS ન્યૂઝ પર જીવંત પ્રસારણ જુઓ

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને આપી રાષ્ટ્રીય ધોરીમાર્ગો માટે ૧૫૭૫ કરોડ રૂપિયાના ત્રણ પ્રોજેક્ટ્સની ભેટ

## દેશમાં રૂ. ૧ લાખ કરોડથી વધુની ૧૧૪ માર્ગ વિકાસ પરિયોજનાઓના લોકાર્પણ-શિલાન્યાસ વડાપ્રધાનએ હરિયાણાથી વર્ચ્યુઅલી કર્યા

ગાંધીનગર સંવાદદાતા
વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે નવો ઈતિહાસ સર્જતા એક જ દિવસમાં રૂ. ૧ લાખ કરોડથી વધુની ૧૧૪ પરિયોજનાઓના હરિયાણાથી વર્ચ્યુઅલી લોકાર્પણ-શિલાન્યાસ કર્યા હતા. વડાપ્રધાનએ આ પરિયોજનાઓ પૈકી ગુજરાતને ૧૫૭૫ કરોડ રૂપિયાના કુલ ૫૩ કિલોમીટરના ત્રણ કામોની ભેટ આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ અવસરે ગાંધીનગરમાં આયોજિત કાર્યક્રમમાં સહભાગી થયા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જે પ્રોજેક્ટ્સની ભેટ ગુજરાતને આપી છે તેમાં કુલ ૫૩ કિલોમીટર લંબાઈના ત્રણ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. પ્રથમ પ્રોજેક્ટ અન્વયે અંદાજે રૂ. ૧૨૯૫ કરોડના ખર્ચે અમદાવાદ શહેરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૭ પર સાબરમતી નદી પર ૮ માર્ગીય શાસ્ત્રી બ્રિજ સહિત નારોલ જંકશનથી સરખેજ જંકશન સુધી ૧૦.૬૩૦ કિલોમીટરના ૬ માર્ગીય એલિવેટેડ કોરિડોરનું બાંધકામ કરાશે. નારોલ થી સરખેજ સુધીનો આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૭ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાંથી પસાર થાય છે. અમદાવાદ શહેરી વિસ્તાર જુહાપુરા અને નારોલ વિશાલા વચ્ચેથી



પસાર થતો હોવાથી ત્યાં ટ્રાફિક જામની ભારે સમસ્યા સર્જાય છે તથા ક્રોસ ટ્રાફિકના કારણે થતા અકસ્માતના લીધે બ્લેકસ્પોટ બને છે. આ સમસ્યાઓનું નિવારણ કરવા માટે તથા ઈંધણ અને સમયની બચત માટે વિશાલા થી સરખેજ સુધીના હાઈવે પર એલીવેટેડ કોરીડૉર બનાવવાનું ભારત સરકાર દ્વારા નક્કી કરાયું છે. આ રસ્તા પર સાબરમતી નદી પરના હયાત શાસ્ત્રી બ્રીજના સ્થળે નવા ૮ માર્ગીય પુલનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. બીજા પ્રોજેક્ટ અંતર્ગત રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૮ વાવ ચોકડી, સતલાસણા થી વૃંદાવન ચોકડી, ખેરાલુ સુધીના ૨૩.૦૦ કિમીહયાત બે માર્ગીય રસ્તાને ચાર માર્ગીય કરણની કામગીરી ભારત સરકાર દ્વારા રૂ. ૧૫૧ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવી છે. આ ૨૩ કિમીનો રસ્તો હાલ ટુ લેન છે અને આગળ પાછળના રસ્તા ૪ લેનના હોઈ આ રસ્તા પર ભારે વાહનોનું આવન જાવન હોય છે અને આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં આ રસ્તો સંપૂર્ણ રીતે ૪ માર્ગીય બનશે. આ રસ્તો મુખ્ય જિલ્લા સ્થળ, ઔદ્યોગિક, પ્રવાસી અને ધાર્મિક સ્થળો મહેસાણા, વડનગર, પાલનપુર, તારંગા વન્યજીવન, આંબાઘાટા ક્વોરી, દાંતા અને અંબાજી મંદિર તેમજ ઉત્તર ગુજરાત અને રાજસ્થાન રાજ્ય વચ્ચેની મુખ્ય કડી તરીકે પણ કામ કરે છે અને આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ જાણીતા અંબાજી મંદિર સુધી ચાર માર્ગીય કનેક્ટિવિટી મળશે. ત્રીજો પ્રોજેક્ટ સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લા માટે મંજુર થયો છે તેમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં-૩૫૧ ના ગાવડકા ચોકડી થી બગસરા સુધીના ૧૯.૯૭૩ કિ. કિલોમીટરની લંબાઈના રસ્તાનુ રૂપિયા ૧૨૯ કરોડના ખર્ચે ૧૦ મીટર પહોળો કરવાની કામગીરી હાથ ધરાશે. રસ્તાની આ લંબાઈમા મહુવા, સાવરકુંડલા, અમરેલી, રાજુલા પીપાવાવ પોર્ટ વગેરે રુટ ઉપર થી બગસરા, વડિયા અને જેતપુર તરફ જતા વાહનો પસાર થાય છે. અને મહુવા બંદર કેન્દ્રથી કુંડલાથી અમરેલીથી બગસરા જેતપુર દ્વ.ૐ. સાથે જોડાયેલ રૂટ વચ્ચેનું એક મહત્વપૂર્ણ આંતરરાજ્ય જોડાણ છે. ત્યાં ઘણા બધા મુખ્ય મથક, જિલ્લા સ્થળ છે અને વેપાર કેન્દ્ર મત્સ્યઉદ્યોગ અને દરિયાઈ ઉત્પાદન અને પોલ્ટ્રી ફાર્મ તરીકે વિકસિત છે. આર્થિક પ્રવૃત્તિમાં સુધારો કરવા માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ લિંક હશે જે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૧ અને અને ૨૭ વચ્ચેની કનેક્ટિવિટી પૂરી પાડશે.

# ડાંગ જિલ્લામાં પાણી પુરવઠાના ગોડાઉનમાં આગની ઘટના, જંગી નુકશાન, ફાયર સેફ્ટીનો અભાવ

સુશીલ પવાર.ડાંગ : સનસેટ પોઈન્ટ નજીક આવેલ પાણી પુરવઠાના ગોડાઉનમાં અચાનક લાગી આગ , માલ સામાન બળી ને ખાખ થવા પામ્યો હતો,આગ લાગતા પાણી પુરવઠાદ્વારા મુકવામાં આવેલ માલ સામાન ને જંગી નુકશાન થયું, પોલીસ ટિમ તેમજ સ્થાનિકો ના સહયોગથી આગ ઉપર કાબુ મેળવવા માં સફળતા મળી હતી. આગ લાગતા લોકો માં ચર્ચા નો વિષય પણ બન્યો હતો કે ડાંગ જે જિલ્લો હોવા છતાં આહવા ખાતે ફાયર સેફટી નો અભાવ જોવા મળ્યો કારણ આગ લાગી એ વેળા એ પાણી ની કોઈ જ વ્યવસ્થા હતી નહિ એક સામાન્ય ટેમ્પો માં પાણી ની સિંટેક્સ ટાંકી માં પાણી લાવી આગ ઓલવાઈ હતી . આગ લાગવાની સમગ્ર ઘટનાં અંક બંધ.



# બરડીપાડા મહાલ વચ્ચે ચલથાણ સુગરની ટ્રક પલટી મારી જતા એકનું મોત

સુશીલ પવાર.ડાંગ : પ્રાપ્ત વિગતો અનુસાર દક્ષિણ ગુજરાતનાં ચલથાણ સુગર ફેક્ટરીમાં શેરડી કટીંગનાં કામ અર્થે ગયેલ કામદારો પોતાનો સામાન મુકવા માટે ટ્રકમાં સવાર થઈને આવી રહ્યા હતા. જેમા ડ્રાઈવર સાથે કેબિનમાં અન્ય બે વ્યક્તિઓ બેઠા હતા.જ્યારે ડાંગ જિલ્લાનાં ઢોલીઉંમર ગામનાં ડીખુભાઈ પ્રભુભાઈ રાઠોડ (ઉ. વ.૬૫) અને એક યુવાન નામે અંકિત નાજુભાઈ જોગારીયા ઉ.૧૬ નાઓ ટ્રકની કેબીન ઉપર બેઠા હતા.તે વેળાએ સુબીર તાલુકાનાં બરડીપાડાથી મહાલ વચ્ચે બારીની ઉતરતી નામે ઓળખાતી જગ્યાએ ટ્રક ચાલકે પોતાના કબજાની ટ્રકને પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારતા સ્થળ પર આ ટ્રક પલટી મારી જતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો.આ અકસ્માતનાં બનાવમાં કેબિન ઉપર બેસેલા બન્ને ઈસમોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત કામદાર એવા ડીખુ પ્રભુ રાઠોડનું સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ.આ અકસ્માતને લઈને સુબીર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.



# પાલનપુરના પૂર્વ કોંગ્રેસના ધારાસભ્ય મહેશભાઇ પટેલ ભાજપમાં જોડાતા ખળભળાટ મચ્યો



પાલનપુર : બનાસકાંઠામાં કોંગ્રેસ હજુ લોકસભા ઉમેદવાર ન શોધી શકી તે પહેલા પૂર્વ ધારાસભ્ય મહેશ પટેલએ કોંગ્રેસને બાય બાય કહી દીધું.. આગામી લોકસભાને લઈ ભાજપે પોતાના ઉમેદવાર તરીકે બનાસ ડેરીના અધ્યસ્થાપક સ્વ. ગલબા કાકાના પૌત્રી ડો.રેખા ચૌધરી ને મેદાને ઉતારી દીધા છે. અને ભાજપ ઉમેદવારએ પોતાનો પ્રચાર તેજ કરી દીધો છે તો બીજી તરફ હજુ કોંગ્રેસ બનાસકાંઠામાં પોતાના ઉમેદવારને શોધી નથી શકી.જો કે કોંગ્રેસ પોતાનો ઉમેદવાર શોધે તે પહેલા જ કોંગ્રેસમાં ગાબડાંનો સીલસીલો યથાવત બન્યો છે.. કોંગ્રેસ ઉમેદવાર ન શોધી શકવા સાથે પોતાનું ડેમેજ કંટ્રોલ પણ સાંભળી નથી શકી અને બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુર પૂર્વ ધારાસભ્ય મહેશ પટેલએ કોંગ્રેસને બાય બાય કહી ભાજપનો કેસરિયો ધારણ કરી લીધો છે. જો કે મહેશ પટેલની કોંગ્રેસને બાય બાય કહેવું એ કોઈ મોટી વાત નથી કેમકે મહેશ પટેલ ૨૦૨૨ વિધાનસભાં લડ્યા તે અગાઉથી જ તેઓ ભાજપ નો ખેસ ધારણ કરશે તેવી અટકળો ચાલી રહી હતી અને આ અટકળો ક્યાંક ખોટી ન પડી જાય તેમ મહેશ પટેલએ મોડે મોડે પણ લોકસભા પહેલા કોંગ્રેસને છોડી ભાજપનો કેસરિયો ધારણ કર્યો છે.

# દાહોદ જિલ્લામાં બોર્ડની જાહેર પરીક્ષાઓનો શાંતિ-શૌહાર્દપૂર્ણ માહોલમાં થયેલો પ્રારંભ



દાહોદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ થયેલી ધોરણ- ૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાઓનો દાહોદ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે. બોર્ડની આ જાહેર પરીક્ષાઓના પ્રારંભે આજે સવારે ધોરણ-૧૦ના પરીક્ષાર્થીઓને જિલ્લા કલેક્ટર યોગેશ નિરગુડે, ધારાસભ્ય શ્રી કનૈયાલાલ કિશોરી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરેન્દ્ર દામા, સહિત સ્વૈચ્છિક સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, શાળાના સ્ટાફગણ વગેરેએ પણ પરીક્ષાર્થીઓને ગુલાબના પુષ્પો આપી સાકરથી મોઢું મીઠું કરાવીને પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ સાથે ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ નિરગુડે એ જણાવ્યું હતું કે, આજથી બોર્ડની પરીક્ષાની શરૂ થઈ છે. પરીક્ષાના પ્રારંભે બાળકોનું મનોબળ વધારવા માટે તેમને શુભેચ્છા પાઠવી છે. દાહોદ જિલ્લામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે, તેમના માટે વહીવટી તંત્ર દ્વારા તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

# સર્વાંગી વિકાસને વરેલી સરકાર સમાજના નાના માણસોની ચિંતા કરે છે : બચુભાઈ ખાબડ




દિપક રાવલ - દાહોદ : ગુજરાત રાજ્યના મકાન અને અન્ય બાંધકામ શ્રમિકો માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમિક અન્નપુર્ણા યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકો સુધી યોજનાનો લાભ પહોંચાડવા માટે આજરોજ નવા ૧૨ ભોજન કેન્દ્રોનો લોકાર્પણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

જેમાં દાહોદ જીલ્લાના દેવગઢ બારિયા ખાતે પંચયાત અને કૃષિ મંત્રી શ્રી બચુભાઈ ખાબડના વરદ હસ્તે એક બત્તી ચોક ખાતે ભોજન કેન્દ્રનુ લોકાર્પણ કરવામાં આવ્યુ છે. મંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યુ હતુ કે સર્વાંગી વિકાસ ને વરેલી સરકાર સમાજના નાનામાં નાના માણસોની ચિંતા કરે છે. જેના ભાગરુપે શ્રમિક અન્નપુર્ણા યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકો સુધી યોજનાનો લાભ પહોંચાડવા આજરોજ રાજ્યમાં નવા ૧૨ ભોજન કેન્દ્રોનો લોકાર્પણ થયા છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુશ્રી અરવિંદાબેન, સહિત દેવગઢબારિયા શહેર અને તાલુકાના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ તેમજ શ્રમિકો હાજર રહ્યા હતા.

# વિધુત બોર્ડ વિધાલય થર્મલ ખાતે ધોરણ દસ બારની પરીક્ષાનો શાંતિ પુર્ણ માહોલમા પ્રારંભ

ખેડા- અશેષ વ્યાસ : ધોરણ૧૦અને૧૨ ની પરીક્ષા સમગ્ર ગુજરાત માં પ્રારંભ થયો છે ત્યારે ખેડા જિલ્લાના વણાકબોરી થર્મલ વિધુત બોર્ડ વિધાલય ખાતે પણ પરીક્ષા નો પ્રારંભ પરીક્ષા આપવા આવનાર ધોરણ ૧૦ અને ૧૨ તમામ પરીક્ષાર્થીઓ ને વણાકબોરી સંકુલ ના વડા શ્રી એચ.આર. મરચન્ટ સાહેબ પી.બી.પટેલ સાહેબ વિધુત બોર્ડ વિધાલય ના પ્રિન્સિપાલ શ્રી ધરમેન્દ્ર સિંહ સોલંકી સાહેબ તથા મહિલા મંડળ ની બહેનો દ્વારા કુમ કુમ તિલક અને ચાંદલો કરી ને ગોળ ચોકલેટ અને પેન આપી પરીક્ષાર્થી વિધાર્થીઓ ને ઉજવલ ભવિષ્ય ની શુભેચ્છાઓ પાઠવી હતી સ્કૂલ ના શિક્ષકો દ્વારા ખુબ જહેમત ઉઠાવી પરીક્ષા વ્યવસ્થા ગોઠવા મા આવી હતી અને ઈંગ્લીશ મિડીયમ બ્લોસમ ના ટીચર્સ દ્વારા બેઠક વ્યવસ્થા અંગે પરીક્ષા આપવા આવનાર વિધાર્થીઓ ને માર્ગદર્શન પુરુ પાડવા મા આવ્યું હતું.



# શબરીધામ મંદિરનાં ડેવલોપમેન્ટમાં જમીન સંપાદન અટકાવવા માટે બીટીટીએસ દ્વારા આવેદનપત્ર



સુશીલ પવાર. ડાંગ : ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં શબરીધામ મંદિરનાં ડેવલોપમેન્ટ કરવા માટે ૨૨ હજાર ચોરસ મીટર જમીન સ્માર્ટ ડેવલોપમેન્ટ કરીને સ્થાનિકોની જમીન સંપાદન કરવામાં આવનાર છે ત્યારે ભારતીય ટ્રાઈબલ ટાઈગર સેના દ્વારા મામલતદાર મારફતે રાષ્ટ્રપતિને લેખિતમાં આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.અને આ જમીન સંપાદન અટકાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.ડાંગ જિલ્લાનાં સુબિર તાલુકાનાં શબરીધામ મંદિરનાં ડેવલપમેન્ટ માટે ૨૨ હજાર ચોરસ મીટર જમીનનું સંપાદન કરવામાં આવનાર છે.જેમાં બરડા ફળ્યુથી તો કાગર્યામાળ ગામનું (ફળ્યુ) ભેદ અને જારસોળ ગામ અને કરંજડાની જમીનનું સંપાદન કરવામાં આવશે. જોકે શબરીધામનાં ડેવલપમેન્ટ થી સ્થાનિકોને કોઈ વાંધો નથી પરંતુ સ્થાનિકોની જે જમીનનું સંપાદન થઈ રહ્યું છે તેનાથી સ્થાનિકોને વાંધો છે.ડાંગ જિલ્લો એ આદિવાસી વિસ્તાર ધરાવે છે અને પાંચમી અનુસૂચિ માં સમાવિષ્ટ છે. ત્યારે જમીન સંપાદન મામલે ગ્રામસભામાં પરવાનગી લીધા વિના જ સરકાર દ્વારા જમીન સંપાદનનો નિર્ણય લેવામાં આવેલ છે.જેના કારણે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

# ધારિયુ અને ચાકુ લઈને ઊંઘતા સસરા એ પુત્રવધૂ ને મારી નાખવાની ધમકી આપતા મહિલાએ ૧૮૧ની મદદ માંગી

રાજપીપળા : નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના એક ગામમાં મહિલાનો કોલ આવેલ તેમાં જણાવે કે મને મારા સસરા હેરાનગતિ કરે છે, છેલ્લા આઠ-દસ વર્ષથી સહન કરતી આવી છું, દરરોજ વ્યવશન કરી ને અપશબ્દો બોલે છે, પરતું હવે હથિયાર લઈને મારી નાખવાની ધમકી આપે છે, અને પથારીમાં સાથે જ ચાકુ તેમજ ધારિયા લઈને સુવે છે, મારી તેમજ મારા પરિવારની કોઈ સલામતી નથી મારા બે નાના-નાના બાળકો છે, પરિવારના કોઈ પણ સભ્યની વાત સમજતા નથી, અને ચોવીસ કલાક નશામાં જ હોય છે, નશામાં ગમે ત્યારે કોઈને પણ ઈજા પહોંચાડી શકે છે તે ડર થી રાત્રે ઉંઘ આવતી નથી, તેથી આખરે સસરા ને સમજાવવા ૧૮૧ ની મદદ માંગી હતી ત્યારબાદ ૧૮૧ ટીમ રાજપીપળા તાત્કાલિક ઘટનાના સ્થળે પોહચી કાઉન્સિલગ કરતા જાણવા મળેલ કે મહિલાના સસરા અતિશય નશામાં છે.

# ન્યૂઝીલેન્ડના નાયબ વડાપ્રધાન ગીફ્ટ સિટીની મુલાકાત લઇ પ્રભાવિત થયા

ગાંધીનગર સંવાદદાતા
વિજયવીર યાદવ

ન્યૂઝીલેન્ડના નાયબ વડાપ્રધાન વિન્સ્ટન પીટર્સે આજે ગાંધીનગરની નજીક આવેલી ગીફ્ટ સીટીની મુલાકાત લીધી હતી. તેમણે અહીં બેઠક કરીને ગીફ્ટ સીટીની મહત્વની બાબતોથી માહિત ગાર થયા હતા. ન્યૂઝીલેન્ડ દેશના નાયબ વડાપ્રધાન વિન્સ્ટન પીટર્સ ગુજરાતની બે દિવસની મુલાકાતે આવ્યા છે.

તેમણે અમદાવાદ અને ગાંધીનગર ખાતે બે દિવસની મુલાકાત દરમ્યાન વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી. નાયબ વડાપ્રધાન વિન્સ્ટન પીટર્સ અમદાવાદના ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. આજે સવારના ગાંધીનગરના વિશ્વ વિખ્યાત અક્ષરધામની મુલાકાત પણ લીધી હતી. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાથે પણ બેઠક કરી હતી. બપોરબાદ તેમણે ગાંધીનગર નજીક આવેલા ગીફ્ટ સીટી પરિસરની



મુલાકાત લીધી હતી. ગીફ્ટ સીટીની મુલાકાત દરમ્યાન તેમણે ગીફ્ટ હાઉસ ખાતે એક બેઠક કરીને ગીફ્ટ સીટીના વિવિધ આયામો અને ભવિષ્યના પ્લાનીંગની માહિતી મેળવી હતી. ત્યારબાદ ડેકિન યુનિવર્સીટીની મુલાકાત લીધી હતી. ત્યાં ચાલતાં વિવિધ અભ્યાસ ક્રમોની માહિતી મેળવી હતી. સમગ્ર યુનિવર્સીટીની મુલાકાત લઇને અહીંના વાતાવરણ અને અભ્યાસની પધ્ધતિઓથી વાકેફ થયા હતા. નાયબ વડાપ્રધાન વિન્સ્ટન પીટર્સે ઓટોમેટેડ વેસ્ટ કલેકશન પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી. આ પ્લાન્ટની યુટિલીટી ટનલ, સેન્ટર વેસ્ટ હેન્ડલીંગ ફેસેલીટી, બિલ્ડીંગ વેસ્ટ ફીડીંગ સિસ્ટમ જેવી વિવિધ બાબતોની કાર્યપધ્ધતિથી વાકેફ થયા હતા. તેમજ આ પ્લાન્ટની રસપ્રદ માહિતી પણ મેળવી હતી. તેમણે આ મુલાકાત દરમ્યાન ગીફ્ટ ડિસ્ટ્રીકટ કુલીગ પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી.

# કુંવરપરા ગામમાં જમીનની અદાવાતે મારામારીમાં સામ સામી ફરિયાદ : કુલ ૧૦ સામે ગુનો દાખલ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના કુંવરપરા ગામમાં જમીન બાબતે બે પક્ષો વચ્ચે મારામારી નું ઘટના બનતા સામ સામી ફરિયાદ થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર પ્રથમ ફરિયાદ સૌરવભાઈ મણીલાલભાઈ વસાવા રહે-કુંવરપરા નવી વસાહત નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેમને તથા અન્યોને (૧) વિરભદ્રસિંહ નગીનભાઇ વસાવા (૨) નિરંજભાઈ નગીનભાઈ વસાવા (૩) હાર્દિકભાઇ નગીનભાઇ વસાવા (૪) નગીનભાઇ ગેરીયાભાઈ વસાવા તમામ રહે.કુંવરપરા તા.નાંદોદ ઓએ જમીન બાબતની અદાવત રાખી બોલા-ચાલી કરી ગાળો આપી નગીનભાઇ તથા નિરંજનભાઈ અને હાર્દિકભાઇ એ પકડી રાખી વિરભદ્રસિંહ ઉર્ફે ભદ્રેશભાઈએ લાકડાના સપાટા મારી તથા મોઢાના ભાગે મુકો મારી તેમજ શરીરે ગેભી માર માર માર્યો હતો. જ્યારે સામા પક્ષે વિરભદ્રસિંહ નગીનભાઇ વસાવા, રહે. કુંવરપરા બસ સ્ટેશન ફળીયું નાઓ એ આપેલી ફરિયાદ મુજબ (૧) સૌરવભાઇ મણીલાલભાઇ વસાવા (૨) કૃષ્ણપાલ મણીલાલભાઇ વસાવા (૩) પ્રિયંકભાઇ મણીલાલ (૪) લીલાબેન મણીલાલ વસાવા (૫) ઝીંનલબેન પ્રિયંકભાઇ વસાવા (૬) મણીલાલ ગેરીયાભાઇ તમામ રહે.કુંવરપરા તા.નાંદોદ જી.નર્મદા નાઓ એ એક સંપ થઇ ગેકા મંડળી બનાવી પાઈપ તથા લાકડી લઈ આવી તેમને પાઈપ તથા લાકડી વડે તેમજ ઢીકા-પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તેમજ મણીલાલ ગેરીયાભાઇ વસાવા નાઓએ તેમના પિતાને પણ ગાળો આપી મારવાની ધમકીઓ આપી ગુનો કરતા રાજપીપળા પોલીસે બંને પક્ષો ની ફરિયાદ ના આધારે કુલ દસ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# રાજુલા પ્રાંત કચેરી ખાતે ખેડૂત કલ્યાણ સંગઠન દ્વારા એન્ડોએશીયા કોપર પ્લાન્ટ રદ કરવા આવેદનપત્ર

કિશોર આર. સોલંકી જાફરાબાદ : અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકાના લોઠપુર-લુણસાપુર પાસે ઈન્ડોએશીયા

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન
વિવિધ ઈલેક્ટ્રિકલ કામ
ઈ-ટેન્ડર નોટીસ નં. સિની.ડીઈઈ/એડીઆઈ/54 (23-24) તા.06-03-2024. અનું નં.1: ટેન્ડર નં. ઈએલ-50-1-એડીઆઈ-ટી-104-2023-24 કામનું નામઃ અમદાવાદ રેલવે સ્ટેશનના PF નં. 1 ઉપર અધિકારીઓના વિશ્રામગૃહમાં 05 વર્ષોના સમયગાળા માટે ભાડાના ધોરણે 1.5 ટન ક્ષમતાના સ્પ્લિટ ટાઈપ 13 નંગ AC યુનિટ્સ અને 02 ટન ક્ષમતાના સ્પ્લિટ ટાઈપ 05 નંગ AC ના સ્પ્લિટ AC યુનિટ્સની જોગવાઈ કરવાના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. અંદાજીત પડતરઃ ₹ 14,05,500/-, અર્નેસ્ટ મનીઃ ₹ 28,100/-. અનું નં.2: ટેન્ડર નં. ઈએલ-50-1-એડીઆઈ-ટી-105-2023-24 કામનું નામઃ ગાંધીધામ - M&P પ્રોગ્રામના રોટરી સ્ક્રુ ઈલેક્ટ્રિક સંચાલિત 300 CFM એર કોમ્પ્રેસર સહિતના સમાવેશના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. અંદાજીત પડતરઃ ₹ 7,00,014/- અર્નેસ્ટ મનીઃ ₹ 14,000/-, બધા ટેન્ડરો માટેઃ ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ તા.02-04-2024 ના 15:00 કલાકે તે પછી નહિં અને તા.02-04-2024 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. વેબસાઈટ : www.ireps.gov.in ADI-297
અમને ફોલો કરો: twitter.com/WesternRly




કોપર પ્લાન્ટ લિ.કંપની મહા વિનાશકારી કોપર પ્લાન્ટ નાખી રાજુલા અને જાફરાબાદ તાલુકા ૫૦ થી વધારે ગામોને ભયકંર નુકશાન થવાનુ છે તેથી આ કોપર પ્લાન્ટ યુધ્ધના ધોરણે રદ કરવા બાબતે આવેદનપત્ર જીલ્લાના જાફરાબાદ-રાજુલા તાલુકા પાસે ઈન્ડોએશીયા કોપર પ્લાન્ટ કંપની દ્વારા મહાકાય કોપર પ્લાન્ટ નાખવાની વેતરણ ચાલે છે તે તમામ પ્રકારના નીતી નીયમોનો ભંગ કરીને બને છે તેનાથી રાજુલા અને જાફરાબાદ તાલુકાના ગામડાઓ ખતમ થશે તેથી આ કોપર પ્લાન્ટ કાયમી ધોરણે રદ કરવો (૧) આ વિસ્તારમા એશીયાટીક સિંહોનો કાયમી વસવાટ છે.રાષ્ટ્રીય પક્ષી મોર,ગીધ વિગેરે શેડ્યુલ વનમા આવતા પ્રાણી,પક્ષી મોટા પ્રમાણમા છે તેમજ જંગલ ખાતુ જંગલી પ્રાણીઓ કે જંગલ વિસ્તારમાં સામાન્ય માણસો સામાન્ય ભુલ કરે તો સખત સજાઓ અને દંડ કરે છે અને આવા વિનાશકારી કોપર પ્લાન્ટમા જંગલ ખાતુ ચુપ કેમ તે અક્ષ પ્રશ્ન છે(૨) આજથી ૩૦+૩૫ વર્ષ પહેલાં આજ વિસ્તારમા નાનો કોપર પ્લાન્ટ આવતો હતો છતા તે સમયના ધારાસભ્યશ્રી સ્વઃ પ્રતાપભાઇ વરૂ,ઇસુબભાઇ દરબાન જી.સદસ્ય (જાફરાબાદ) જોરૂભાઇ ધાખડા તા.સદસ્ય (ઉચૈયા) વિનુભાઇ દુધાત કિસાન સંઘ પ્રમુખ (તાકુડા) વીરાભાઇ ધાખડા (લોઠપુર) વિગેરે અનેક આગેવાનોએ લોકોના મત અને વતન પ્રેમની કદર કરી ચુટાયેલા પ્રતિનીધી હોવા છતાં તે સમયે કોપર પ્લાન્ટનો સખત વિરોધ કરી બંધ રખાવેલ તે લોક પ્રતિનીધીઓની મહાનતા વંદનને પાત્ર છે જ્યારે આજે તે સમયના કોપર પ્લાન્ટ કરતા અનેક ગણો મોટો કોપર પ્લાન્ટ આવે છે.

# વિધાર્થીને પરિક્ષા કેન્દ્ર પર સમયસર પહોંચાડતા રાજુલા પોલીસ ઇન્સ્પેક્ટર જે.ગીડા.સાહેબ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

રાજુલા શહેર ખાતે ધોરણ ૧૦ અને ૧૨ પરિક્ષા આજરોજ થી શરુ થયેલ હોય અને સવાર ના ૧૦/૩૦ વાગ્યે એક વિદ્યાથીની યુનિફોર્મ મા સાથે પરિક્ષા ની રિસીફ લઈ સ્કુલ બાબતે પુછપરછ કરતી હોય તે દરમ્યાન રાજુલા પોલીસ સ્ટેશન ના પોલીસ.ઈન્સ્પેકટર આઈ. જે.ગીડા નાઓ પરિક્ષા બંદોબસ્ત અર્થ પેટ્રોલીંગ મા હોય અને આ વિદ્યાર્થીની ધ્યાન મા આવતા તેનુ પરિક્ષા કેન્દ્ર ગુરુકુળ છતડીયા રોડ હોય જેથી તાત્કાલીક સરકારી બોલેરો મા બેસાડી વિદ્યાર્થીની ને પરિક્ષા કેન્દ્ર પર સમયસર પહોંચાડતા વિદ્યાર્થિની ના વાલી દ્વારા પોલીસનો આભાર વ્યક્ત કરેલ છે.



# સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા અમદાવાદ ઝોન હેઠળ મહિલા દિવસનું આયોજન કરવામાં આવ્યું




અમદાવાદ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, ૮ માર્ચ ૨૦૨૪, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદ ઝોન હેઠળ કાર્યરત તમામ રીજનમા મહિલા દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રે સફળતા મેળવનાર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે મહિલાઓને લગતી બૅન્કની યોજનાઓનો વ્યાપક પ્રચાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સુકન્યા સમૃદ્ધિ યોજનાને લગતી યોજનાનો પણ બહોળો પ્રચાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહિલાઓને લગતા સ્વ-સહાય જૂથોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે "વોક ફોર હર" ડ્રાઈવ આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવી રહી છે, જે અંતર્ગત ૫૦૦૦ પગલાં ચાલવા પર એક મહિલાને મફત કેન્સર ચેકઅપની સુવિધા આપવામાં આવે છે. ઝોનલ હેડ, શ્રીમતી કવિતા ઠાકુરના નેતૃત્વમાં, અમદાવાદ રિજનલ હેડ શ્રી હિમાંશુ ગુપ્તા, ગાંધીનગર રિજનલ હેડ શ્રી ચંદન ઝાના નેતૃત્વમાં સ્ટાફના સભ્યોએ આ અભિયાનમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને તેને સફળ બનાવ્યો હતો.

## સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા બાઈક ગટરમાં ખાબકી...

બારડોલી : ઓલપાડ તાલુકાના કીમ ગામના રેલવે ફાટક નજીક સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા બાઈક ખુલ્લી ગટરમાં ખાબકી હતી. સ્થાનિકોએ ગટર પડી ગયેલ બાઈક સવાર બે યુવકોને બહાર કાઢી નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કીમ ગામે મોડી રાત્રે બે યુવકો બાઈક લઈને કીમ ચાર રસ્તાથી કીમ ગામ તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન પોતાની બાઈક પૂરઝડપે ચલાવતા બાઈક ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. બાઈક ઊંડી ખુલ્લી ગટરમાં ખાબકી ગઈ હતી. બાઈક ખાબકી હોવાનો અવાજ સાંભળી આજુબાજુમાં પસાર થઈ રહેલ સ્થાનિક યુવકો તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા અને બંન્ને યુવકોને ગટરમાંથી બહાર કાઢ્યા હતા. ગટરનું પાણી બન્ને યુવકોના મોઢામાં ઘુસી જતા તેઓ.ઉલ્ટી કરવા લાગ્યા હતા અને નાની મોટી ઈજાઓ થઈ હતી. જેથી તાત્કાલિક હાજર લોકોએ બન્ને યુવકોને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. સદનસીબે સ્થાનિકો યુવકો તાત્કાલિક સ્થળ પર પહોંચી જતા બન્નેનો આબાદ બચાવ થયો હતો. ત્યારે તંત્ર વહેલી તકે આ ખુલ્લી ગટર બંધ કરે એ હાલ જરૂરી બન્યું છે.

કીમ ગામના રેલવે ફાટક નજીક સ્થાનિકોએ ખુલ્લી ગટરમાં પડી ગયેલ બે યુવકોને બહાર કાઢી નજીકની હોસ્પિટલમાં લઈ ગયા

## સાવરકુંડલાના જાંબુડા ગામે સાંસારિક સમસ્યાથી યુવાને કર્યો આપઘાત



સાવરકુંડલા : અહી બાજુમાં આવેલા નવાગામ જાંબુડા ગામે ચાર સંતાનોની માતા પારકા પુરૂષ સાથે આડા સંબંધ ધરાવતી હોવાથી એમના પ્રેમમાં પાગલ બનીને જો નાસી જશે તો બાળકો અને પરિવાર રખડી પડશે એવા સતત વિચારો અને સાંસારિક સમસ્યાથી કંટાળી જઈ એક યુવાને ઝાડ સાથે ગળાફાસો ખાઈ લેતા મોત નીપજ્યું છે.
બનાવની વધુ વિગત મુજબ નવાગામ જાંબુડામાં રહેતા રાઘવભાઈ ગોવિંદભાઈને સાંસારિક સમસ્યા એવી હતી કે એમને એવો શક રહેતો હતો કે એની પત્ની અન્ય પુરૂષના પ્રેમમાં ગળાડૂબ છે. અને એ અન્ય પુરૂષ સાથે ભાગી જશે તો પરિવાર અને ચાર બાળકો નિરાધાર બની જશે આથી આ વિચાર વમળથી ત્રસ્ત થઈને પોતાના ઘર પાસે આવેલા ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતા એમનું મોત નીપજ્યું હતું. આમ એક્સ્ટ્રા મેરિટલ રીલેશનમાં બાળકોએ માતા અને પિતા ગુમાવી દેવાની ઘટના સામે આવી છે.

## NEWS BRIEF

### ડભોઈના પલાસવાડા રેલવે ફાટક નજીકથી દારૂ સાથે ૨ ઝડપાયા

ડભોઇ :ડભોઇ પોલીસને બાતમી મળી હતી કે એક ટાટા કંપનીની સફેદ કલરની નેનો ગાડીમાં ૨ ઈસમો વિદેશી દારૂનો જથ્થો ભરી છોટાઉદે પુર તરફથી ડભોઇ વેગા ચોકડી થઇ વડોદરા તરફ જનાર છે. જેના આધારે ડભોઇ પોલીસે પલાસવાડા રેલવે ફાટક પાસે વોચ રાખી હતી. દરમિયાન બાતમી મુજબની નેનો ગાડી આવતાં તેને રોકી ૨ની ધરપકડ કરી હતી. જેમાં ફીરોજ યાકુબભાઇ દિવાન ઉ.વ.૩૯ રહે. મેમણ કોલોની, મદીના એપાર્ટમેન્ટ, આજવા રોડ, વડોદરા અને મહંમદઇશાક ઉર્ફે લાલો મહંમદસીદીક દુધવાલા ઉ.વ.૪૬ રહે.યાકુબપુરા મીનારા મસ્જિદની સામે મદલી માસ્ટરનો ખાંચો, વડોદરાનો સમાવેશ થાય છે. પોલીસે નેનો ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની પ્લા.ની બોટલો તથા કવાર્ટર તથા બીયર ટીન મળી કુલ નંગ-૯૬૮ કિંમત રૂા.૧,૮૭,૬૦૦ તથા મોબાઇલ તેમજ નેનો ગાડી જેની કિં.રૂા.૫૦ હજાર મળી કુલ કિં. રૂા.૨,૩૮,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી તપાસ હાથ ધરી છે.

### સેનાના પૂર્વ મેનેજરનો ૧.૫૮ લાખનો મોબાઈલ મંદિરમાં દર્શન કરતાં ચોરાયો

વડોદરા : શિવરાત્રીના દિવસે પૂર્વ આર્મી મેનેજર પરિવાર સાથે કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં દર્શન કરવા માટે ગયા હતા, તે દરમિયાન તેમનો ૧.૫૮ લાખનો મોબાઈલ ચોરી થતાં તેઓએ આ બાબતે નવાપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.
તરસાલી વિસ્તારમાં આવેલી નોવિનો બેટરી કંપની પાસે આવેલા પરિશ્રમ ડુપ્લેક્ષમાં રહેતા રમાકાંન્ત તિવારી પરિવાર સાથે શુક્રવારે શિવરાત્રી હોવાને કારણે સવારે કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. શિવરાત્રી હોવાને કારણે મંદિરમાં ભીડ હતી અને દર્શન કરવા માટે લાઈન લાગી હતી. જેથી રમાકાન્તભાઈ પણ પરિવાર સાથે લાઈનમાં ઉભા હતા. ૮ વાગ્યાના અરસામાં તેઓનો નંબર આવ્યો હતો. દર્શન કરતા સમયે તેઓએ તેમનો મોબાઈલ શર્ટના ખિસ્સામાં રાખ્યો હતો.
દર્શન કર્યા બાદ તેઓ જ્યારે તેમનો મોબાઈલ લેવા ગયા ત્યારે તેમના ખિસ્સામાં મોબાઈલ હતો નહીં. મોબાઈલ બાબતે તેઓએ મંદિરમાં તપાસ પણ કરી હતી. જોકે તેઓને મોબાઈલ મળી આવ્યો નહોતો. મોબાઈલની અંદાજીત કિંમત ૧.૫૮ લાખ રૂપિયા ગણવામાં આવી હતી.

## સુરતમાં બોર્ડની પરીક્ષા પહેલાં હાથમાં ઇન્ફેક્શન



**સુરત :** સુરતના કામરેજમાં ધોરણ ૧૦ની વિદ્યાર્થિનીને જમણા હાથમાં ઈન્ફેક્શન થઈ ગયું હતું. સોમવારથી એટલે કે આજથી બોર્ડની પરીક્ષા ચાલુ થાય છે ત્યારે એક દિવસ પહેલાં તેના જમણા હાથમાં ઈન્ફેક્શન થઈ જતાં હાથ આખો સૂજી ગયો હતો. જેથી વિદ્યાર્થિની ડરી ગઈ હતી અને તણાવમાં આવી ગઈ હતી. જેથી તે સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે આવી હતી. જાહેર રજાનો દિવસ હોવા છતાં મેડિકલ ઓફિસરે ઘટનાને ગંભીરતાથી લઈને તાત્કાલિક ઈર્સ્ને જાણ કરી હતી. જેથી ઈર્સ્ હોસ્પિટલે દોડી આવ્યા હતા. ત્યાર બાદ કોમ્પ્યુટર ઓપરેટરને બોલાવી વિદ્યાર્થિનીને સર્ટિફિકેટ બનાવી આપ્યું હતું. જેથી વિદ્યાર્થિની ફ્રઈમાં પોતાના રાઈટર માટે રજૂઆત કરી શકશે.
મળતી માહિતી પ્રમાણે નર્મદા જિલ્લાના શાકભારા તાલુકાના ભગવોડ ગામમાં સુરેશભાઈ વસાવા બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને ખેતીકામ કરે છે. સુરેશભાઈના સંતાન પૈકી ૧૫ વર્ષીય અર્ચના નામની દીકરી કામરેજ ટીમ્બા ખાતે કન્યા છાત્રાલય આશ્રમમાં બે વર્ષથી રહે છે અને ત્યાં ધોરણ ૧૦મા અભ્યાસ કરે છે. અર્ચનાને શનિવારે બપોરે જમણા હાથમાં થોડું સુજન જેવું લાગતું હતું. જેથી તે કામરેજના આરોગ્ય કેન્દ્રમાંથી દવા લઈને આવી હતી.
રવિવારે સાંજે અચાનક અર્ચનાના હાથમાં સુજન વધી ગઈ હતી. સુજનને કારણે અર્ચના સોમવારથી ચાલુ થતી ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષામાં લખી શકે તેમ નથી અને તે તણાવમાં આવી ગઈ હતી. જેથી આશ્રમના શિક્ષકો તેને સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા, પરંતુ રવિવારનો દિવસ હોવાથી જાહેર રજા હતી. જેથી અર્ચનાને હાથનું સર્ટિફિકેટ મળી શકે તેમ ન હતું. સર્ટિફિકેટ વગર અર્ચના **DEO** તેમજ જે તે સ્કૂલમાં રાઈટર માટે રજૂઆત પણ કરી નહિ શકે જેથી તેનું ભવિષ્ય બગડે તેમ હતું. ઘટનાની જાણ મેડિકલ ઓફિસર ડો. પ્રિયંકા અને ડો. તેજસ ચૌધરીને થતાં તેઓએ ગંભીરતા જોઈ હોસ્પિટલના આરએમઓને જાણ કરી હતી. જેથી આરએમઓ ડો. કેતન નાયક હોસ્પિટલે દોડી આવી ઓપરેટરને બોલાવ્યો હતો. તેમજ સર્જરી ડોક્ટરના બે કલાકના પરીક્ષણ બાદ તેણીને સારવાર આપવાની સાથે સર્ટિફિકેટ બનાવી આપ્યું હતું.

## થાનગઢમાં એ. એસ. આઈના ઘરમાં ૩.૮૭ લાખની ચોરી

ચોટીલા : સુરેન્દ્રનગર જીલ્લામા કાયદો વ્યવસ્થા સામે અનેક સવાલો સર્જાયાં છે ત્યારે સિરામિક નગર થાનગઢમાં રહેતા નિવૃત પીએસઆઈ પરિવાર સાથે બહાર ગામ ગયેલ અને બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ત્રણ લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરી જતા તસ્કર ટોળકીનો ફફડાટ ફેલાયો છે, અહી નાઈટ પેટ્રોલિંગના મજબુત દાવાઓ વચ્ચે તસ્કરોએ પોલીસને પડકાર ફેક્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ થાનગઢનાં ધોળેશ્વર પ્લોટ ખાતે રહેતા નિવૃત વાયરલેસ પીએસઆઈ સમીરભાઇ દિવ્યકાંતભાઇ મુનશી ગત તા. ૭/નાં બપોરે તેમની પત્ની અલ્કાબેન સાથે શિવરાત્રી નિમિત્તે ઘરને તાળુ મારી પાટણ ખાતે મહોત્સવમાં ગયેલા હતા. અને ત્યાંથી પરત અમદાવાદ ખાતે સંબંધી પરિવારમાં જન્મ દિવસ ઉજવીને તા. ૧૦/૩ ના પરત થાનગઢ આવતા મકાન ખોલતા ઓસરીના રૃમના દરવાજાનું તાળું જોવા નહીં મળતા અજુગતું જણાતા ખોલી ને જોતા કબાટ સરસામાન વેર વિખેર પડેલ હતો. થાનગઢમાં નિવૃત પીએસઆઈ ના મકાનમાં પોણા ચાર લાખ થી વધુની ચોરીનો બનાવ બનતા લોકોમાં તસ્કરોનો ફફડાટ ફેલાયો છે .તેમજ છાસવારે બનતી આવી ઘટનાઓ પાછળ નાઇટ ડયુટી ખાલી કાગળ ઉપર રહેતી હોવાની ચર્ચા સાથે લોકો કડક પેટ્રોલીંગ ઇચ્છી રહ્યા છે.

### સયાજી હોસ્પિ.ના કોલ્ડરૂમમાં ૬ યુનિટમાંથી ૪ બંધ, એક બેરેકમાં બે મૃતદેહનો વીડિયો...

## મૃત્યુ પછી પણ જગ્યા નથી મળતી: વડોદરામાં વિકાસની વાતો વચ્ચે કડવી વાસ્તવિકતા

વડોદરા : વડોદરા જિલ્લા અને મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલ અનેક સુવિધાઓથી સુસજ્જ છે, પરંતુ મૃતદેહોને સાચવવા માટે મૂકવામાં આવતા કોલ્ડરૂમમાં જાણે જગ્યા જ ન હોય તેવા એક બેરેકમાં બબ્બે મૃતદેહો હોવાનો વીડિયો સામે આવ્યો છે. આ અંગે જાણકારી લેતા અહીં ૬ કોલ્ડસ્ટોરેજ છે. જેમાં એકમાં ૬ મૃતદેહો મૂકી શકાય છે, પરંતુ ચાર કોલ્ડસ્ટોરેજ બંધ હાલતમાં છે અને માત્ર ૨ ચાલી રહ્યા છે. તેમાં પણ એકના બદલે બે-બે મૃતદેહોને મૂકવામાં આવતા તંત્ર સામે અનેક સવાલો ઊભા થઇ રહ્યા છે.
વિકાસની વાતો વચ્ચે આ કડવી વાસ્તવિકતા સામે આવી છે કે વડોદરા શહેર શા માટે વિકાસમાં પાછળ રહી ગયું છે. સયાજી હોસ્પિટલમાં કોલ્ડરૂમમાં રોજના અનેક મૃતદેહો આવતા હોય છે. જે પરિવારનાં સ્વજનો બહાર હોય ત્યારે આ મૃતદેહોને કોલ્ડસ્ટોરેજમાં મૂકવાની ફરજ પડતી હોય છે. ત્યારે જો આ રીતે કોલ્ડસ્ટોરેજમાં જ જગ્યા ન હોય ત્યારે સ્વાભાવિક છે કે મૃતક વ્યક્તિને





મર્યા પછી પણ જગ્યા નથી મળતી. આ કોલ્ડરૂમમાં અગાઉથી જ ત્રણ જેટલાં યુનિટ બંધ હતાં અને અન્ય એક બંધ થતા મૃતદેહોને મૂકવામાં ખૂબ જ મુશ્કેલી સામે આવી રહી છે. એક જ બેરેકમાં બે-બે મૃતદેહો સાચવવામાં આવ્યા હોય તેવા વીડિયો દિવ્ય ભાસ્કરને મળ્યા છે. આ વીડિયોમાં સ્પષ્ટ થાય છે કે તંત્ર કેટલું ગંભીર છે. અહીંયાં રોજના અનેક મૃતદેહો આવતા હોય છે. સાંજે ૬ વાગ્યા પછી પોસ્ટમોર્ટમ કરવામાં આવતું નથી. સાંજ પછી જે કોઈ મૃતદેહો આવે છે, તે તમામનું પોસ્ટમોર્ટમ કરવામાં આવે છે.
વડોદરા શહેરની સયાજી હોસ્પિટલમાં તાજેતરમાં દેશના વડાપ્રધાન દ્વારા બે હોસ્પિટલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યારે આ રીતે તંત્રની લાલિયાવાડી સામે આવી છે. તાજેતરમાં જ રાજ્યના મુખ્યમંત્રીએ ટકોર કરી હતી કે અમદાવાદ અને સુરત વચ્ચે વિકાસમાં વડોદરા શા માટે પાછળ રહી ગયું છે. ત્યારે આ પરથી સ્પષ્ટ થાય છે કે જવાબદારોએ પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવવી જોઈએ. કોઈ વ્યક્તિના પરિવારમાં કોઈનું મૃત્યુ થાય અને આ રીતે એકમાં બે મૃતદેહો સાચવવામાં આવે તે કેટલું યોગ્ય છે.
આ અંગે સયાજી હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ રંજન ઐયરે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, હાલમાં કોલ્ડરૂમમાં ૬ યુનિટ છે. જેમાં ૪ બંધ અને ૨ ચાલી રહ્યા છે. આ બંધ યુનિટોને રિપેર કરવાની કામગીરી ચાલી રહી છે. આ યુનિટો ૧૦ વર્ષ જૂનાં હોવાથી વારંવાર રિપેર કરવા પડે છે અને ૨૪ કલાક કાર્યરત હોઈ ક્ષતિઓ આવતી હોય છે. ૬માંથી બેની સ્થિતિ ખૂબ જ ખરાબ છે, જે રિપેર કરવા ખૂબ મોંઘા પડે તેમ છે. અમે આ બાબતે કામગીરી કરી રહ્યા છીએ અને સરકાર પાસે નવા યુનિટની માંગણી કરી રહ્યા છીએ.

### સેવાભાવી સંસ્થાઓ પાસેથી મદદ માંગીશું

મૃતદેહોનાં પોસ્ટમોર્ટમ ફોરેન્સિક વિભાગ કરતો હોવાથી કામગીરી સારી જ ચાલી રહી છે. અહીંયાં સર્વન્ટ મળતા નથી અને હોય છે તે પણ જરૂરિયાત પ્રમાણે કામ કરી શકતા નથી. આ બાબતે અમે સરકાર પાસે યુનિટની માંગણી કરીશું અને નહિ મળે તો સેવાભાવી સંસ્થાઓ પાસેથી મદદ માંગીશું.

## હિટ એન્ડ રનના બનાવમાં કોસ્ટગાર્ડ કર્મીનાં પત્નીનું મોત

**પોરબંદર :** બેફામ સ્પીડે વાહન ચલાવતા શખ્સો આડેધડ વાહનો ચલાવીને અકસ્માત સર્જી નિર્દોષ લોકોનો ભોગ લઇ રહ્યા છે ત્યારે ધરમપુરના પાટીયા પાસે હીટ એન્ડ રનની ઘટનામાં કોસ્ટગાર્ડ કર્મચારીના પત્નીનું મોત નીપજયુ છે. ધરમપુરના પાટીયા નજીક કોસ્ટગાર્ડ રેસીડેન્સીઅલ એરીયામાં રહેતા વૈશરામ પ્રકાશસિંહ થામ્બોસીંહ નામના યુવાન છેલ્લા ૩ વર્ષથી પોરબંદર કોસ્ટગાર્ડમાં અધિકારી તરીકે ફરજ બજાવે છે. તે નોકરીના કામથી તા.૩ના મુંબઇ ગયા હતા અને પત્ની વૈશરામ ઓગ્લી બીજેન્તી દેવી (ઉ.વ.૩૪) ધરમપુરના પાટીયા પાસે નેશનલ હાઇ-વે ક્રોસ કરીને સામે આવેલ ગ્રોસરી સ્ટોલ ખાતે માલસામાન લેવા ગયા હતા, જ્યાંથી પરત ફરતા હતા ત્યારે ડીવાઇડરમાંથી રોડ ઉપર આવીને ક્રોસ કરતા હતા એ દરમ્યાન ટોલપ્લાઝા તરફથી બેફામ સ્પીડે આવેલી કારના ચાલકે ફરીયાદીના પત્નિને હડફેટે લઇને કાર ત્યાં જ રેઢી મુકી નાસી ગયો હતો. લોકોના ટોળા એકઠા થઇ જતાં અને કોસ્ટગાર્ડના કર્મચારીઓ એકત્ર થઇ જતાં હોસ્પિટલ ખાતે મહીલાને લવાઇ હતી .

## પરિણીત પ્રેમી અને અપરિણીત પ્રેમિકા એક હુકમાં દોરીના બંને છેડે લટકી ગયા

### એક મહિના પહેલા રાજસ્થાનથી ભાગીને સુરત આવ્યા હતા

સુરત : સુરતના પુણા વિસ્તારમાં પ્રેમી પંખીડાએ ફાંસો ખાઈને આપઘાત કરી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પરિણીત પ્રેમી અને અપરિણીત પ્રેમિકા એક મહિના પહેલા રાજસ્થાનથી ભાગીને સુરત આવ્યા હતા. ત્યારબાદ ગત રાત્રે અગમ્ય કારણોસર બંને એક જ હુંકમાં દોરી બાંધી દોરીના બંને છેડે લટકી ગયા હતા. હાલ તો બંનેના આપઘાતનું કારણ સામે આવ્યું નથી. જોકે, આપઘાત કરતા પહેલા યુવકે પોતાની બહેનને હુંકમાં દોરી બાંધી હોય તેવો ફોટો મોકલ્યો હતો. મળતી માહિતી પ્રમાણે, મૂળ રાજસ્થાનના અને સુરતના પુણા વિસ્તારમાં આવેલા ચોક ખાતે આવેલી બીવી પાર્ક સોસાયટીમાં હુકમસિંહ અમરસિંહ ચુંડાવત રહેતો હતો. પરિવાર વતન રાજસ્થાનમાં રહે છે. હુકમસિંહના ૧૬ વર્ષ પહેલા લગ્ન થયા હતા અને લગ્નગાળામાં બે સંતાન પણ છે. અઢી વર્ષ પહેલા સંબંધીની દીકરી અનમોલ સાથે હુકમની આંખ મળી ગઈ હતી. હુકમસિંહ અને અનમોલ વચ્ચે છેલ્લા બેથી અઢી વર્ષથી પ્રેમસંબંધ છે. હુકમસિંહ પરિણીત અને બે સંતાનનો પિતા હતો. જ્યારે અનમોલ અપરિણીત છે. એક મહિના પહેલા હુકમ અને અનમોલ બંને રાજસ્થાનથી ભાગીને સુરત આવી ગયા હતા. હુકમસિંહ રાજસ્થાનમાં મોબાઈલની દુકાન ચલાવતો હતો અને સુરતમાં લોટ દળવાની ઘંટીનો ધંધો શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. હુકમસિંહ અને અનમોલ ભાગી જવાના કારણે પરિવારે પણ તેમનો સંપર્ક છોડી દીધો હતો. જોકે, હુકમસિંહ સાથે તેની બહેનો સંપર્કમાં હતી. દરમિયાન ગતરોજ હુકમે તેની બહેનને હુક સાથે દોરી બાંધી હોવાનો એક ફોટો મોકલ્યો હતો. ત્યારબાદ તેણે ફોન સ્વીચઓફ કરી દીધો હતો. બહેને ફોટો જોયા બાદ ભાઈનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે સંપર્ક થઈ શક્યો નહોતો.
હુકમસિંહની એક બહેન અને જીજાજી સુરતમાં જ રહે છે. તેમને જાણ થતાં તેઓ હુકમસિંહના ઘરે પહોંચ્યા હતા. ત્યાં દરવાજો ખખડાવવા છતાં કોઈએ ખોલ્યો નહોતો. આથી પોલીસ કંટ્રોલમાં જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી દરવાજો તોડીને અંદર પ્રવેશ કરતા હુકમ અને અનમોલ સાથે બાંધેલી દોરીના બંને છેડે લટકતા હોવાનું સામે આવ્યું હતું.
બંનેના મૃતદેહને નીચે ઉતારીને ફિમેલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા છે અને હુકમસિંહના પરિવારના નિવેદન પણ નોંધ્યા છે. જ્યારે અનમોલના પરિવારને ટેલિફોનિક જાણ કરવામાં આવી છે. હુકમસિંહના મૃતદેહને રાજસ્થાન લઈ જવામાં આવશે.

### કોઈના માથા ફૂટ્યા તો કોઈના હાથ-પગ તૂટ્યા: ૧૨ ઇજાગ્રસ્તો હોસ્પિટલના બિછાને

## ડભોઇમાં એક જ કોમના પાડોશીઓ વચ્ચે અથડામણ

વડોદરા : જિલ્લાના ડભોઇ નાગરવાડા અંબામાતાના મંદિર પાસે રહેતા એક જ કોમના બે પાડાશીઓ વચ્ચે મોડી રાત્રે હિંસક અથડામણ થઇ હતી. મકાનના બાંધકામ બાબતે પાડોશીઓ વચ્ચે થયેલી મારા-મારીમાં ૧૨ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોમાં પને ગંભીર ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું. મોડી રાત્રે બનેલો આ બનાવ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તે પહેલાં પોલીસ સ્થળ પર દોડી જઇ મામલો થાડે પાડ્યો હતો. આ બનાવને પગલે નગરમાં ચકચાર મચી ગઇ હતી.
ડભોઇ પોલીસે જણાવ્યું હતું કે, ડભોઇ નાગરવાડા અંબામાતાના મંદિર પાસે રહેતા મોહસીન ઉર્ફ કે સિંકદરભાઈ ટોલ્લાવાલા પરિવાર સાથે રહે છે. તેઓના મકાનનું બાંધકામ ચાલી રહ્યું છે. આ મકાનના બાંધકામ બાબતે પાડોશી પરિવાર મેહફૂઝ ઉર્ફ યાદવ રસુલભાઈ ઘાંચી વચ્ચે છેલ્લા કેટલાંક દિવસથી ઝઘડો ચાલી રહ્યો છે. મોડી રાત્રે છેલ્લા કેટલાંક સમયથી ચાલી રહેલા ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને બંને જૂથો લોખંડની પાઇપો, લાકડીઓ સાથે આમને-સામને આવી ગયા હતા. એકબીજા ઉપર હુમલો કર્યો હતો.
બંને જૂથ વચ્ચે મારક હથિયારો સાથે થયેલી હિંસક અથડામણમાં કોઇના માથાં ફૂટ્યા તો કોઇના હાથ-પગ તૂટ્યા. તો કોઇને શરીરના અન્ય ભાગોમાં ઈજાઓ થઇ હતી. આ અથડામણમાં મોહસીન ઉર્ફ કે સિંકદરભાઈ ટોલ્લાવાલા, લિયાકતભાઈ, જમીલાબહેન, મેહફુઝ ઉર્ફ યાદવ રસુલભાઈ ઘાંચી સહિત બંને જૂથના ૧૨ જેટલા લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોમાં પને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. મોડી રાત્રે બનેલા આ બનાવને પગલે નાગરવાડા અંબામાતા મંદિર વિસ્તારમાં લોકો ઘરની બહાર આવી ગયા હતા. વિસ્તારમાં લોકોના ટોળેટોળાં એકઠા થઇ ગયા હતા. એક જ કોમના બે પાડોશી વચ્ચે થયેલી હિંસક અથડામણના પગલે વિસ્તારમાં સન્નાટો છવાઇ ગયો હતો. બીજી બાજુ આ બનાવની જાણ ડભોઇ પોલીસને થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળ પર દોડી ગયો હતો. પાડોશીઓ વચ્ચે થયેલી અથડામણનો મામનો થાડે પાડ્યો હતો.
દરમિયાન આ બનાવ અંગે ડભોઇ નાગરવાડા અંબામાતાના મંદિર પાસે રહેતા મોહસીન ઉર્ફ કે સિંકદરભાઈ ટોલ્લાવાલા પરિવાર સાથે રહે છે. તેઓએ ફરિયાદ આપી છે કે, તેઓના મકાનનું બાંધકામ ચાલી રહ્યું છે. તે સમયે પાડોશમાં રહેતા ઐયુબ ઈબ્રાહિમ ઘાંચી, સાહિલ ઐયુબભાઈ ઘાંચી, માહિરભાઈ ઐયુબભાઈ ઘાંચી, ઈરફાન મહેબુબભાઈ ઘાંચી, ફેજલ સુલેમાનભાઈ ઘાંચી અને શાહરૂખ રસુલભાઈ ઘાંચીએ મકાન બનાવવા બાબતે માતા સાથે ઝઘડો કર્યો હતો. ઝઘડો થતાં તેમના પરિવારજનો લોખંડની પાઇપો, લાકડીઓ સાથે આવી પહોંચ્યા હતા અને મારા ઉપર તેમજ માતા સહિત પરિવારજનો ઉપર હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી.

## ડબ્બાની આડશે છૂપાવાયેલો ૫.૮૦ લાખનો દારૂ પકડાયો

**જૂનાગઢ :** જૂનાગઢ તાલુકાના સુખપુરની સીમમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ભાડાના ગોડાઉનમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડયો હતો. જેમાં તેલના ડબ્બાઓની આડસમાં છુપાવેલા ૫.૮૦ લાખની કિંમતની વિદેશી દારૃની ૨૭૩૦ બોટલ ઝડપી પાડી છે. દારૃની હેરાફેરી કરતા શખ્સો હાથમાં આવ્યા નથી. આ મામલે ફરાર ત્રણ બુટલેગરો સામે ગુનો નોંધી તેને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે. ધોરાજી રોડ પર આવેલા જય ઈન્ડસ્ટ્રીયલ પાર્કના ફેઈઝ નંબર-૩ના વેરહાઉસ નંબર-૫ માં આવેલા ગોડાઉનમાં વિદેશી દારૃ છુપાવાયો હોવાની બાતમીને આધારે સ્થાનિક પોલીસને અંધારામાં રાખી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડયો હતો. જેમાં તપાસ કરતા સંગીતાબેન રાબડીયાની માલિકીનું ગોડાઉન ત્રણ મહિના પહેલા જૂનાગઢના અરવિંદભાઈ મારડિયાએ ખેતપેદાશની પ્રોડક્ટના વેંચાણ માટે ભાડે રાખ્યું હતું અને તેની સાથે મહારાષ્ટ્રના ચેનારામ ભેરારામને સંગીતાબેનના પતિ બટુકભાઈ રાબડીયાએ ૫૫ હજારમાં ભાડે આપ્યું હતું. આ ગોડાઉનની એસએમસીની ટીમે તપાસ કરતા તેમાં તાળા મારેલા હતા. આ તાળાઓને કટર મશીનથી તોડી તપાસ કરવામાં આવી હતી. જેમાં ગોડાઉનની અંદર પાર્ક કરેલા પીકપ વાહનમાં ખાલી તેલના ડબ્બાઓની આડસમાં તાલપત્રી ઢાંકેલ ખોખાઓમાં દારૃનો જથ્થો છુપાવ્યો હતો. તેની તપાસ કરતા ૫.૮૦ લાખની કિંમતની ૨૭૩૦ વિદેશી દારૃની બોટલો મળી આવી હતી.

## માતા ઘરમાં કામ કરતી રહી અને આંગણામાં જ માસૂમનું મોત, નવસારી જિલ્લાનો કંપારી છોડાવી દેનારો બનાવ

નવસારી : નવસારી જિલ્લાના જલાલપુર તાલુકાના મહુવર ગામમાં નાનાં સંતાનોના વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. મહુવર ગામમાં ઘરના આંગણામાં રમી રહેલા ચાર વર્ષના બાળક પર પાંચ જેટલા રખડતાં શ્વાને હુમલો કરી લોહીલુહાણ કરી નાખતા માસૂમનું ઘટનાસ્થળ પર જ મોત નીપજ્યું હતું. નાના એવા ગામમાં બનેલા હચમચાવી નાખતા બનાવના કારણે ગામલોકોમાં ફફડાટ ફેલાયો છે. માસૂમના મોતના કારણે શ્રમજીવી પરિવારમાં આક્રંદ છવાયો છે. નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મહુવર ગામમાં અમિત રાઠોડ, તેમનાં પત્ની અને બે સંતાનો સાથે રહે છે. શ્રમજીવી દંપતી મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. રવિવારે તનય નામનો ચાર વર્ષીય બાળક પોતાના ઘરના આંગણામાં રમી રહ્યો હતો. જ્યારે તેનાં માતા ઘરમાં ઘરકામ કરી રહ્યાં હતાં. આ સમયે જ ગામમાંથી આવેલા પાંચ જેટલા રખડતાં શ્વાન તનય પર કાળ બનીને તૂટી પડ્યાં હતાં અને ગણતરીની સેકન્ડોમાં જ બાળકના શરીરને લોહીલુહાણ કરી નાખ્યું હતું. ઘરના આંગણામાં જ રખડતાં કૂતરાઓએ હુમલો કરતા બાળક રડવા લાગ્યો હતો. જેથી તુરંત જ તેના માતા ઘરમાંથી બહાર દોડી આવ્યાં હતાં. જો કે, માતા પહોંચ્યા ત્યાં તો માસૂમ તનયને લોહીલુહાણ કરી નાખ્યો હતો. માતા અને અન્ય પાડોશીઓએ તાત્કાલિક તનયને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે બાળકે મૃત જાહેર કરતા જ પરિવાર પર આભ ફાટ્યું હતું.
ામના મહિલા સરપંચ યોગીતા પટેલ જણાવે છે કે આજે ઘટના બની છે તે ખૂબ જ દુ:ખદ છે. અમને જ્યારે જાણ થઈ ત્યારે અમે તાત્કાલિક બાળકને સારવાર માટે લઈ ગયા હતા. આગામી સમયમાં આવી ઘટના ગામમાં ન બને તેને લઈને તકેદારીનાં પગલાં લેવામાં આવશે.
ગુજરાતમાં એક તરફ રખડતાં ઢોરનો આતંક છે. તો બીજી તરફ નાના ગામથી લઈ મેટ્રો શહેર સુધી રખડતાં કૂતરાનો આતંક પણ યથાવત્ છે. કૂતરાની વસતી પર નિયંત્રણ લાવવા માટે ખસીકરણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે તેમ છતાં લોકોને રખડતાં કૂતરાના આતંકમાંથી મુક્તિ નથી મળી રહી. અવારનવાર ગુજરાતનાં નાનાં મોટાં શહેરોમાં લોકોને રખડતાં કૂતરાં કરડવાના બનાવો સામે આવી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી હવે આ રખડતાં કૂતરાં નાનાં બાળકો માટે જીવલેણ પણ સાબિત થવા લાગ્યાં છે.

## બૂટલેગરનો યુવાન ઉપર ખૂની હુમલો, બે કારમાં પણ તોડફોડ

રાજકોટ: પાડોશી મહિલા વિરૃધ્ધ લતાવાસીઓએ કરેલી અરજીનો ખાર રાખી ગઈકાલે રાત્રે બૂટલેગર પ્રતિક ચંદારાણા અને તેના સાગરિતોએ સ્કોર્પિયોમાં જતા પરિવારને આંતરી યુવાન પર ખૂની હુમલો કર્યો હતો. સાથોસાથ બે ગાડીમાં ધોકાના ઘા ઝીંકી તોડફોડ કરી ભય ફેલાવી દીધો હતો. આ બનાવ અંગે આજી ડેમ મથકમાં સામસામી ફરિયાદ નોંધાઈ છે. માણસોની અવરજવર રહેતી હોવાથી કોઈ ખરાબ ધંધા થતા હોવાની શંકાએ સોસાયટીના રહીશોએ તેના વિરૃધ્ધ પોલીસમાં અરજી આપી હતી.

## વારસિયા રોડ પર પુત્રે માથામાં લોખંડના સળિયા ફટકારી માતાની હત્યા કરી

વડોદરા : હરણી-વારસિયા રીંગ રોડની રાધે શ્યામ સોસાયટીમાં રહેતાં યુવકે પોતાની ૬૦ વર્ષિય માતાની લોખંડના સળિયા વડે હત્યા કરી દેતા આખા વિસ્તારમાં અરેરાટી ફેલાઈ હતી. ૩૫ વર્ષીય યુવક પોતાની માતા સાથે રહેતો હતો અને ઘરની નીચે ઈલેક્ટ્રીકની સેલ્સ અને સર્વિસની દુકાન ચલાવતો હતો. શુક્રવારે રાતે તેણે લોંખડની સળિયા વડે પોતાની માતાને માથાના ભાગે માર્યો હતા. ઘટનાની જાણ થતા વારસિયા પોલીસ મથકના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને મહિલાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો.યુવકે પોલીસને જણાવ્યું હતું કે, તેની માતાને મૂક્તી આપવા માટે તેણે માતાની હત્યા કરી છે. હત્યા બાદ યુવકે પોતાની માતાના ફોટા પણ દિલ્હી સંબંધીને મોકલ્યા હતા. ગત વર્ષે કારેલીબાગ વિસ્તારમાં એક ઘટના બની હતી જેમાં માતાએ પોતાની બે દીકરીઓની હત્યા કરી દીધી હતી. એવામાં વારસિયા વિસ્તારમાં બીજી આવી ઘટના બની છે, પુત્રએ માતાની હત્યા કરી છે. હરણી-વારસિયા રીંગ રોડ પર આવેલી રાધે શ્યામ સોસાયટીમાં છેલ્લા ૨૫ વર્ષથી કમલારાની અરોરા તેમના નાના દીકરા સાથે રહે છે અને ઘરની નીચે ઓમ સાંઈ રામ નામની સેલ્સ એન્ડ સર્વિસ નામની દુકાન ચલાવે છે. રવિવારે બપોરે ૧૨ વાગ્યના અરસમાં તેમના ઘરે અચાનક પોલીસ પહોંચતા પાડોશીઓમાં કુતુહલ સર્જાયું હતું. જે બાદ જાણવા મળ્યું હતું કે, તેમના નાના દીકરાએ તેમની હત્યા કરી છે. આ બાબતે એસીપી એમ. પી. ભોજાણીએ જણાવ્યું હતું કે, કમલારાની અરોરા મૂળ દિલ્હીના છે અને તેમના મોટા દીકરાની કારેલીબાગ મેન્ટલ હોસ્પિટલમાં સારવાર ચાલે છે અને તેમનો નાનો દીકરો પણ માનસિક રીતે અસ્વસ્થ છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા દિવસથી તે ઘરમાં તોફાન કરતો હતો અને પોતાની માતાને પણ મારતો હતો અને ઘરની બારીના કાર પણ તોડી નાખ્યાં હતા.

### ફૂટબોલ સ્પર્ધાની વિજેતા અને ઉપ વિજેતા ટીમોને પુરસ્કાર આપી સન્માનીત કરાઈ

# ભાવનગરમાં જુદી જુદી ફૂટબોલ સ્પર્ધામાં ૬૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો

ભાવનગર | તા.૧૧

અદાની ભાવનગર બ્લુ કબ્સ લીગ, ખેલો ઈન્ડિયા વુમન્સ ફૂટબોલ લીગ, બોયઝ ભાવનગર યુથ લીગ, સિનિયર અને અંડર ૨૦ મેન ટીમ્સ ઓફ ભાવનગરનો સમાપન સમારોહ તાજેતરમાં એમ કે યુનિવસટી ભાવનગર ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો. જેમાં ફૂટબોલ ખેલાડીઓને પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવ્યા હતાં.

ભાવનગરમાં છેલ્લા ત્રણ મહિનાથી ચાલતી આ ફૂટબોલ ટુર્નામેન્ટમાં લગભગ ૬૦૦ છોકરા અને છોકરીઓએ ભાગ લીધો હતો અને એમ કે યુનિવસટી ભાવનગર ફૂટબોલ ગ્રાઉન્ડ ઉપર ૫૦૦ જેટલી મેચ રમાઈ હતી. આ ટુર્નામેન્ટના સમાપન સમારોહમાં બધા જ ભાગ લેનાર ખેલાડીઓને મેડલ્સ અને સટફિકેટનું વિતરણ કરવામાં આવ્યું તથા અદાની ભાવનગર બ્લુ કબ્સ લીગમાં અંડર ૮, અંડર ૧૦ અને અંડર ૧૨ એ જ કેટેગરીના વિજેતા અને ઉપવિજેતા ટીમને ટ્રોફી, મેડલસ અને સટફિકેટ આપીને તેમને



પ્રોત્સાહિત કર્યા હતાં. ખેલો ઈન્ડિયા વુમન્સ ફૂટબોલ લીગ અંડર ૧૩, અંડર ૧૫ અને અંડર ૧૭ એજ કેટેગરીનિ વિજેતા ટીમોને રોકડ પુરસ્કારમાં ૫૦ હજાર રૂપિયા અને ટ્રોફી મેડલ્સ આપવામાં આવ્યા હતા અને ઉપ વિજેતા ટીમોને રોકડ પુરસ્કારમાં ૩૦ હજાર રૂપિયા અને ટ્રોફી મેડલ્સ આપવામાં આવ્યા હતાં.

અદાની ભાવનગર બ્લુ કબ્સ લીગમાં અંડર ૮ એજ કેટેગરીમાં અમર જ્યોતિ સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલ વિજેતા અને લાયન્સ ફૂટબોલ ક્લબ ઉપવિજેતા થઈ હતી. અંડર ૧૦ એજ કેટેગરીમા સી . એમ. આઈ ફૂટબોલ ક્લબ વિજેતા અને સેન્ટ મેરી મરીયન એકેડેમી ઉપ વિજેતા થઈ હતી. અંડર ૧૨ એજ કેટેગરીમાં સેન્ટ મેરી મરીયન એકેડમી વિજેતા અને યંગ ફૂટબોલ કલબ ઉપ વિજેતા થઈ હતી. ખેલો ઈન્ડિયા વુમન્સ ફૂટબોલ લીગ અંડર ૧૩ એજ-કેટેગરીમાં નંદકુવરબા ઈંગ્લીશ મીડીયમ સ્કુલ વિજેતા અને જ્ઞાનગુરૂ વિદ્યાપીઠ ઉપ વિજેતા બની હતી. અંડર ૧૫ એજ-કેટેગરી સિલ્વર બેલ્સ પબ્લિક સ્કૂલ વિજેતા અને ફાતિમા કોન્વેન્ટ પબ્લિક સ્કૂલ ઉપ વિજેતા થઈ હતી તથા અંડર ૧૭ એજ- કેટેગરીમાં ક્રાઈસ્ટ સ્કૂલ વિજેતા અને સચ્ચિદાનંદ ગુરુકુલ સિહોર ઉપ વિજેતા થઈ હતી. બોયઝ ભાવનગર યુથ લીગ અંડર ૧૩ મા સી.એમ.આઈ ફૂટબોલ કલબ વિજેતા અને સેન્ટ મેરી ગુજરાતી મીડીયમ સ્કુલ ઉપ વિજેતા બની હતી. અંડર ૧૫માં અમર જ્યોતિ સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલ વિજેતા અને ક્રાઈસ્ટ સ્કૂલ ઉપ વિજેતા થઈ હતી તથા અંડર ૧૭ મા એ.જે.જે એક્ટિવિટી વિજેતા અને ગોહિલવાડ ફૂટબોલ કલબ ઓફ વિજેતા બની હતી. તમામ વિજેતા ને ઉપવિજેતા ટીમોને ટ્રોફી મેડલ્સ આપીને પ્રોત્સાહિત કર્યા હતાં.

# મહુવા શહેરના સોસાયટી વિસ્તારોમાં જાહેર શૌચાલયના અભાવે મુશ્કેલી

મહુવા | તા.૧૧

મહુવા શહેરમાં સોસાયટી વિસ્તાર દિન પ્રતિદિન દૂર-દૂર સીમાડાઓ સુધી વિસ્તરી અને વિકસી રહ્યો છે. તેમ છતાં ઉપરોકત વિવિધ કોમર્શીયલ અને રહેણાંકીય સોસાયટી વિસ્તારોમાં આજની તારીખે મહુવા નગરપાલિકા હસ્તકનું અલાયદુ જાહેર કે પે એન્ડ યુઝ શૌચાલય પણ નથી જેના કારણે ઉપરોક્ત વિસ્તારોમાં ધંધા વ્યવસાય કરતા વેપારીઓ તેમજ ગ્રાહકોને પારાવાર હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

મહુવા શહેરમાં એક તરફ વસ્તી વિસ્તાર દિન પ્રતિદિન દૂર દૂર સુધી વધવા લાગ્યો છે. હાલ મહુવા સીટી વિસ્તારથી લઈ નેશનલ હાઈવે સુધી લોકો વસવા લાગ્યા છે અને તેમાં પણ હજુ પણ નજીકના ગ્રામ્ય વિસ્તાર સુધી દિન પ્રતિદિન વિસ્તાર વધી રહ્યો છે ત્યારે આ વિસ્તારની જો વાત કરીએ ખાસ કરીને કોલેજ રોડ, જાદરા રોડ, સ્વામિનારાયણ મંદિર મુખ્ય માર્ગ તેમજ વીટીનગર રોડ




જેવા નેશનલ હાઈવેને પરસ્પર સાંકળ રહેલા જોડતા માર્ગ છે. હાલ ઉપરોક્ત એકપણ વિસ્તારમાં વેપારીઓ, ગ્રાહકો કે રાહદારીઓ, વાહનચાલકો માટે જાહેર કે ખાનગી શૌચાલયની સ્થાનિક વહિવટીતંત્ર દ્વારા કોઈ જ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી નથી જેના કારણે સ્થાનિકોને મને કમને જાહેરમાં શૌચાલય જવું પડે છે.મહુવા નગરપાલિકા આ બાબતે વહેલી તકે ગંભીરતાથી વિચાર કરી અને આ સોસાયટી વિસ્તારમાં જાહેર શૌચાલય બનાવે તેવી વેપારીઓમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ વિસ્તારોના માર્ગો વહેલી સવારથી લઈને છેક મોડી સાંજ સુધી વાહન વ્યવહારથી તેમજ વિદ્યાર્થીઓ અને મહિલાઓની અવર-જવરથી અવિરતપણે ભરચક હોય છે. જેથી આ વિસ્તારમાં ધંધા રોજગાર લઈને બેઠેલા વેપારીઓને તેમજ બહારગામથી ખરીદી અર્થે આવતા ગ્રાહકોને શૌચાલય માટે ઘણી મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છે.

# ભાવનગરમાં ૨ યુવકના પડી જવાથી કરૂણ મોત

ભાવનગર | તા.૧૧

ભાવનગર શહેરમાં કામ કરતી વેળાએ પડી જવાથી બે યુવકના મૃત્યુ થવાના અલગ-અલગ બે કિસ્સા સામે હોસ્પિટલ ચોપડે નોંધાયા છે. પ્રથમ બનાવ અંગે મળતી વિગત અનુસાર સિદસર ખાતે રહેતા પ્રવીણભાઈ માલાભાઈ તરપોટા (ઉ.વ.૨૨, રહે, મુળ ખોટા લલિયા, બાસવાડા, રાજસ્થાન) ગત તા.૩-૩ના રોજ રાત્રિના સમયે શહેરના ટોપ-૩ સર્કલથી રીંગ રોડ તરફ જવાના રસ્તે પેટ્રોલપંપથી આગળ જાહેરાતના હોર્ડિંગ્સ ફીટ કરી રહ્યા હતા. ત્યારે અચાનક સીડી ઉપરથી પડી જતાં ગંભીર હાલતમાં સર ટી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અહીં યુવાનનું સારવાર દરમિયાન વહેલી સવારે ૪ કલાકે મૃત્યુ થયું હતું.

બીજા એક કિસ્સાની મળતી વિગત અનુસાર શહેરના વડવા તલાવડી વિસ્તારમાં રહેતા અમીતભાઈ જયેશભાઈ ભાવસાર (ઉ.વ.૨૩, રહે, મુળ ઉનાઈ, જિ.વાપી) નામનો યુવાન આજે બપોરના સમયે શહેરના મોતી તળાવ રોડ, વીઆઈપી ડેલા નં.૨૧માં ચકડોળ રિપેરીંગનું કામ કરી રહ્યો હતો. ત્યારે ચકડોળ ઉપરથી પડી જતાં ગંભીર ઈજા થવાથી અમીતભાઈ ભાવસારને સર ટી.હોસ્પિટલ લાવવામાં આવતા ફરજપરના તબીબે તપાસી મૃત જાહેર કર્યા હતા.

### ખાડાઓમાં નાના વાહનોના ટાયર ફાટી જવાની રોજીંદી ઘટનાઓ

# સિહોરમાંથી પસાર થતો ભાવનગર રાજકોટ હાઈવે તદ્દન ખખડધજ હાલતમાં

સિહોર | તા.૧૧

સિહોરમાંથી પસાર થતો ભાવનગર-રાજકોટ રોડ લાંબા સમયથી તદ્રન બિસ્માર હાલતમાં છે. આ રોડ પર પાંચથી દશ મીટરના અંતરે ખાડાઓ પડી જવા પામ્યા છે. પેવનના પુલ પાસેથી શરૂ કરી છેક દાદાની વાવ સુધી તેમજ બસ સ્ટેન્ડ પાસે, પાલિકા ઓફિસ, પોલીસ સ્ટેશન, વડલા વિસ્તાર, ટાઉનહોલ, ભાંગના કારખાના સામે, મામલતદાર ઓફિસ થઈને સિહોરની હદ પુરી થાય ત્યાં સુધી અનેક ખાડાઓ પડી જવા પામ્યા છે જેના કારણે ત્યાંથી પસાર થનારા વાહનો હાલક ડોલક હાલતમાં દોડતા જણાય છે. ૨૪ કલાક સતત ધમધમતા આ રોડ પરથી સિહોર પંથકના ગામડાઓના લોકો હટાણા માટે, ધંધા-રોજગાર માટે તેમજ નાજુક સ્થિતિવાળા દર્દીઓ કે પ્રસુતી માટે મહિલાને લઈ




જતી એમ્બ્યુલન્સ જેવા વાહનો પસાર થતા હોય છે ત્યારે આ રોડ પરથી પસાર થતી વેળા શુ હાલત થાય તેની તો કલ્પના કરવી જ મુશ્કેલ છે. ચોમાસાના લીધે આ ખાડાઓમાં પાણી ભરાઈ જતા અજાણ્યા વાહન ચાલકને ખબર જ ન પડે કે, ખાડો કેટલો ઉંડો અને મોટો હશે.મોટા ભાગના ખાડાઓ ચારથી પાંચ ફુટ જેટલા મોટા છે. ટુ વ્હીલર અને રીક્ષાના ટાયર નાના હોય આ ખાડાઓમાં પડતા જ ટાયર ફાટી જવાની ઘટનાઓ બનવા પામેલ છે.નાના વાહનો ખાડાઓમાંથી પસાર થતા બાળકો પડી જવાની ઘટના પણ બનતી હોય છે. કારણ કે, ખાડાઓ એટલા મોટા હોય છે કે, બેલેન્સ રહે જ નહી.તેમાં જો મોટુ વાહન ફસાઈ જાય તો કલાકો સુધી ટ્રાફિક જામ થઈ જાય છે અને આ મસમોટા ખાડાઓના લીધે ટ્રાફિક જામ કલાકો સુધી રહે છે. લાંબા સમયથી આ રોડની દુર્દશા યથાવત હોય તેમ છતાં નેશનલ હાઈવે પેટા વિભાગ હસ્તકના આ હાઈવેનું વ્યવસ્થિતપણે સમારકામ કરવામાં નિંભર તંત્રનું પેટનું પાણી પણ હલતુ નથી. સિહોર નગરપાલિકાએ આ અગાઉ અમુક મોટા ખાડાઓમાં લેવલીંગ કરી કપચી પણ નાખી હતી. પરંતુ વરસાદના કારણે તે ધોવાઈ જતા આ રોડની પરિસ્થિતી વધુ કથળી ગઈ છે.

# ચુણેલની શાળા પાસેના નવા માર્ગ પર બમ્પ મૂકવા માંગણી

મહુવા | તા.૧૧

મહુધા તાલુકાના ચુણેલ ગામે શાળા નજીક બનાવેલા નવા માર્ગ ઉપર વિદ્યાર્થીઓની સલામતી માટે બમ્પ બનાવવા માંગણી કરવામાં આવી છે. ત્વરિત કાર્યવાહી નહીં કરાય તો વિરોધ પ્રદર્શનની ચિમકી ઉચ્ચારી છે. મહુધાના ચુણેલ ગામના પાદરમાં આવેલી પ્રાથમિક શાળા સહિત અન્ય એક સ્કૂલ આવેલી છે. જેને લીધે મોટી સંખ્યામાં અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓ, વાલીઓ સહિત લોકોની અવરજવરના લીધે જિલ્લા પંચાયત દ્વારા આ સ્થળે નવા આરસીસી રોડનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ માર્ગ અન્ય ગામો અને તાલુકા મથકને જોડાતો માર્ગ હોવાથી વાહન ચાલકો પૂરપાટ



ઝડપે અહીંથી પસાર થાય છે. જેના કારણે અકસ્માતની દહેશત વર્તાઈ રહી છે. જેથી ગામના સરપંચ મનુભાઈ પટેલ દ્વારા વિભાગને લેખિતમાં જાણ કરી હોવા છતાં માર્ગ મકાન દ્વારા યોગ્ય પગલાં લેવાયા નહીં હોવાનો આક્ષેપ સાથે જો વહેલી તકે સ્પીડબ્રેકર શાળા પાસે નહીં બને તો જિલ્લા કલેક્ટર કચેરીએ વિરોધ પ્રદર્શન કરવાની ચિમકી સરપંચ સહિત ગ્રામજનોએ ઉચ્ચારી છે.

### ખેડા જિલ્લા પોલીસની નિષ્ફળતાના પગલે ડીજેના લાઉડ સ્પીકરના અવાજથી લોકો ત્રાહીમામ્

# ગૃહ વિભાગના આદેશને અવગણી નડિયાદમાં ડીજે સંચાલકો બેફામ બન્યા

નડિયાદ | તા.૧૧

નડિયાદ શહેરમાં ડીજેના લાઉડ સ્પીકરથી ત્રસ્ત એક અરજદારે રાજ્ય સરકારને ગુહાર લગાવી હતી. જેને અનુસંધાને રાજ્યના ગૃહ વિભાગે ફેબ્રુઆરી માસમાં ખેડા જિલ્લા એસપીને સમગ્ર મામલે નિયમોનુસાર કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા. છતાં નડિયાદમાં ડીજે સંચાલકો બેફામ બન્યા છે અને તિવ્ર અવાજ સાથે ડીજે વગાડતા નાગરિકો ત્રસ્ત બન્યા છે. કપડવંજ રોડ પર રહેતા દીપકભાઈ બારોટ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી હતી અને નડિયાદ શહેરમાં લાઉડ સ્પીકરના કારણે થતા અવાજ પ્રદૂષણ મામલે યોગ્ય કાર્યવાહી કરવા માટે માગ કરી હતી. આ મામલે મુખ્યમંત્રીની કચેરી દ્વારા સબંધિત વિભાગમાં રજૂઆત મોકલાઈ હતી અને નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવાયું હતું. ત્યારબાદ નડિયાદમાં ડીજેના લાઉડ સ્પીકરો અંગેની રજૂઆતને ધ્યાને લઈ ગૃહ વિભાગે જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાને ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ના



દિવસે લાઉડ સ્પીકર મામલે નિયમોનુસાર કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા. જો કે, પોલીસ પ્રશાસનની નિષ્ફળતાના પગલે ફેબ્રુઆરી માસમાં લગ્નસરાની સિઝન ચાલુ હોય, નડિયાદ શહેરમાં ઠેર-ઠેર ડીજે સાથે વરઘોડા નીકળ્યા હતા. ત્યારે ગૃહ વિભાગના આદેશનું પાલન કરવાનું ખુદ જિલ્લા પોલીસ અધિક્ષક ચૂકી ગયા હોય તેમ શહેરભરમાં હજુ પણ ડીજે સંચાલકો બેફામ અવાજ સાથે પોતાની મનમાની ચલાવી રહ્યા છે. ત્યારે આ સમગ્ર મામલે યોગ્ય કાર્યવાહી થાય તેવી માગ ઉઠી છે. નડિયાદ શહેરમાં હવે પ્રસંગોમાં ડીજે બોલવવાની સાથે સંચાલકો પોતાનો વટ પાડવા અને પોતાની ડીજે સિસ્ટમ સારી હોવાનો રોફ બતાવવા માટે સામસામે ડીજે વગાડી સ્પર્ધાઓ કરી રહ્યા છે. જેમાં ખૂબ મોટા અવાજે ડીજે વગાડવામાં આવતા હોય છે. મોટાભાગે રાત્રિના સમયે આ પ્રકારના કૃત્યો કરાય છે. ત્યારે પોલીસની નિષ્ક્રિયતાના કારણે નિયમોના ભંગ કરી આ પ્રકારે ખેલ થતા હોય, તેની સામે કાર્યવાહી કરાય તેવી માગ ઉઠી છે. વ્યક્તિના કાન ૭૦ ડેસિબલ સુધીનો અવાજ સહન કરી શકે છે. જો સતત ૮૦થી ૧૦૦ ડેસિબલનો અવાજ સાંભળવાથી શ્રવણશક્તિ જતી રહેવાનું જોખમ છે. તેમજ ૧૦૦થી ૧૨૦ ડેસિબલ વચ્ચે ધ્વનિ ટિનિટસ અને ચક્કર આવવાનું કારણ બની શકે છે. આ ઉપરાંત તે ધ્વનિ એટ્રિયા (હૃદયનો કર્ણક નામે ઓળખાતો ભાગ)ને ઉત્તેજિત કરે છે. જે હૃદય સાથે જોડાયેલા હોય છે. આનાથી હૃદયરોગનો હુમલો થઈ શકે છે. જેમાં માણસ મોતને પણ ભેટી શકે છે.

# બગસરામાં માર્ગ બનાવવાની માગ સાથે મહિલાઓએ ધારાસભ્યને ઘેરી લીધા

બગસરા | તા.૧૧

બગસરામાં રૂ.૮ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. જેમાં શહેર ભાજપના આગેવાનના ઘર પાસે બ્લોકરોડ મંજૂર કરવામાં આવતા વિસ્તારની મહિલાઓએ ધારાસભ્યનો ઘેરાવ કર્યો હતો. જો કે ધારાસભ્યએ રોડ બનાવવાની ખાતરી આપતા મામલો થાળે પડયો હતો. બગસરામાં આજરોજ સરાણીયા વિસ્તારમાં સરકારની ગ્રાન્ટમાંથી મકાન બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવતા ધારાસભ્ય જે.વી.કાકડીયા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા, પાલિકા પ્રમુખ સહિતની હાજરીમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ.અહીં ૧૦૪ જેટલા મકાનો બનાવવાનું આયોજન છે. જયારે આ કાર્યક્રમ સવારના ૧૦ વાગ્યે કાર્યક્રમ હોવાથી સરાણીયા પરિવારની મહિલાઓ એક કલાક સુધી મહેમાનોની રાહમાં તડકે ઉભી રહી હતી. મકાનના ખાતમુહૂર્ત બાદ, અટલજી પાર્ક ડેવલોપ મેન્ટ, સહિતના નિલકંઠનગર, ભોજલરામ નગર, ઝાંઝરીયા રોડ પર ૨૦ લાખના ખર્ચે બ્લોક રોડ બનનાર હોવાથી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. ખાતમુહૂર્ત બાદ ધારાસભ્ય સહિતનો કાફલો નિકળતા નિલકંઠર નગર વિસ્તારની મહિલાઓએ ધારાસભ્યનો ઘેરાવ કર્યો હતો. મહિલાઓએ રોષ સાથે જણાવ્યું હતું કે જયાં સુધી સોસાયટીનો મુખ્ય માર્ગ બની બને ત્યાં સુધી કોઈ ગલી કે નાકાનો રોડ થવા દેવામાં આવશે નહી. જો મુખ્ય માર્ગ નહી બનાવવામાં આવે તો આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની પણ મહિલાઓએ ચિમકી આપી હતી.અને ભાજપ આગેવાનના ઘર પાસે બની રહેલા રોડની સાથે મુખ્ય માર્ગનો રોડ પણ મંજૂર કરી બનાવવામાં આવે તેવી મહિલાઓએ ઉગ્ર રજૂઆત કરી હતી. મહિલાઓની ઉગ્ર રજૂઆતથી અકળાઈ ગયેલા ધારાસભ્યએ રોડ બનાવવાની આશ્વાસન ખાતરી આપતા માંડ માંડ મામલો થાળે પડયો હતો.

બગસરા નિલકંઠ નગરમાં ભાજપ આગેવાનના ઘર પાસે ધારાસભ્યએ બ્લોક રોડ બનાવવા માટે રૂ.પાંચ લાખ ફાળવતા પૂર્વ પાલિકા સદસ્યે જણાવ્યું હતું કે, ભાજપના આગેવાનના ઘર પાસે જ રોડ બને છે જયારે અન્ય લોકો સાથે પાલિકા અને ધારાસભ્ય તરફથી ઓરમાયુ વર્તન રાખવામાં આવે છે. ધારાસભ્યએ ધારાસભાની ચૂંટણી વખતે વિકાસ ફંડ ભરી દેવાની વાત કરી હતી જો કે ચૂંટણીમાં વિજેતા બન્યા પછી વિકાસ ફંડ ભરવાની વાત હવામાં ઉડી જતા વિસ્તારવાસીઓમાં રોષ ફેલાયો છે.

# ડાકોરમાં સર્વિસ રોડ બન્યો નથી ને બ્રિજનું લોકાર્પણ કરી દેવાયું !

ડાકોર | તા.૧૧

ડાકોરમાં ઓવરબ્રિજનું શિવરાત્રિના દિવસે મુખ્યમંત્રીના હસ્તે ઉદઘાટન કરી દેવાયું છે. પરંતુ નવાઈની વાત એ છેકે હજુ બ્રિજનું મોટાભાગનું કામ બાકી છે. સર્વિસ રોડ તો બંને બાજુ હજુ સુધી બન્યા જ નથી. ૧૮ માસમાં બ્રિજનું કામ પૂર્ણ કરવાનું હતું છતાંય માંગલ્ય બીલકોન નામની એજન્સીને ૩૨ મહિના જેટલો લાંબો સમય લગાવી દીધો. સમયમર્યાદામાં કામ પૂરૂ ન થયું છતાંય કોન્ટ્રાક્ટરને પેનલ્ટી ન ફરકારીને તંત્રએ મિલિભગતની શંકા ઉભી કરી દીધી છે. વાહનચાલકો છેલ્લા બે વર્ષથી આ બ્રિજની કામગીરીને લઈને હાલાકી ભોગવી રહ્યા છે. કેટલાય અકસ્માતો પણ થયા છે. ટ્રાફિકજામ તો રોજિંદી સમસ્યા બની ગઈ છે. કોન્ટ્રાક્ટરે ઘણી વેઠો ઉતારી- મનમાની કરી , શહેરીજનો અનેક પ્રકારની હાલાકીનો ભોગ બન્યા છેવટે સર્વિસ રોડ વગરનો બ્રિજ હાલ પુરતો બનાવી તંત્રએ ચૂંટણીલક્ષી સવલત કરી આપી. અધિકારીઓ બ્રિજના કામના સુપરવિઝનમાં બેદરકાર રહ્યા, કોન્ટ્રાક્ટરના ફાયદામાં મૌન રહ્યા. છેવટે ભોગવવાનું તો નાગરિકાએ જ આવ્યું, સર્વિસ રોડ વગર ઉડતી ધૂળ, મોટા ખાડા જીવલેણ બનવાની શક્યાત છે. ફાગણી પૂનમનો મહામેળાને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે લાખો પદયાત્રીઓએ હેરાનથવાનો વારો આવશે. ભુલ કે શરતોના ભંગ બદલ કોન્ટ્રાક્ટરને દંડવાની જગ્યાએ તેને છાવરી લેવાની સરકારી નીતિ હાલ ડાકોર આવતા લાખો શ્રદ્ધાળુંઓ માટે મોટી હેરાનગતિનું કારણ બની છે.

### જૂનાગઢ નજીકની ઈન્ડસ્ટ્રીમાં એસએમસીનો દરોડો

# જૂનાગઢ નજીક તેલના ડબ્બાની આડશે છૂપાવાયેલો ૫.૮૦ લાખનો દારુ પકડાયો

જૂનાગઢ | તા.૧૧

જૂનાગઢ તાલુકાના સુખપુરની સીમમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ભાડાના ગોડાઉનમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડયો હતો. જેમાં તેલના ડબ્બાઓની આડસમાં છુપાવેલા ૫.૮૦ લાખની કિંમતની વિદેશી દારૂની ૨૭૩૦ બોટલ ઝડપી પાડી છે. દારૂની હેરાફેરી કરતા શખ્સો હાથમાં આવ્યા નથી. આ મામલે ફરાર ત્રણ બુટલેગરો સામે ગુનો નોંધી તેને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે. ધોરાજી રોડ પર આવેલા જય ઈન્ડસ્ટ્રીયલ પાર્કના ફેઈઝ નંબર-૩ના વેરહાઉસ નંબર-૫માં આવેલા ગોડાઉનમાં વિદેશી દારૂ છુપાવાયો હોવાની બાતમીને આધારે સ્થાનિક પોલીસને અંધારામાં રાખી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડયો હતો. જેમાં તપાસ કરતા સંગીતાબેન રાબડીયાની માલિકીનું ગોડાઉન ત્રણ મહિના પહેલા જૂનાગઢના અરવિંદભાઈ મારડિયાએ ખેતપેદાશની પ્રોડક્ટના વેંચાણ માટે ભાડે રાખ્યું હતું અને



તેની સાથે મહારાષ્ટ્રના ચેનારામ ભેરારામને સંગીતાબેનના પતિ બટુકભાઈ રાબડીયાએ ૫૫ હજારમાં ભાડે આપ્યું હતું. આ ગોડાઉનની એસએમસીની ટીમે તપાસ કરતા તેમાં તાળા મારેલા હતા. આ તાળાઓને કટર મશીનથી તોડી તપાસ કરવામાં આવી હતી. જેમાં ગોડાઉનની અંદર પાર્ક કરેલા પીકપ વાહનમાં ખાલી તેલના ડબ્બાઓની આડસમાં તાલપત્રી ઢાંકેલ ખોખાઓમાં દારૂનો જથ્થો છુપાવ્યો હતો. તેની તપાસ કરતા ૫.૮૦ લાખની કિંમતની ૨૭૩૦ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. તપાસ દરમ્યાન ચેનારામ ભેરારામ સાથે લખન મેરૂ ચાવડા રહે.ગિરનાર દરવાજા વાળો પણ ભાગીદાર હોવાનું ખુલ્યું હતું. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ગોડાઉનમાંથી મળેલ પીકઅપ વાહન, વિદેશી દારૂ, ડીવીઆર મળી ૧૦.૮૨ લાખનો મુદ્દા માલ કબજે કરી દારૂની હેરાફેરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડાથી સ્થાનિક પોલીસમાં દોડધામ થઈ હતી અને બુટલેદરોમાં સોપો પડી ગયો હતો. લાખોની કિંમતના દારૂ પકડાવવા મામલે સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમ દ્વારા ચેનારામ ભેરારામ, અરવિંદ મારવાડી, લખન મેરૂ ચાવડા સામે તાલુકા પોલીસમાં ગુનો નોંધાવ્યો છે. પોલીસે ફરાર તમામ આરોપીઓને ઝડપી લેવા શોધખોળ હાથ ધરી છે.

# થાનગઢમાં નિવૃત એ.એસ. આઈના ઘરમાં ૩.૮૭ લાખની ચોરી

ચોટીલા | તા.૧૧

સુરેન્દ્રનગર જીલ્લામા કાયદો વ્યવસ્થા સામે અનેક સવાલો સર્જ્યા છે ત્યારે સિરામિક નગર થાનગઢમાં રહેતા નિવૃત પીએસઆઇ પરિવાર સાથે બહાર ગામ ગયેલ અને બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ત્રણ લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરી જતા તસ્કર ટોળકીનો ફફડાટ ફેલાયો છે, અહી નાઈટ પેટ્રોલિંગના મજબુત દાવાઓ વચ્ચે તસ્કરોએ પોલીસને પડકાર ફેક્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ થાનગઢનાં ધોળેશ્વર પ્લોટ ખાતે રહેતા નિવૃત વાયરલેસ પીએસઆઈ સમીરભાઇ દિવ્યકાંતભાઇ મુનશી ગત તા. ૭/નાં બપોરે તેમની પત્ની અલ્કાબેન સાથે શિવરાત્રી નિમિત્તે ઘરને તાળુ મારી પાટણ ખાતે મહોત્સવમાં ગયેલા હતા. અને ત્યાંથી પરત અમદાવાદ ખાતે સંબંધી પરિવારમાં જન્મ દિવસ ઉજવીને તા. ૧૦/૩ ના પરત થાનગઢ આવતા મકાન ખોલતા ઓસરીના રૂમના દરવાજાનું તાળું જોવા નહીં મળતા અજુગતું જણાતા ખોલી ને જોતા કબાટ સરસામાન વેર વિખેર પડેલ હતો .અને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ તેમના બંધ મકાનને ટાર્ગેટ બનાવી બંન્ને રૂમમાં રહેલા કબાટ રફેદફે કરી નાંખ્યા હતા. આ ત્રણ દિવસ દરમિયાન કોઈ પણ સમયે મકાનમાં પ્રવેશી ચોરી કરેલ હોવાની પોલીસને જાણ કરતા સ્થાનિક પોલીસ દોડી આવેલ હતી.

અજાણ્યાં તસ્કરોએ આ બંધ મકાનમાંથી સોનાના પેંડલ, બુટ્ટી સેટ, વીટી, બ્રેસલેટ, ચુડી, ચાંદીનો પ્યાલો, બંગડીઓ, લગડી, મૂત સહિતનાં દાગીનાં તેમજ પર્સ અને પૂજા રૂમમાં રહેલ રોકડ રોકડા રૂ.૪૫ હજાર તેમજ સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૩.૮૭ લાખની ચોરી કરી ગયાની ફરિયાદ આપી છે.

# શેરબજારમાં નવો દોર! ઈન્સ્ટન્ટ સેટલમેન્ટ તૈયારી, ક્યારે થશે લોન્ચ?

ચાલુ મહિનાના છેલ્લા અઠવાડિયાથી શેરબજારમાં ટ્રેડિંગ કરતા રોકાણકારો માટે એક નવો તબક્કો શરૂ થઈ રહ્યો છે. સ્ટોક માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (જીઈૈ) ૨૮ માર્ચ, ૨૦૨૪થી +0 ટ્રેડ સેટલમેન્ટ સાઈકલ શરૂ કરવા જઈ રહ્યું છે, જેને ઈન્સ્ટન્ટ સેટલમેન્ટ તરફના એક મોટા પગલા તરીકે જોવામાં આવી રહ્યું છે. હાલમાં +0 ટ્રેડ સેટલમેન્ટ વૈકલ્પિક ધોરણે શરૂ કરવામાં આવી રહ્યું છે. મ્યુચ્યુઅલ ફંડ બોડી એમ્ફીના કાર્યક્રમ દરમિયાન સેબીના ચેરપર્સન માધબી પુરી બુચે જણાવ્યું હતું કે સેબી ૨૮ માર્ચથી વૈકલ્પિક ધોરણે +0 ટ્રેડ સેટલમેન્ટ સાયકલ શરૂ કરવા જઈ રહી છે. ગત વર્ષે જ સેબીના વડાએ માર્ચ મહિનાથી શેરબજારમાં ટ્રેડના દિવસે જ સેટલમેન્ટ શરૂ કરવાનો સંકેત આપ્યો હતો અને ૧૨ મહિનામાં ત્વરિત સમાધાનની ખાતરી આપી હતી. હાલમાં ભારતીય બજારમાં +૧ ટ્રેડ સેટલમેન્ટની જોગવાઈ લાગુ છે. સેબીએ ડિસેમ્બર ૨૦૨૩ના ઈન્સ્ટન્ટ સેટલમેન્ટ પર સૂચનો મેળવવા માટે કન્સલ્ટન્ટ પેપર પણ બહાર પાડ્યું હતું. કન્સલ્ટન્ટ પેપર્સમાં સેબીએ કહ્યું હતું કે આજના યુગમાં ભરોસાપાત્ર, ઓછી કિંમત અને ઝડપી વ્યવહારો એવા ફીચર્સ છે જે રોકાણકારોને ખૂબ આકર્ષે છે. આવી સ્થિતિમાં, શેરની ખરીદી અને વેચાણ માટે સેટલમેન્ટનો સમય ઘટાડવાથી રોકાણકારોને આ એસેટ ક્લાસ તરફ આકર્ષવામાં મદદ મળશે. ફ્રપેપર મુજબ, બીજા તબક્કામાં વૈકલ્પિક ઈન્સ્ટન્ટ સેટલમેન્ટ વિકલ્પ હશે જેમાં ફંડ અને સિક્યોરિટીઝ બંનેનું ટ્રેડ ટુ ટ્રેડ સેટલમેન્ટ કરવામાં આવશે.

બીજા તબક્કાના અમલીકરણ પછી, પ્રથમ તબક્કાના +0 નો વિકલ્પ બંધ થઈ જશે. ભારતીય શેરબજારમાં હાલમાં +૧ સેટલમેન્ટની જોગવાઈ છે. એટલે કે, જે દિવસે રોકાણકાર કોઈ શેર ખરીદે છે અથવા વેચે છે, બીજા દિવસે શેર ડીમેટ ખાતામાં જમા થાય છે અથવા શેર વેચવા પર રોકાણકારના ખાતામાં પૈસા જમા થાય છે. એકવાર ઈન્સ્ટન્ટ સેટલમેન્ટ ટ્રાન્ઝેક્શન માટેના નિયમો લાગુ થઈ ગયા પછી, સોદાઓ તરત જ સેટલ થઈ જશે. વિશ્વમાં એવા બહુ ઓછા દેશો છે જ્યાં +૧ સેટલમેન્ટનો નિયમ લાગુ છે જેમાં ભારત જોડાવા જઈ રહ્યું છે.



## સોનામાં ઐતિહાસિક તેજી, તમામ રેકોર્ડ ધરાશાયી, પ્રતિ ૧૦ ગ્રામની કિંમત ૬૭,૦૦૦ને પાર પહોંચી



સોનાના ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. સોનાના ભાવ ઐતિહાસિક ઉચ્ચ સ્તરે પહોંચી ગયા છે. સરાફા બજારમાં જોરદાર ખરીદીને કારણે સોનાની કિંમત ૬૭,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામને પાર પહોંચી ગઈ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું પ્રતિ ઔંસ ૨૧૭૨ ડોલરની ઐતિહાસિક ટોચે ટ્રેડ કરી રહ્યું છે, જેના કારણે સરાફા બજારમાં પણ સોનાના ભાવમાં વધારો થયો છે. છેલ્લા ૧૮ દિવસમાં સોનાના ભાવમાં જબરદસ્ત વધારો થયો છે. ફેબ્રુઆરી ૨૦૨૪ના ચોથા અઠવાડિયામાં સોનું ૬૨,૦૦૦ રૂપિયાની આસપાસ ટ્રેડ થઈ રહ્યું હતું. પરંતુ તે સ્તરથી સરાફા બજારમાં સોનાની કિંમત ૫૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામનો વધારો છે અને હવે કિંમત ૬૭,૦૦૦ રૂપિયાની ઉપર ટ્રેડ થઈ રહી છે. ચેન્નાઈમાં સોનાની કિંમત ૬૭,૦૦૦ રૂપિયાથી ઉપર છે જ્યારે દિલ્હીમાં કિંમત ૬૬,૪૧૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ છે.સોનાની કિંમતમાં સતત વધારો અટકવાનો નથી, બજારના નિષ્ણાતોનું કહેવું છે કે, '૨૦૨૪માં સોનું ૭૦,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચને પાર કરી શકે છે.'

## ટોરેન્ટ પાવરને મહારાષ્ટ્ર સરકાર પાસેથી મળ્યો ૧૫૪૦ કરોડ રૂપિયાનો સોલાર પ્રોજેક્ટ, શેરના ભાવમાં આવ્યો ૧૨ ટકાનો ઉછાળો



છેલ્લા ૬ મહિનામાં ટોરેન્ટ પાવરના શેરે ઈન્વેસ્ટર્સને ૪૫૫.૫૦ રૂપિયાનું વળતર આપ્યું છે. શેર ૬ માસમાં ૬૩.૭૧ ટકા વધ્યો હતો. જે ઈન્વેસ્ટરે એક વર્ષ પહેલા રોકાણ કર્યું હતું તેઓને હાલ ૧૨૪.૧૫ ટકાનું રિટર્ન મળ્યું છે. કંપનીએ ૧ વર્ષ દરમિયાન ૬૫૯.૬૫ રૂપિયાનું વળતર આપ્યું છે. પાવર સેક્ટરની દિગ્ગજ કંપની ટોરેન્ટ પાવરના શેરમાં આજે ૧૨.૬૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. કંપનીને ૭ માર્ચે મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડ પાસેથી મોટો પ્રોજેક્ટ મળ્યો છે. આ સમાચાર બાદ શેરના ભાવ ઈન્ટ્રા-ડે હાઈ ૧૨૮૮.૪૫ રૂપિયા પર પહોંચ્યા હતા. આ ભાવ કંપનીનું ઓલ ટાઈમ હાઈ લેવલ છે. પાવર સેક્ટરની દિગ્ગજ કંપની ટોરેન્ટ પાવરના શેરમાં આજે ૧૨.૬૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. કંપનીને ૭ માર્ચે મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડ પાસેથી મોટો પ્રોજેક્ટ મળ્યો છે. આ સમાચાર બાદ શેરના ભાવ ઈન્ટ્રા-ડે હાઈ ૧૨૮૮.૪૫ રૂપિયા પર પહોંચ્યા હતા. આ ભાવ કંપનીનું ઓલ ટાઈમ હાઈ લેવલ છે. ટોરેન્ટ પાવર દ્વારા આપવામાં આવેલી માહિતીમાં કહેવામાં આવ્યું છે કે, ૩૦૬ મેગાવોટનો ગ્રીડ કનેક્ટેડ સોલાર પાવર પ્રોજેક્ટ સ્થાપવાનો છે. આ વર્ક ઓર્ડરની વેલ્યુ ૧૫૪૦ કરોડ રૂપિયા છે. કંપનીએ આ કામ નાસિક જિલ્લામાં કરવાનું છે. કંપની હાલ અલગ-અલગ શહેરમાં ૨૮ અબજ યુનિટ પાવર સપ્લાય કરી રહી છે. ટોરેન્ટ પાવર દ્વારા આપવામાં આવેલી માહિતીમાં કહેવામાં આવ્યું છે કે, ૩૦૬ મેગાવોટનો ગ્રીડ કનેક્ટેડ સોલાર પાવર પ્રોજેક્ટ સ્થાપવાનો છે. આ વર્ક ઓર્ડરની વેલ્યુ ૧૫૪૦ કરોડ રૂપિયા છે. કંપનીએ આ કામ નાસિક જિલ્લામાં કરવાનું છે. કંપની હાલ અલગ-અલગ શહેરમાં ૨૮ અબજ યુનિટ પાવર સપ્લાય કરી રહી છે. આ નવા કામ મળ્યા બાદ કંપનીને રિન્યુએબલ સેક્ટરમાં ૧.૭ ગ્રુ કામ મળ્યું છે. ૧૮ થી ૨૪ મહિનામાં ટોરેન્ટની ૩ ગ્રુ ની રિન્યુએબલ સેક્ટર ક્ષમતા ઉમેરવામાં આવશે. આ સિવાય કંપની હાઈડ્રો અને ગ્રીન હાઈડ્રોજન પર પણ કામ કરી રહી છે. આ નવા કામ મળ્યા બાદ કંપનીને રિન્યુએબલ



સેક્ટરમાં ૧.૭ ગ્રુ કામ મળ્યું છે. ૧૮ થી ૨૪ મહિનામાં ટોરેન્ટની ૩ ગ્રુ ની રિન્યુએબલ સેક્ટર ક્ષમતા ઉમેરવામાં આવશે. આ સિવાય કંપની હાઈડ્રો અને ગ્રીન હાઈડ્રોજન પર પણ કામ કરી રહી છે. છેલ્લા ૬ મહિનામાં ટોરેન્ટ પાવરના શેરે ઈન્વેસ્ટર્સને ૪૫૫.૫૦ રૂપિયાનું વળતર આપ્યું છે. શેર ૬ માસમાં ૬૩.૭૧ ટકા વધ્યો હતો. જે ઈન્વેસ્ટરે એક વર્ષ પહેલા રોકાણ કર્યું હતું તેઓને હાલ ૧૨૪.૧૫ ટકાનું રિટર્ન મળ્યું છે. કંપનીએ ૧ વર્ષ દરમિયાન ૬૫૯.૬૫ રૂપિયાનું વળતર આપ્યું છે. શેરે છેલ્લા ૫ વર્ષમાં ૩૫૭.૩૪ ટકાનું રિટર્ન આપ્યું છે. છેલ્લા ૬ મહિનામાં ટોરેન્ટ પાવરના શેરે ઈન્વેસ્ટર્સને ૪૫૫.૫૦ રૂપિયાનું વળતર આપ્યું છે. શેર ૬ માસમાં ૬૩.૭૧ ટકા વધ્યો હતો. જે ઈન્વેસ્ટરે એક વર્ષ પહેલા રોકાણ કર્યું હતું તેઓને હાલ ૧૨૪.૧૫ ટકાનું રિટર્ન મળ્યું છે. કંપનીએ ૧ વર્ષ દરમિયાન ૬૫૯.૬૫ રૂપિયાનું વળતર આપ્યું છે. શેરે છેલ્લા ૫ વર્ષમાં ૩૫૭.૩૪ ટકાનું રિટર્ન આપ્યું છે. ટોરેન્ટ પાવરમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૫૩.૬ ટકા છે, જ્યારે પબ્લિક હોલ્ડિંગ ૧૭.૨ ટકા છે. કંપનીમાં કુલ ૧,૩૧,૩૯૩ શેરહોલ્ડર્સ છે. કંપનીનું કુલ માર્કેટ કેપ ૫૭,૧૯૬ કરોડ રૂપિયા છે, જ્યારે દેવું ૧૦,૬૮૫ કરોડ રૂપિયા છે. કંપનીનો ટેક્સ બાદનો નફો ૧૮૫૨ કરોડ રૂપિયા છે. (નોંધઃ આ રોકાણની સલાહ નથી. શેરબજાર જોખમોને આધીન છે. કોઈપણ ફ્રરોકાણ કરતા પહેલા નિષ્ણાતની સલાહ લો.) ટોરેન્ટ પાવરમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૫૩.૬ ટકા છે, જ્યારે પબ્લિક હોલ્ડિંગ ૧૭.૨ ટકા છે. કંપનીમાં કુલ ૧,૩૧,૩૯૩ શેરહોલ્ડર્સ છે. કંપનીનું કુલ માર્કેટ કેપ ૫૭,૧૯૬ કરોડ રૂપિયા છે, જ્યારે દેવું ૧૦,૬૮૫ કરોડ રૂપિયા છે. કંપનીનો ટેક્સ બાદનો નફો ૧૮૫૨ કરોડ રૂપિયા છે.

### ૨૦૩૦ સુધીમાં ૪૫,૦૦૦ મેગાવોટનું લક્ષ્ય

## અદાણી ગ્રીન એનર્જીએ ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્કમાંથી ૧,૦૦૦ મેગાવોટનું વીજ ઉત્પાદન કાર્યરત કર્યું

અદાણી ગ્રીન એનર્જીએ ખાવડા ખાતે કામગીરી આરંભ્યાના ૧૨ મહિનાથી ઓછા સમયમાં ૧,૦૦૦ મેગાવોટનો પુરવઠો પૂરો પાડ્યો છે. જેમાં આશરે ૨.૪ મિલિયન સોલાર મોડ્યુલ ઈન્સ્ટોલ કરવાનું કાર્ય સામેલ છે.અદાણી ગ્રીન એનર્જીએ ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્કમાંથી ૧,૦૦૦ મેગાવોટનું વીજ ઉત્પાદન કાર્યરત કર્યું, ૨૦૩૦ સુધીમાં ૪૫,૦૦૦ મેગાવોટનું લક્ષ્ય ગુજરાતના ખાવડા ખાતે વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કમાં ભારતની સૌથી વિરાટ અને વિશ્વની અગ્રણી રિન્યુએબલ એનર્જી કંપનીઓ પૈકીની એક અદાણી ગ્રીન એનર્જી લિ. (છગ્ઈન)એ ૧,૦૦૦ મેગાવોટ સૌર ઊર્જાની સંચિત ક્ષમતાને કાર્યરત કરી છે. આ સાથે કંપનીએ ૯,૪૭૮ મેગાવોટની કાર્યરત ક્ષમતા હાંસલ કરીને ૨૦૩૦ સુધીમાં ૪૫,૦૦૦ મેગાવોટના નિર્ધારિત લક્ષ્ય તરફના તેના પ્રયાણમાં આગળ વધી રહી છે.અદાણી ગ્રીન એનર્જીએ ખાવડા ખાતે કામગીરી આરંભ્યાના





૧૨ મહિનાથી ઓછા સમયમાં ૧,૦૦૦ મેગાવોટનો પુરવઠો પૂરો પાડ્યો છે. જેમાં આશરે ૨.૪ મિલિયન સોલાર મોડ્યુલ ઈન્સ્ટોલ કરવાનું કાર્ય સામેલ છે. આ ઝડપી ગતિવિધી ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગ્રુ બિન-અશ્મિભૂત ઈંધણ પેદા કરવાની ક્ષમતા હાંસલ કરવાના ભારતના ધ્યેય પ્રત્યેની કંપનીની પ્રતિબદ્ધતા દર્શાવે છે.દુનિયાનો સૌથી વિશાળ ૩૦ ગ્રુની ક્ષમતાનો રીન્યુએબલ એનર્જી પ્લાન્ટ કચ્છના ખાવડાની ૫૩૮ ચોરસ કિલોમીટરની ઉજ્જડ જમીનમાં પથરાયેલો છે, જે પેરિસના કદ કરતાં પાંચ ગણો છે. આ પ્રોજેક્ટ આગામી પાંચ વર્ષમાં પૂર્ણ થવાની અપેક્ષા છે અને તે ૧૫,૨૦૦થી વધુ હરીત રોજગારનું સર્જન કરશે. અદાણી ન્યુ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ(છર્દ્રૈન)ની તકનીકી નિપુણતા અને અદાણી ઈન્ફ્રાની પ્રકલ્પના સુચારુ અમલવારીની શ્રેષ્ઠતા, મજબૂત સપ્લાય ચેઈનનો લાભ ઉઠાવીને જેસલમેર ખાતે વિશ્વનું સૌથી મોટું અને ભારતનું સર્વ પ્રથમ પવન-સૌર હાઈબ્રિડ ક્લસ્ટરનું નિર્માણ અને તેનું સફળ સંચાલન કરવાની પ્રતિકૃતિ કરવા અદાણી ગ્રીન એનર્જી સજ્જ છે. ખાવડા ખાતે ટકાઉ અયામોને એકીકૃત કરવા માટે અભિનવ ઉકેલો તૈનાત કરવામાં આવી રહ્યા છે. કંપનીએ ઉર્જા ઉત્પાદનમાં વધારો કરવા અને વેરાન કચ્છ પ્રદેશમાં પાણીના સંચયમાં મદદ કરવાના ધ્યેય સાથે સોલાર પેનલ ઉપર ધૂળના જમાવડાના પ્રશ્નના નિરાકરણ માટે સમગ્ર સૌર ક્ષમતા માટે પાણી રહિત સફાઈ કરવા માટે રોબોટ્સ તૈનાત કરવા સંકલ્પબધ્ધ છે. જે અદાણી ગ્રીન એનર્જી લિ.ના જળ તટસ્થતાના લક્ષ્યોને સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ લક્ષ્યાંક ૬ સાથે તાલ મિલાવવા સક્ષમ બનાવશે. કંપનીના ટકાઉ પ્રગતિ અને ભારતના સ્વચ્છ ઉર્જા સંક્રમણને વેગ આપવા અને આ સરહદી પ્રદેશમાં સામાજિક અને કુદરતી સંપત્તિને વધારવાના અટલ સંકલ્પનો ખાવડા ખાતેનો આ પ્રકલ્પ પુરાવો છે.

## જો તમે ડેબિટ કાર્ડ કે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરો છો તો કામના સમાચાર, કયા નવા નિયમો લાગુ થયા

ક્રેડિટ કાર્ડ કંપનીઓએ ગ્રાહકોને ઘણા ઓપ્શન આપવાના રહેશે. કંપનીઓએ જુદા-જુદા કાર્ડ નેટવર્કનો વિકલ્પ આપવો પડશે. કાર્ડ કંપનીઓએ ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને કરાર કરવા જોઈએ. આ સાથે જ વર્તમાન કાર્ડધારકોને રિન્યુઅલ માટે સમય આપવાનું પણ કહેવામાં આવ્યું છે. જો તમે ડેબિટ કાર્ડ કે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરો છો તો કામના સમાચાર, જાણો આજથી કયા નવા નિયમો લાગુ થયારિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એટલે કે ઈૈ દ્વારા ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ સાથે સંબંધિત નિયમોમાં કેટલાક ફેરફાર કર્યા છે. જો તમે પણ ડેબિટ-ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરો છો, તો તમારે નવા નિયમો જાણવા જઈએ. નવા નિયમ મુજબ હવે બેંક બાકી લેણાં પર જ પેનલ્ટી લગાવી શકે છે. આ ઉપરાંત જો બેંક કાર્ડ રિન્યુ કરે છે તો પહેલા ગ્રાહક પાસેથી મંજૂરી લેવી પડશે.કાર્ડ સંબંધિત નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા ડેબિટ અને ક્રેડિટ કાર્ડ જાહેર કરવા સંબંધિત નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. હવે બેંક ક્રેડિટ




કાર્ડ પર બાકી લેણાં પર જ પેનલ્ટી લગાવી શકે છે. આરબીઆઈએ કહ્યું છે કે, ફંડના ઉપયોગ પર નજર રાખવાની વ્યવસ્થા હોવી જોઈએ. કાર્ડ ઈશ્યુ કરનારાઓ પાસે મોનિટરિંગ મિકેનિઝમ હોવું જોઈએ. આ ઉપરાંત જો બેંક તમારા માટે કાર્ડ જાહેર કરે છે, તો કાર્ડ રિન્યુ કરવા માટે ગ્રાહકની મંજૂરી લેવી પડશે. ૬ માર્ચે ક્રેડિટ કાર્ડના નિયમોમાં ફેરફારનો નિર્ણય લેવામાં આવ્યો આ પહેલા ૬ માર્ચે બેંકે ક્રેડિટ કાર્ડ અંગેના નિયમોમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નવા બદલાવ મુજબ હવે ક્રેડિટ કાર્ડ કંપનીઓએ ગ્રાહકોને ઘણા ઓપ્શન આપવા પડશે. નોટિફિકેશન જણાવે છે કે ક્રેડિટ કાર્ડ જાહેર કરવા માટે કાર્ડ નેટવર્ક બેંક અથવા નોન બેંક સાથે જોડાણ કરે છે. ગ્રાહકને આપવામાં આવતા કાર્ડ માટે નેટવર્કની પસંદગી કાર્ડ બેંક દ્વારા નક્કી કરવામાં આવે છે.

## હોમ લોન ઝડપથી ચૂકવવા માટે આવી રીતે કરો પ્લાનિંગ, તમારે લોન પર ઓછું વ્યાજ ચૂકવવું પડશે

હોમ લોન લાંબા ગાળા માટે લેતા હોય છે, જે લગભગ ૧૫ થી ૨૫ વર્ષ સુધી ચાલતી હોય છે. જો તમે તેને ટુંકા ગાળામાં અને ઝડપથી ચૂકવવા માંગો છો, તો તેના માટે તમારે પ્લાનિંગ કરવું પડશે. હોમ લોન લેનારાઓ લાંબી મુદત માટેનો સમય પસંદ કરે છે જેથી કરીને તેઓ હોમ લોન સમાન માસિક હપ્તા સરળતાથી ચૂકવી શકે. હોમ લોનનો સમયગાળો જેટલો લાંબો હશે, તેટલું તમારે વ્યાજ વધારે ચૂકવવું પડશે. તેથી હોમ લોન શક્ય તેટલી વહેલી તકે ચૂકવવામાં આવે તો વધારે વ્યાજ ભરવું પડતું નથી. હોમ લોન લેતી વખતે તમારે વ્યાજ દરને મહત્વ આપવું જોઈએ. તમારી હોમ લોનનો વ્યાજ દર બજાર કરતાં વધારે છે, તો તમે ઓછી વ્યાજ દરે લોન આપતી બેંક અથવા ફાઈનાન્સ કંપનીમાં લોન બેલેન્સ ટ્રાન્સફર કરાવી શકો છો. હોમ લોનનો સમયગાળો જેટલો લાંબો હશે, તેટલું તમારે વ્યાજ વધારે ચૂકવવું પડશે. તેથી હોમ લોન શક્ય તેટલી વહેલી તકે ચૂકવવામાં આવે તો વધારે વ્યાજ ભરવું પડતું નથી. હોમ લોન લેતી વખતે તમારે વ્યાજ દરને મહત્વ આપવું જોઈએ. તમારી હોમ લોનનો વ્યાજ




દર બજાર કરતાં વધારે છે, તો તમે ઓછી વ્યાજ દરે લોન આપતી બેંક અથવા ફાઈનાન્સ કંપનીમાં લોન બેલેન્સ ટ્રાન્સફર કરાવી શકો છો. હોમ લોનમાં ડાઉન પેમેન્ટ ઘરની કુલ કિંમતના ૨૫ ટકા સુધી હોઈ શકે છે. જો તમારી પાસે પૂરતી બચત છે અને તમે એડવાન્સ પેમેન્ટ માટે ૨૫ ટકાથી વધુ રકમ ચૂકવવા સક્ષમ છો, તો તમારે ઓછી લોનની રકમ માટે અરજી કરવી જોઈએ. તેનો ફાયદો એ થશે કે વ્યાજની રકમ ઘટશે અને તમારા હપ્તાની રકમ પણ ઓછી થશે. હોમ લોનમાં ડાઉન પેમેન્ટ ઘરની કુલ કિંમતના ૨૫ ટકા સુધી હોઈ શકે છે. જો તમારી પાસે પૂરતી બચત છે અને તમે એડવાન્સ પેમેન્ટ માટે ૨૫ ટકાથી વધુ રકમ ચૂકવવા સક્ષમ છો, તો તમારે ઓછી લોનની રકમ માટે અરજી કરવી જોઈએ. તેનો ફાયદો એ થશે કે વ્યાજની રકમ ઘટશે અને તમારા હપ્તાની રકમ પણ ઓછી થશે.

# ભારતે દેશો સાથે ફ્રી-ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર કર્યા:૪ દેશ ૮.૨૭ લાખ કરોડનું રોકાણ કરશે; ભારતમાં ૧૦ લાખ નવી નોકરીઓનું સર્જન થશે

નવી દિલ્હી૨૨ કલાક પેહલા ભારતે રવિવારે (૧૦ માર્ચ) ચાર દેશોના જૂથ યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (ઈહ્નછ) સાથે ઈ૧૦૦ બિલિયન (રૂ. ૮.૨૭ લાખ કરોડ)ના મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા. આઈટી, ઑડિયો-વિઝ્યુઅલ અને કુશળ વ્યાવસાયિકોની હિલચાલ જેવા મુખ્ય ઘરેલું સેવા ક્ષેત્રોમાં રોકાણ અને નિકાસને પ્રોત્સાહન આપવા માટે આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આઈસલેન્ડ, લિક્ટેંસ્ટાઈન, નોર્વે અને સ્વિટ્ઝર્લેન્ડ આ ચાર દેશો ઈહ્નછનો ભાગ છે. રોકાણથી ભારતમાં ૧૦ લાખ સીધી નોકરીઓનું સર્જન થશે ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ કરારના અમલીકરણ પછીના પ્રથમ ૧૦ વર્ષમાં ભારતે ઈ૫૦ બિલિયન (રૂ. ૪.૧૩ લાખ કરોડ)ના રોકાણની પ્રતિબદ્ધતા માંગી છે. આ ઉપરાંત બ્લોક મેમ્બરો પાસેથી આગામી પાંચ વર્ષમાં ઈ૫૦ બિલિયનના વધારાના રોકાણની પ્રતિબદ્ધતા પણ માંગવામાં આવી છે. આ રોકાણો ભારતમાં ૧૦ લાખ એટલે કે ૧૦ લાખ સીધી નોકરીઓનું સર્જન કરશે. જાન્યુઆરી ૨૦૦૮થી મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો ચાલી રહી છે. કરારમાં ૧૪ પ્રકરણો છે, જેમાં માલસામાનમાં વેપાર, મૂળના નિયમો, સેવાઓમાં વેપાર, રોકાણ પ્રોત્સાહન અને કોર્પોરેશન, સરકારી પ્રાપ્તિ, બૌદ્ધિક સંપદા અધિકારો (ઈજ), વેપાર સુવિધા અને વેપારની સુવિધામાં ટેકનિકલ અવરોધોનો સમાવેશ થાય છે. ભારત અને ઈહ્નછ આર્થિક સંબંધોને વેગ આપવા જાન્યુઆરી ૨૦૦૮થી મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. પીયૂષ ગોયલે કહ્યું- તમામ દેશો માટે વિન-વિન કન્ડિશન કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે પીએમ નરેન્દ્ર મોદીને ટાંકીને કહ્યું કે, 'ઘણા પાસાઓમાં માળખાકીય વિવિધતા હોવા છતાં,

આપણી અર્થવ્યવસ્થામાં પૂરકતા છે, જે તમામ દેશો માટે વિન-વિન કન્ડિશનની સ્થિતિ હોવાનું વચન આપે છે. વેપાર અને રોકાણની નવી તકો ખોલવા સાથે, અમારો વિશ્વાસ અને મહત્વાકાંક્ષા નવા સ્તરે પહોંચી છે. પીયૂષ ગોયલે કહ્યું, 'કેટલાક સુધારાઓ દ્વારા અમે બિઝનેસ કરવાની સરળતામાં વધારો કર્યો છે, જેણે અમારા દેશને વેપાર, ઉત્પાદન અને નિકાસમાં નવી ઊંચાઈઓ સુધી પહોંચવામાં મદદ કરી છે. ફૂડ પ્રોસેસિંગ અને ક્લીન એનર્જી જેવા ક્ષેત્રોમાં સહયોગ થશે સંશોધન અને વિકાસમાં ઈહ્નછ દેશોનું વૈશ્વિક નેતૃત્વ ડિજિટલ વેપાર, બેંકિંગ અને નાણાકીય સેવાઓ, પરિવહન અને લોજિસ્ટિક્સ, ઔદ્યોગિક મશીનરી, બાયોટેકનોલોજી, ફાર્માસ્યુટિકલ્સ, રસાયણો, ખાદ્ય પ્રક્રિયા અને સ્વચ્છ ઊર્જા જેવા ઘણા ક્ષેત્રોમાં સહયોગ માટે નવા દરવાજા ખોલશે.' ગોયલે જણાવ્યું હતું કે ભારત ઈહ્નછ દેશોને તમામ સંભવિત સમર્થન આપશે અને ઉદ્યોગ અને વ્યવસાયને માત્ર પ્રતિબદ્ધ લક્ષ્યો હાંસલ કરવામાં જ નહીં પરંતુ તેનાથી આગળ વધવામાં પણ મદદ કરશે. આ કરાર આપણા બધા માટે વધુ સમૃદ્ધ ભવિષ્ય તરફના આપણા રાષ્ટ્રોની યાત્રામાં એક નવા અધ્યાયની શરૂઆત કરે છે.'

## તંત્રીની કલમે

વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ ૦૨

# લોકસભાના નવા સમીકરણ છતી કરશે આરપારની વાસ્તવિકતા

લોકસભાની ચૂંટણીની વિધિવત જાહેરાત હવે થવાની ચર્ચા છે ત્યારે ભાજપ દેશનાં ૨૮માંથી ૧૨ રાજ્યોમાં સત્તા ધરાવે છે. રાજકીય નકશા પર ૫૮% જમીની વિસ્તાર અને ૫૭% લોકો પર ભાજપનું રાજ હોવાની વાત છે. કોંગ્રેસ પાર્ટીની સરકાર તેલંગાણા, કર્ણાટક અને હિમાચલ પ્રદેશમાં છે. તાજેતરમાં રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર અભિષેક મનુ સિંઘવી વિરુદ્ધ મત આપનારા છ ધારાસભ્યો ઉપરાંત ત્રણ અપક્ષ ધારાસભ્યો ચર્ચામાં છે. ડિસેમ્બર-૨૦૧૭ સુધીમાં ભાજપ પાસે ૭૮ ટકા રાજ્યોમાં પોતાના સહયોગીઓ સાથેની સત્તા એનડીએ સાથે ૬૯ ટકા વસ્તી પર ભાજપનું રાજ હતું. ૨૦૧૪માં મોદી સરકાર સત્તામાં આવી ત્યારે ભાજપ પાસે ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગોવા અને છત્તીસગઢ સહિત અનેક રાજ્યોમાં સત્તા હતી, પરંતુ ત્યારબાદ ભાજપે વધુ ૧૨ જેટલા રાજ્યોમાં સત્તા પ્રાપ્ત કરી. ભાજપની સત્તાનો વિસ્તાર પૂર્વોત્તરનાં રાજ્યો આસામ, મેઘાલય, નાગાલેન્ડ, સિક્કિમ, મિઝોરમ વગેરેમાં નોંધપાત્ર રીતે થયો. રસપ્રદ વાત એ પણ છે કે ૨૦૧૯ની ચૂંટણી પહેલાં ભાજપે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ જેવાં રાજ્યોમાં સત્તા ગુમાવી હતી, પરંતુ લોકસભામાં આ ત્રણેય રાજ્યોમાં આવેલી ૬૫ લોકસભા બેઠકો પૈકી ૬૩માં વિજય હાંસલ કર્યો એ નરેન્દ્રભાઈ મોદીની વ્યક્તિગત લોકપ્રિયતાને કારણે શક્ય બન્યું. ઉત્તર પ્રદેશમાં ૮૦માંથી ૬૨ અને મહારાષ્ટ્રમાં ૪૮માંથી ૪૨ બેઠકો સહયોગીઓ સાથે પ્રાપ્ત કરી હતી, તો બિહારમાં નીતિશકુમારનો સાથ મળતાં ચિરાગ પાસવાન સાથેની યુતિને પગલે ભાજપના ગઠબંધનને ૪૦માંથી ૩૯ બેઠકો પ્રાપ્ત થઈ હતી. એ વાતમાં ભાજપે પશ્ચિમ અને ઉત્તર ભારતમાં વિજયની ધ્વજ લહેરવ્યો હતો. ગુજરાતમાં તો ૨૦૧૪ની માફક ૨૦૧૯માં પણ ૨૬માંથી ૨૬ બેઠકો જીતી હતી.

આ સમૃદ્ધ ઈતિહાસ બાદ હવે આવનારા દિવસોમાં ૨૦૧૯ની પ્રાપ્ત થયેલી ૩૦૩ બેઠકો સામે ભાજપ હવે પોતાની તાકાત પર ૩૭૦ બેઠકો જીતવાનો દાવો કરે છે. જ્યાં ભાજપ પોતાનો દબદબો જાળવી શકશે તેમ નિશ્ચિત જણાય છે. ચર્ચા બાકીના ભારતમાં પોતાનો સ્ટ્રાઈક રેટ સુધારવાની છે. પશ્ચિમ બંગાળમાં ગત લોકસભામાં ૪૨માંથી ૧૯ બેઠકો પ્રાપ્ત થયેલી. આંધ્રપ્રદેશમાં ભાજપે ચંદ્રાબાબુ નાયડુની તેલુગુદેશમ પાર્ટી અને જનસેના પાર્ટી સાથે ૨૦૨૪ લોકસભા ઉપરાંત આવનારા દિવસોમાં વિધાનસભાની ચૂંટણી લડવા માટે પણ સૈદ્ધાંતિક સમજૂતી સધાઈ છે. ચંદ્રાબાબુ નાયડુએ ભાજપ સાથે સમાધાન કરતાં કોંગ્રેસના પેટમાં તેલ રેડાયું છે. ૨૦૧૮માં આંધ્રપ્રદેશને વિશેષ દરજ્જો ન મળતાં ભાજપ સામે બળવો કરીને ચંદ્રાબાબુ નાયડુએ ભાજપ સાથે છેડો ફાડયો હતો અને હવે તેઓ પુનઃ મોદી સરકાર સાથે ગઠબંધન કરી રહ્યા છે જ્યાં લોકસભાની ૨૫ બેઠકો છે. ઓડિશાની વાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક વચ્ચે નિકટના ઉષ્માભર્યા સંબંધો જોવા મળ્યા છે. નવીન પટનાયકે કેન્દ્રની સરકારને છેલ્લાં પાંચ વર્ષમાં તમામ રાજકીય કટોકટીમાં સાથ આપ્યો છે. પરંતુ ઓડિશામાં લોકસભાની સાથોસાથ વિધાનસભાની ચૂંટણીઓ પણ થવા જઈ રહી છે ત્યારે ઘટનાક્રમ સૂચવે છે કે પટનાયકની બેઠકો અંગેની ૧૪૭ સભ્યોની વિધાનસભામાં અપેક્ષાઓ તથા માગણી ભાજપ સંતોષી શકે તેમ નથી. લોકસભાની ૨૧ બેઠકો પર પણ સમાધાન થતું જણાતું નથી. જેમાં કેટલીક બેઠકો પર અહીં કોંગ્રેસને ફાયદો થતો હોય તેમ છે.

# નર્મદા જિલ્લામાં ધોરણ.૧૦-૧૨ની બોર્ડની જાહેર પરીક્ષાઓનો શાંતિપૂર્ણ માહોલમાં થયેલો પ્રારંભ

### જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાની ઉપસ્થિતિમાં અધિકારીઓ સહિત સ્વૈચ્છિક સંસ્થાઓએ પરીક્ષાર્થીઓને ગુલાબના પુષ્પ આપી સાકરથી મોઢું મીઠું કરાવીને શ્રેષ્ઠ દેખાવની શુભેચ્છા પાઠવી

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ થયેલી ધોરણ- ૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાઓનો આજે તા.૧૧ મી માર્ચથી નર્મદા જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે.



બોર્ડની આ જાહેર પરીક્ષાઓના પ્રારંભે ધોરણ-૧૦ના પરીક્ષાર્થીઓને રાજપીપલાની શ્રી એમ.આર. વિદ્યાલય ખાતે જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયા,જિલ્લા શિક્ષણાધિકારી ડો.કિરણબેન પટેલ, નગર પાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન પટેલ, જાયન્ટ્સ ગૃપ ઓફ રાજ પીપલાના પ્રમુખ તેજસ ગાંધી, પૂર્વ પ્રમુખ રૂપલબેન દોશી સહિત સ્વૈચ્છિક સંસ્થાના હોદ્દેદારો, શાળાના સ્ટાફગણ વગેરેએ પણ પરીક્ષાર્થીઓને ગુલાબના પુષ્પો આપી સાકરથી મોઢું મીઠું કરાવીને પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ સાથે ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાએ જણાવ્યું હતું કે, આજથી બોર્ડની પરીક્ષાની શરૂ થઈ છે. પરીક્ષાના પ્રારંભે બાળકોનું મનોબળ વધારવા માટે તેમને શુભેચ્છા પાઠવી છે. નર્મદા જિલ્લામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે, તેમના માટે વહીવટી તંત્ર દ્વારા તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ખાસ કરીને પાણીની વ્યવસ્થા, તમામ કેન્દ્રોમાં ચોખ્ખા ટોયલેટ, આરોગ્યની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. આ વખતે રિઝલ્ટ પણ ખૂબ સારું રહેશે તેવી આશા પણ કલેક્ટરે વ્યક્ત કરી હતી. જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવા સાથે શ્રી એમ.આર. વિદ્યાલયમાં ઊભા કરાયેલા સીસીટીવી કન્ટ્રોલ રૂમનું નિરિક્ષણ કર્યું હતું.

# રાજપીપળા નગરપાલિકામાં કર્મચારીઓ ભરતી બાબતે રજૂઆત કરવા જતાં ચીફ ઓફિસર જવાબ આપ્યા વિના જ જતા રહેતા રોષ

### રાજપીપળા નગરપાલિકા માં મહેકમ મુજબ ૭૪ ટકા સફાઈ કામદારોની જગ્યા ખાલી છે જેમાંથી માત્ર ૧૭ કર્મચારીની જગ્યા ભરેલી છે બીજા ૫૭ કર્મચારીઓની ભરતી થાય તેમ છે


(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : રાજપીપળા નગર પાલિકામાં કાયમી ભરતી માટે સફાઈ કર્મચારીઓના તારીખ ૩૦.૫.૨૦૨૨ ના રોજ ભરતી માટેના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યાં હતા. તેની કાર્યવાહી માં સુરત પ્રાદેશિક કમિશનર માંથી જવાબ આવ્યો કે દિન.૭ માં આની કાર્યવાહી કરવી માટે તેની રજૂઆત માટે કર્મચારીઓ ચીફ ઓફિસર ને મળવા ગયા કે સાત દિવસમાં આ પ્રક્રિયા પૂર્ણ કરી પ્રાદેશિક કમિશનર ને મોકલી આપો તો સારું પરંતુ સફાઈ કામદારો પાલિકા ના ચીફ ઓફિસરને રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા.ત્યારે ચીફ ઓફિસર કંઈ ત્યાંથી જતા રહેતા કર્મચારીઓ માં રોષ જોવા મળ્યો હતો. સોમવારે સવારે રાજપીપળા નગરપાલીકા વોર્ડ નંબર ૫ ના સભ્ય પ્રગ્નેશ રામી સાથે સફાઈ કામદારો ચીફ ઓફિસરને રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા ત્યારે ચીફ ઓફિસર રજૂઆત સાંભળી પણ કોઈ પણ



જવાબ આપ્યા વગર મિટિંગમાં જાવ છું તેમ કહીને જતા રહ્યા હતા જેથી રજૂઆત કરવા ગયેલા કર્મચારીઓ રોષ જોવા મળ્યો હતો. રાષ્ટ્રીય સફાઈ કર્મચારી મજદૂર યુનિયન ના પ્રમુખ ભરત સોલંકી એ જણાવ્યું કે રાજપીપળા નગરપાલિકા માં મહેકમ મુજબ ૭૪ ટકા સફાઈ કામદારોની જગ્યા ખાલી છે જેમાંથી માત્ર ૧૭ કર્મચારીની જગ્યા ભરેલી છે બીજા ૫૭ કર્મચારીઓની ભરતી થાય તેમ છે પરંતુ પાલિકાના સત્તાધીશો ને આ જગ્યા ભરવામાં કોઈજ રસ લાગતો નથી અને આજીવન સફાઈ કામદારોને રોજમદાર તરીકે જ રાખવા માંગતા હોય તેવી તેમની માનસિકતા જોવા મળે છે. અમે તો દિન.૭ માં સફાઈ કર્મચારીઓ ની યાદી મોકલવાની હોય એ માટે રજૂઆત કરવા ગયા હતા પરંતુ ચીફ ઑફિસર મિટિંગ માં જવાનું કહી ચાલ્યા ગયા હતા.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના કેટલાક આકર્ષણો પર ગૃપ પ્રવાસોને ટિકિટ દરમાં ૫૦% છુટ અપાઈ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતા નગરની આઠમી ગર્વર્નિંગ બોડીની બેઠક ચેરમેન મુકેશ પુરીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે યોજાઈ હતી.જેમાં વિદ્યાર્થિઓ અને દિવ્યાંગો શાળા અને કોલેજ અને દિવ્યાંગ ઉત્કર્ષ સંસ્થાઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો, જેમાં સરકારી અને ખાનગી શાળા- કોલેજનો શૈક્ષણિક પ્રવાસ, દિવ્યાંગ વ્યક્તિઓ અને દિવ્યાંગ ઉત્કર્ષ સંસ્થાના પ્રવાસ,સરકારી અને અર્ધસરકારી તાલીમી સંસ્થાઓના ગૃપ પ્રવાસોને ટિકિટ દરમાં ૫૦% છુટ આપવામાં આવી છે. ગવર્નિંગ બોડીની બેઠકમાં લેવાયેલ નિર્ણયની ત્વરિત અમલવારી કરવામાં આવી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે વિશ્વ કક્ષાનું પ્રવાસન સ્થળ બન્યુ છે,



ભારતભરમાંથી અનેક શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થિઓ અત્રે શૈક્ષણિક પ્રવાસે આવતા હોય છે, સાથે-સાથે દિવ્યાંગજનોના હિતમાં કામ કરતી સ્વૈચ્છીક સંસ્થાઓ તરફથી પણ પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થાઓ અને દિવ્યાંગજનોના હિતમાં કામ કરતી સ્વૈચ્છીક સંસ્થાઓ તરફથી આ પ્રકારના પ્રવાસના આયોજન માટે ટિકિટ દરમાં રાહત આપવા માટે અનેકવિધ રજુઆતો મળેલ હતી. જે અંગે ગર્વર્નિંગ બોડીની બેઠકમાં આવા પ્રકારના શૈક્ષણિક પ્રવાસે આવતા સમુહોને ૫૦% સુધીની રાહત આપવા અભુતપૂર્વ નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો છે.આ સમુહ પ્રવાસમાં તમામ શાળાઓ અને કોલેજો (સરકારી અને ખાનગી બંને) દ્વારા શૈક્ષણિક પ્રવાસમાં આવતા ગ્રુપ ના સભ્યો,તમામ દિવ્યાંગ વ્યક્તિઓ અને દિવ્યાંગ કલ્યાણ સાથે સંકળાયેલી સંસ્થાઓનાં પ્રવાસમાં આવતા ગૃપના સભ્ય,તમામ સરકારી અને અર્ધસરકારી તાલીમ સંસ્થાઓ/કેન્દ્રોના શૈક્ષણિક તાલીમ પ્રવાસમાં આવતા ગ્રુપના સભ્યોને એકતા નગરના આકર્ષણો પર ટિકિટ દરમાં ૫૦% રાહત આપવાનો નિર્ણય શરતોને આધિન કરવામાં આવ્યો છે. આ રાહત સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સાથે સંકળાયેલ ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક,એકતા નર્સરી,મેઝ ગાર્ડન, મિયાવાકી ફોરેસ્ટ, આરોગ્ય વન,કેક્ટ્સ અને બટરફ્લાઈ ગાર્ડન,વિશ્વ વન,યુનિટી ગ્લો ગાર્ડન,ડાયનો ટ્રેઈલ સહિતના પ્રકલ્પો પર રાહત આપવાની જાહેરાત કરવામાં આવી છે.



# અખિલ હિન્દ મહિલા પરિષદ રાજપીપળા શાખા દ્વારા યોગ શિબિરનું આયોજન કરાયું

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : રાજપીપળા ખાતે અખિલ હિન્દ મહિલા પરિષદ રાજપીપળા શાખા દ્વારા યોગ શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ શિબિરનું સંચાલન કરતા ટ્રેનર ઉમાકાન્ત શેઠ દ્વારા યોગનું વિશેષ મહત્વ તથા ફાયદા વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી જેમાં યોગ શિબિરમાં યોગ કરવાથી માનવીનો શારીરિક માનસિક અને બૌદ્ધિક વિકાસ થાય છે તથા તંદુરસ્તી સારી રહે છે યોગ દ્વારા વ્યક્તિ નિરોગી બને છે અને વ્યક્તિના જીવનમાં યોગનું મહત્વ સમજાવ્યું હતું.

# એકતા નગરમાં ૫ ગામના અસરગ્રસ્તોને ૨૩૦ દુકાનો ભાડાપટ્ટે ફાળવાશે

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : એકતા નગર ખાતે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેની આસ પાસ અન્ય વિશ્વ કક્ષાના પ્રવાસન કેન્દ્રો વિકસાવવામાં આવેલ છે. જેની ખૂબ મોટી સંખ્યામાં પ્રવાસીઓ મુલાકાત લઈ રહેલ છે તથા પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહેલ છે.



પ્રવાસીઓને સ્થાનિક સંસ્કૃતિની ઝલક મળી રહે, પરંપરાગત વસ્તુઓનો અને ટ્રાઈબલ ફુડનો લાભ મળી રહે તેમજ સ્થાનિકોને સ્વરોજગારી મળી રહે તે માટે એક્તાનગર ખાતે આશરે ૨૩૦ દુકાનો બનાવવામાં આવેલ છે. સરદાર સરોવર યોજનાના કામે એક્તાનગર (કેવડીયા), વાગડીયા, નવાગામ, લીમડી અને ગોરા (પાંચ ગામ) ની જમીન સંપાદન કરવામાં આવેલ હતી. જેમાં મહદઅંશે સ્થાનિક આદિવાસી ખાતેદારોની જમીનો સંપાદિત થયેલ. સદરહું અસરગ્રસ્તોને સમયાંતરે રાજ્ય સરકાર દ્વારા પુનઃવસન અને પુનઃસ્થાપનના જુદા જુદા પેકેજોના લાભ આપી સમગ્ર વિસ્તારને સામાજિક અને આર્થિક રીતે સશક્ત બનાવવા પ્રયત્ન કરાયેલ છે. જેના ભાગરૂપે ઉક્ત ગામોના મૂળ અસરગ્રસ્ત ખાતેદારો/તેઓના વારસોને ઉપર્યુક્ત દુકાનો ફાળવવા માટે તમામ પાસાઓ અંગે વિચારણા કરી, દુકાન ફાળવવા અંગેની લાયકાતો, દુકાન ફાળવવાની પ્રક્રિયા અને શરતો સહિતની સર્વગ્રાહી નીતિ સરદાર સરોવર નર્મદા નિગમના વહીવટી સંચાલક મુકેશ પુરી અને સંયુક્ત વહીવટી સંચાલક ઉદિત અગ્રવાલની રાહબરીમા તૈયાર કરીને અમલમાં મુકવામાં આવી છે. દુકાન ફાળવણી માટે ઉચ્ચ અધિકારીઓની સમિતીની રચના કરાઇ છે જેમાં અધિક્ષક ઈજનેર, નર્મદા યોજના મુખ્ય કામ વર્તુળની અધ્યક્ષતામાં ઉચ્ચ અધિકારીઓની સમિતીની રચના કરવામાં આવી છે, દુકાન ફાળવણીની સર્વગ્રાહી નિતિ મુજબ દુકાન ફાળવણી માટે આવેલ અરજીઓને ધ્યાને લઈને આખરી નિર્ણય આ સમિતિ કરશે. આ સમિતિ માં અધિક્ષક ઈજનેર, નર્મદા યોજના મુખ્ય કામ વર્તુળ, એક્તાનગર- અધ્યક્ષ,અધિક કલેક્ટર-૧, SOUADTGA, , એકતા નગર- સભ્ય નાયબ કલેક્ટર અને વહીવટદાર, એકતા નગર - સભ્યસચિવ નાયબ કલેક્ટર યુનીટ-૪, SOUADTGA, એકતા નગર-સભ્ય કાર્યપાલક ઈજનેર, નર્મદા યોજના વસાહત વિભાગ નં.૩ એક્તાનગર: સભ્ય નો સમાવેશ થાય છે.

# ચાણસ્મા ખાતે આવેલા ભટેવા પાર્શ્વનાથ દાદાની ૨૦૮મી દવજારોહણ સમારોહનો શુભારંભ થયો



ચાણસ્મા ખાતે આવેલા અતિ પૌરાણિક શ્રી ભટેવા પાશ્વનાથ દાદાની ૨૦૮ મી ઘજારોહણ સમારોહ નું ભગવંત મ સા ની ઉપસ્થિતી માં શુભારંભ થયો હતો જેમાં ૨૦૮ મી ઘજારોહણ ના યજમાન કાન્તાબેન શાહ પરિવાર સહીત ચાણસ્મા ના શ્રાવકો દ્વારા ચાણસ્મા ખાતે પધારેલ આચાર્ય ચંદ્ સાગર સુરેશ્વર મ.સા. સરિત જૈન સાધુ સદવી જી ઓ નો મંગળ પ્રવેશ કરાવ્યો હતો બાદમાં ગુરૂ પૂજન બાદ કાળધર્મ પામેલા બંધુબેલડી પૈકીના ચંદ્ર સાગર સૂરિ મ સા ના ગુણવર્ણન સાથે ઉપસ્થિત જૈનાચાર્યો એ શ્રદ્ધાજલિ આપી હતી

આમ ફાગણ સુદ -૩ ના રોજ જૈન ભગવંતાચાર્યો શ્રાવકો ની ઉપસ્થિતીમાં ૨૦૮ મી શ્રી ભટેવા પાશ્વનાથ દાદા ના શિખર દવજા રોહણ બાદ ધાર્મિક ઉત્સવ નું સમાપન થશે

# રાજપીપળામાં શ્રીનાથજી ફળિયા હોળી ચકલા પાસે વૈષ્ણવ બહેનોએ હોળી રસિયાની ધૂમ મચાવી



(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : રાજપીપળામાં વૈષ્ણવ બહેનો માં લઠ્માર હોળી અને રસિયા રમવાની ની ધૂમ મચી છે, વ્રજમાં ગોપીઓ શ્રી કૃષ્ણ સાથે રમતા હોય તેમ અબીલ ગુલાલ,અને પુષ્પો વડે મોટી સંખ્યામાં વૈષ્ણવ બહેનો હોળી પૂર્વે એક મહિનો રશિયા રમે છે.અને કૃષ્ણ ભક્તિ કરે છે. અખિલ હિંદ મહિલા પરિષદ, રાજપીપળા શાખા રાજપીપળા માં ૭૫ વર્ષથી કાર્યરત છે.આ સંસ્થા તેની અવનવી પ્રવુતિઓ માટે જાણીતું છે.મહિલા દિન નિમિત્તે કારોબારી સભ્યો એ રસિયા નું આયોજન કર્યું જેમાં દરેક બહેનો એ ઉલ્લાસ પૂર્વક રસિયા રમ્યા,આમાં પંકજબેન મહેતા અને દક્ષાબેન સોની મહિલા મંડળ માં લગભગ ૬૫ વર્ષથી કાર્યરત છે તેઓ મહિલા મંડળ માં અવનવી પ્રવુતિઓ કરાવવા માર્ગદર્શન આપે છે.તેમના માર્ગદર્શન પર દરેક સભ્યો કામ કરે છે.

વૃન્દાવનમાં પરંપરાગત હોળી નો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે જે વર્ષોથી જે ગામોમાં શ્રીનાથજી હવેલી હોય એ ગામમાં ધામધૂમ પૂર્વક ઉજવાય છે.અને શ્રી કૃષ્ણ ભક્તિ માં મગ્ન બની વૈષ્ણવ સમાજ ની બહેનો હોળી પૂર્વે રસિયા નો ઉત્સવ એક મહિના સુધી ઉજવે છે આમ રાજપીપળા નગરમાં પણ વિવિધ વૈષ્ણવ મહિલા મંડળો હોળી રશિયા રમે છે. અને લઠમાર હોળી રમી ભક્તિ કરે છે. અને એક મહિના સુધી દરેક ફળિયાઓ મંદિરો અને શેરીઓમાં આ હોળી રસિયા નો ઉત્સવ ઉજવી મહિલાઓ એક બીજાને રંગી, ફૂલો થી સ્વાગત કરી ઢોલ નગારા સાથે શ્રી કૃષ્ણભગવાન ના ગીતો ગાઈ નાચગાન કરે છે અને ધાણી,કોપરા,મીઠાઈ ખજુર નો પ્રસાદ વહેચે છે.

# દેવમોગરા ગામ પાસે બાઇક સ્લીપ ખવડાવનાર ઈસમનું સારવાર દરમિયાન મોત

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : નર્મદા જિલ્લાના કણબીપીઠા ગામથી દેવમોગરા ગામ તરફ જવાના માર્ગ ઉપર બાઈક સ્લીપ થતાં બાઈક લઇ જતા વ્યક્તિને ગંભીર ઈજાઓ બાદ સારવાર દરમિયાન મોત થયું હતું. વિપુલભાઇ નિતેશભાઇ વલવી રહે,જાવલી (નવાગામ) નિશાળ ફળીયુ તા.સાગબારા જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેમના પિતા નિતેશભાઇ જેહરસિંગભાઇ વલવી ઉ.વ.૩૬ રહે.



જાવલી (નવાગામ) નિશાળ ફળીયુ તા.સાગબારા જી.નર્મદા નાઓએ પોતાની કબજામાની ટુવ્હીલર મોટર સાયકલ નં.ય્ન્ન-૨૨-હ્ઢ-૩૭૮૮ ને કણબીપીઠા ગામથી દેવમોગરા ગામ તરફ જવાના રોડ ઉપર પુરઝડપે હંકારી લાવી પોતે મો.સા.ને સ્લીપ ખવડાવી રોડ ઉપર પડી જતા માથામાં ગંભીર ઈજાઓ થવાથી સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું.

# નર્મદા જિલ્લામાં મોદીના ફોટા વાળી કેરી બેગ વિતરણ કરવા પુરવઠા સંચાલકો પર અધિકારીઓનું દબાણ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : નર્મદા જિલ્લામાં પીએમ મોદીના ફોટા વાળી કેરી બેગ વિતરણ કરવા પુરવઠા ના અધિકારીઓ દ્વારા સંચાલકો ને દબાણ કરવામાં આવતું હોવાની વાત સાંભળવા મળી છે જેનું કારણ આચાર સહિતા લાગુ થયા બાદ મોદીના ફોટા વાળી જાહેરાત કરતી બેગ વિતરણ નહિ કરી કાય માટે અધિકારીઓ દ્વારા પુરવઠા ના દુકાનદારો પર સતત દબાણ કરવામાં આવતું હોવાનું જાણવા મળ્યું છે. અધિકારીઓ દ્વારા ઓનલાઈન નહિ તો ઓફલાઈન વિતરણ કરી ને કેરી બેગ નો ૧૦૦ ટકા જથ્થો પુરો કરવા જણાવવામાં આવ્યું હોવાનું પણ જાણવા મળ્યું છે ત્યારે કોઈક સંજોગો માં જો ગ્રાહકોના ફિંગર નહિ આવે




ત્યારે ઓફ લાઈન નહિ ચલાવતા આ અધિકારીઓ હવે કેરી બેગ માટે કેમ ઓફ લાઇન તૈયાર થઈ ગયા છે અને ઓફ લાઇન કરવાનો પણ મૌખિક મેસેજ આપતા અધિકારીઓ કેમ દુકાનદારો ને લેખિત જાણ કરતા નથી તેવા સવાલ ઉઠ્યા છે. બીજી બાજુ જાણવા મળ્યા મુજબ કેટલાક દુકાનદારો ને ત્યાં તો પહેલા કેરી બેગ આપી ગ્રાહકો ને વિતરણ કરાવી ત્યારે અનાજ આપ્યું ન હતું ત્યારબાદ અનાજ નો જથ્થો દુકાનદારો ને આપતા ગ્રાહકો ને બીજો ધક્કો ખાવા મજબૂર કર્યા હતા. આમ પુરવઠા ના અધિકારીઓ ના અનગઢ વહીવટ ના કારણે ગ્રાહકો અને દુકાનદારો બંને હેરાન થઈ રહ્યા છે. ટુંક સમયમાં આચાર સંહિતા લાગુ થવાની હોવાથી મોદી માં ફોટા વાળી કેરી બેગ નું વહેલા માં વહેલીતકે ૧૦૦ ટકા વિતરણ પુરો થાય તે માટે પુરવઠા ના દુકાનદારો પર રીતસર નું દબાણ કરતા અધિકારીઓ સમયસર દુકાનદારો ને બધો જથ્થો મળે.

# હારીજ ખાતે પત્રકાર એકતા પરિષદના તાલુકા કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો

નિતીન ઠાકર : ચાણસ્મા કાર્યાલયના શુભારંભ દરમિયાન પાટણ જીલ્લા હોમગાર્ડ કમાન્ડટ સંજયભાઇ ઠાકોર જિલ્લા પ્રમુખ તેમજ પ્રદેશ લેવલના હોદ્દેદારો તથા ચાણસ્મા સમી હારીજ તાલુકા પત્રકાર એકતા પરિષદના હોદ્દેદારો તેમજ હારીજ ખાતેના વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા અગ્રણીઓ અધિકારીઓ પદાધિકારીઓ હાજર રહ્યા. ગુજરાત રાજ્યમાં પત્રકાર એકતા પરિષદ બહોળો ફેલાવો ધરાવતું એક માત્ર સંગઠન છે જેમાં ૨૫૨ તાલુકા તેમજ ૩૩ જિલ્લાઓમાં પ્રસરેલા આ સંગઠન વધુમાં વધુ મજબૂત બને તેવા હેતુથી સમગ્ર ગુજરાત ભરમાં જિલ્લા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ કાર્યાલયનો શુભારંભ કરવાનું પ્રદેશ અધ્યક્ષ લાભુભાઈ કાત્રોડિયા દ્વારા જણાવ્યું છે ત્યારે પહેલા પાટણ જિલ્લા કાર્યાલય ત્યારબાદ ચાણસ્મા ખાતે કાર્યાલય નો




શુભારંભ કરાવ્યા બાદ આજે હારીજ તાલુકા પત્રકાર એકતા પરિષદનો કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો હતો જેમાં પાટણ જીલ્લા હોમગાર્ડ કમાન્ડટ સહિત મોટી સંખ્યામાં હારીજ શહેરના વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા અગ્રણીઓ અધિકારીઓ પદાધિકારીઓ તેમજ ચાણસ્મા સમી તાલુકાના પત્રકાર એકતા પરિષદના હોદ્દેદારો તથા પ્રદેશ હોદ્દેદારો ઉપસ્થિત રહી કાર્યક્રમને દિપાવ્યો હતો. આજરોજ હારીજ ખાતે આવેલ ગંજ બજાર રોડ પરના વેદાંત કોમ્પલેક્ષની અંદર હારીજ તાલુકા પત્રકાર એકતા પરિષદના કાર્યાલય નો શુભારંભ કરવામાં આવ્યો હતો જેમાં પ્રદેશ હોદ્દેદારોમાં કમલેશભાઈ પટેલ રાજુભાઈ પટેલ તેમજ જિલ્લા પત્રકાર એકતા પરિષદના પ્રમુખ પ્રકાશભાઈ નાડોદા જિલ્લા ઉપપ્રમુખ હસમુખભાઈ ઠક્કર હારીજ તાલુકા પ્રમુખ રવિભાઈ દરજી તેમજ પાટણ તાલુકા પ્રમુખ જયેશભાઈ ગજ્જર મહિલા પ્રમુખ મીરાબેન પટેલ,જય જલારામ સેવા સમિતિ હિતેશભાઈ ઠક્કર, હારીજ તાલુકા પત્રકાર એસોસિયેશન સ્થાનિક પ્રમુખ કનુભાઈ ઠાકર તથા ચાણસ્મા હારીજ સમી પાટણના પત્રકાર એકતા પરિષદના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.


દરેક ઘરમાં વીજળી આવી
દરેક ઘરમાં ખુશીઓ લાવી
૨૦૧૭ થી અત્યાર સુધીમાં
૧.૬૫ કરોડ
વીજ જોડાણો બહાર પાડવામાં આવ્યા છે.
■ ૧,૨૧,૩૨૪ મેજરનું વિદ્યુતીકરણ.
■ ૧૭૬ ટ્રાન્સમિશન સબ-સ્ટેશનો અને સંબંધિત પાવર લાઇનો રૂ. ૨૧ હજાર કરોડથી ઊર્જાવાન.
■ ૨૬૦૦ મેગાવોટના સોલાર પાવર પ્રોજેક્ટ્સ ઇન્સ્ટોલ કર્યા.
■ ગ્રામીણ વિસ્તારોમાં ૧૮ થી ૨૦ કલાક, તહેસીલ મુખ્યાલયમાં ૨૧ થી ૨૨ કલાક અને જિલ્લા મુખ્યાલયમાં ૨૪ કલાક વીજ પુરવઠો.
■ ૩૩/૧૧ KV ના ૭૪૦ નવા પાવર સબ-સ્ટેશનો સ્થપાયા અને ૧૫૮૯ પાવર સબ-સ્ટેશનોની ક્ષમતામાં વધારો થયો.
■ ટ્રાન્સમિશન સિસ્ટમની કુલ ક્ષમતા ૧૬૩૪૮ મેગાવોટથી વધીને ૨૮૯૦૦ મેગાવોટ થઈ છે.
■ કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટ, બાયો કોલસો, બાયો ડીઝલ/બાયો ઇથેનોલને પ્રોત્સાહન.
■ ગોરખપુરમાં કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટની સ્થાપના.
■ બુંદેલખંડ એક્સપ્રેસવેનો "સોલર એક્સપ્રેસવે" તરીકે વિકાસ.
■ ૩૨૮ મેગાવોટના સોલર રૂફટોપ પ્લાન્ટની સ્થાપના, અયોધ્યા અને વારાણસીનો મોડેલ સોલર સિટી તરીકે વિકાસ.
■ અયોધ્યામાં સોલાર સ્માર્ટ સ્ટ્રીટ લાઇટથી પ્રકાશિત ૧૦ કિલોમીટર લાંબો માર્ગ, વર્લ્ડ રેકોર્ડ.
■ ગ્રીન એનર્જી કોરિડોર ૨ પ્રોજેક્ટ હેઠળ બુંદેલખંડમાં સૌર ઉર્જા ઉત્પાદન માટે ૪૦૦૦ મેગાવોટ ક્ષમતાના સોલાર પાર્કનો વિકાસ.
■ સ્માર્ટ મીટરિંગ અને પાવર સિસ્ટમના આધુનિકીકરણ માટે રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ.
અવિરત વીજળીની ભેટ
ડબલ એન્જિનની સરકાર
માહિતી અને જનસંપર્ક વિભાગ, ઉત્તર પ્રદેશ

# અંકિતાએ ભૂતપૂર્વ બોયફ્રેન્ડ વિશે કહી દીધું કંઈક આવું

## બોલી, મને તેના વિશે વાત કરતા કોઈ રોકી નહીં શકે, છૂટાછેડાની અફવા ઉપર પૂર્ણવિરામ મૂક્યું





પવિત્ર રિશ્તા ફેમ એક્ટ્રેસ અંકિતા લોખંડે 'બિગ બોસ ૧૭'માં હતી. શોમાં તે ઘણી વખત એક્સ બોયફ્રેન્ડ સુશાંત સિંહ રાજપૂત વિશે વાત કરતી જોવા મળી હતી, જેના પર તેના સાસુ સહિત ઘણા લોકોએ વાંધો ઉઠાવ્યો હતો. હવે અંકિતા લોખંડેએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું છે કે આ તેમની પર્સનલ લાઈફ છે, તેને કોઈ રોકી શકશે નહીં. આ સિવાય અંકિતાએ પતિ વિકી જૈનથી છૂટાછેડાના સમાચાર પર પણ સ્પષ્ટતા આપી છે. અંકિતા લોખંડેએ હાલમાં જ એક મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં સુશાંત વિશે વાત કરી હતી. આ દરમિયાન અંકિતાએ સુશાંત વિશે વાત કરવાના વિવાદ પર કહ્યું, મને લાગે છે કે આ મારી જિંદગી છે. જો હું કોઈ વ્યક્તિ વિશે કંઈક સારું જાણું છું, તો હું હંમેશા તેના વિશે કહીશ. મને તેના વિશે વાત કરતા કોઈ રોકી શકશે નહીં. આ પછી શું વધે છે તે જજમેન્ટ છે.

અંકિતા લોખંડે તેના પતિ વિકી જૈન સાથે 'બિગ બોસ ૧૭'માં આવી હતી. બંને શોમાં ઘણી વખત લડતા જોવા મળ્યા હતા. શો ખતમ થયા પછી એવા સમાચાર આવ્યા હતા કે બંને છૂટાછેડા લેવાના છે, જો કે અંકિતાએ કહ્યું છે કે આ રિપોર્ટ સંપૂર્ણપણે પાયાવિહોણા છે. તેમણે કહ્યું, મને લાગે છે કે તમે જેને પ્રેમ કરો છો તેમને પ્રેમ કરતા રહેવું જોઈએ. તેનાથી કોઈ ફરક પડતો નથી. કારણ કે તે તમને પ્રેમ કરે છે, તે તમારી સાથે રહેશે અને ક્યાંય જશે નહીં. અંકિતા લોખંડે 'બિગ બોસ ૧૭'માં સેકન્ડ રનર અપ હતી. જોકે, તેમણે શો છોડતાની સાથે જ તેમને રણદીપ હુડ્ડા સાથે ફિલ્મ 'વીર સાવરકર'માં લીડ રોલ મળ્યો. આ ફિલ્મમાં તે રણદીપની પત્નીના રોલમાં જોવા મળશે.



# કેમ્પસ વાળા એક્ટરને આપવામાં આવે છે ફિલ્મો

## તાપસી પન્નુએ જણાવ્યું કે, 'પાર્ટીઓમાં જવાથી કેમ્પમાં જગ્યા મળે છે, પરંતુ હું આ ન કરી શકું'




તાપસી પન્નુ હંમેશા કેમ્પ કલ્ચર, ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહેલી બહારની ચર્ચા અને નેપોટિઝ્મ અંગે પોતાના મંતવ્યો વ્યક્ત કરતી રહી છે. હાલમાં જ તાપસીએ ઝૂમને આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તેમને મોટી ફિલ્મોમાં માત્ર એટલા માટે સ્થાન નથી મળતું કારણ કે તે કોઈપણ કેમ્પનો ભાગ નથી. તે કહે છે કે મોડી રાતની પાર્ટીઓમાં જવાથી તે કેમ્પમાં જગ્યા મળી શકે છે, પરંતુ તેમને આવી કોઈ પાર્ટીનો ભાગ બનવું પસંદ નથી.

તાપસીએ કહ્યું કે, અહીં બોલિવૂડના ઘણા કેમ્પ છે. નેપોટિઝમ, જેની આપણે વાત કરીએ છીએ, સમસ્યા એ છે કે લોકોને તે કેમ્પમાં સરળતાથી સ્થાન મળતું નથી. જો કોઈ પણ મોટા બજેટની ફિલ્મ બની રહી હોય તો મને ખાતરી છે કે કોઈ મારું અપમાન નહીં કરે અને કહેશે કે હું એ રોલ માટે યોગ્ય નથી, પણ હા, મને એ ફિલ્મમાં કામ આપવામાં આવશે નહીં, કારણ કે મારું નામ છે. આપવામાં આવશે અને કેમ્પના લોકોના નામ સૂચવવામાં આવશે. વધુમાં કહ્યું કે, કડવું સત્ય એ છે કે મોટી ફિલ્મો માત્ર એક્સેસ મેળવવાથી જ હાંસલ થાય છે અને મારી પાસે એ જગ્યા સુધી પહોંચવાની એક્સેસ નથી. ફિલ્મી પાર્ટીઓ એ એકમાત્ર રસ્તો છે જેના દ્વારા વ્યક્તિ તે કેમ્પનો ભાગ બની શકે છે. તમે તે લોકો સાથે સોશ્યલાઈઝ કરો છો, પછી તમે તેમની સાથે મિત્રતા કરો છો અને પછી તેઓ તમને કામ આપે છે. તે સારું છે, પરંતુ આ કરવા માટે તમારે રાત્રે ૧૦ વાગ્યા પછી પાર્ટીઓમાં જવું પડશે, પરંતુ મારા માટે આ ખૂબ જ થકવી નાખનારી પ્રક્રિયા છે. હું આ કરી શકતો નથી. આ કરવાને બદલે હું વધુ મહેનત કરીને અને સારું કામ કરીને ફિલ્મો હાંસલ કરું છું.

થપ્પડ, પિંક, હસીના દિલરૂબા જેવી શાનદાર ફિલ્મો બાદ તાપસી ટૂંક સમયમાં ૩ ફિલ્મોમાં જોવા મળશે. તેની પ્રથમ ફિલ્મ 'ફિર આઈ હસીના દિલરૂબા છે, જે હસીના દિલરૂબાની સિક્વલ છે. આ પછી તે પ્રતિક 'ગાંધી કે સાથ વો લડકી હૈ કહાં' અને 'ખેલ-ખેલ'માં જોવા મળશે, જેમાં અક્ષય કુમાર અને વાણી કપૂર લીડ રોલમાં છે.

# પરિણિતી ચોપરાનો હાલ પોતે પ્રેગનન્ટ હોવાનો ઈનકાર...

તાજેતરમાં પરિણિતી ચોપરાએ બહુ લૂઝ અને પેટ ઢંકાય તેવાં વસ્ત્રો ધારણ કરતાં તે પણ દીપિકા પાદુકોણ તથા ઋચા ચઢ્ઢા સહિતની અભિનેત્રીઓને પગલે પ્રેગનન્ટ છે કે શું તેવી અટકળો ફેલાઈ હતી. હવે પરિણિતીનાં નિકટવર્તી સૂત્રોએ આ અટકળોને નકારી છે. સૂત્રોએ કહ્યું હતું કે મહિલા ઢીલાં ઢીલાં વસ્ત્રો પહેરે તેટલા માત્રથી તે પ્રેગનન્ટ છે તેવો ખ્યાલ બાંધી લેવો એ બહુ ખોટી વાત છે. પરિણિતી અને રાઘવે હાલ ફેમિલીને વિસ્તારવાની બાબતમાં કશું નક્કી કર્યું નથી. રાઘવ આગામી લોકસભા ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત છે અને પરિણિતીએ પણ પોતાનાં સમગ્ર વર્ષના પ્રોફેશનલ કમિટમેન્ટસ યથાવત રાખ્યાં છે. પરિણિતી હાલ તેની આગામી ફિલ્મ 'ચમકીલા'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. પરિણિતીએ આ સમગ્ર વર્ષનાં પોતાનાં પ્રોફેશનલ કમિટમેન્ટસ યથાવત રાખ્યાં છે.

'આદિપુરુષ' ફિલ્મ એક મોટી ભૂલ...

# વિંદુ દારા સિંહે કહ્યું, 'મેકર્સને ડાયલોગ બદલવા માટે કહેવામાં આવ્યું હતું આમ છતાં પણ ન બદલ્યા'

વિંદુ દારા સિંહે હાલમાં પ્રભાસ અને ક્રિતી સૈનન સ્ટારર ફિલ્મ 'આદિપુરુષ' વિશે વાત કરી હતી. તેમણે આ ફિલ્મને મેકર્સની ભૂલ ગણાવી હતી. એક ઈન્ટરવ્યૂ દરમિયાન વિંદુ દારા સિંહે જણાવ્યું કે ફિલ્મના ડાયલોગ્સ પર ડાયરેક્ટર ઓમ રાઉત અને લેખક મનોજ મુન્તાશીરને સવાલ પૂછવામાં આવ્યા હતા. બંનેની પૂછપરછ કરવામાં આવી હતી. વિંદુએ 'આદિપુરુષ'ને 'મોટી ભૂલ' કહીને પોતાનો મત વ્યક્ત કર્યો. તેણે કહ્યું કે પ્રતિભાશાળી દિગ્દર્શક અને નિર્માતાઓ તરફથી આટલી મોટી ભૂલ જોઈને આશ્ચર્ય થાય છે. જો તેમનો ઈરાદો યુવા પેઢીને જવાબદારી સોંપવાનો હતો, તો તેમણે ઓછામાં ઓછું તેને યોગ્ય રીતે દર્શાવવું જોઈતું હતું.

વધુમાં કહ્યું કે, તે ખરેખર ચોંકાવનારું હતું, આવા પ્રતિભાશાળી નિર્દેશક અને નિર્માતાઓ આવી ભૂલ કેવી રીતે કરી શકે છે. જો તેઓ આનો બોજ બાળકો પર નાખવા માગતા હોય, તો તેઓએ ઓછામાં ઓછી યોગ્ય બાબતો બતાવવી જોઈતી હતી. મૂવી એક વાહિયાત હતી, એક મોટી ભૂલ હતી. મને આની અપેક્ષા નહોતી. ઓમ રાઉત દ્વારા



લંકાને સોનાની બનેલી હોવાને બદલે કાળી તરીકે દર્શાવવામાં આવી હોવાનો ઉલ્લેખ કરતા, વિંદુએ શેર કર્યું કે ફિલ્મમાં સામેલ કલાકારોએ ખરેખર ડાયરેક્ટ અને લેખકને સંવાદોમાં ફેરફાર કરવા વિનંતી કરી હતી. કારણ કે તેઓને લાગ્યું કે તેઓ ખોટા છે. જો કે, ફિલ્મ નિર્માતાઓએ ફેરફારો ન કરવાનું નક્કી કર્યું કારણ કે તેઓ માનતા હતા કે તેઓ કંઈક અસાધારણ બનાવી રહ્યા છે.

ફિલ્મ 'આદિપુરુષ'માં તેના નિર્માતાઓએ ભગવાન રામ, દેવી સીતા અને ભગવાન હનુમાન જેવા ધાર્મિક પાત્રોને શરમજનક રીતે દર્શાવીને મોટા પાયે લોકોની ભાવનાઓને ઠેસ પહોંચાડી હતી. નિર્માતાઓ સામે પણ કેસ નોંધવામાં આવ્યો હતો. જ્યાં કોર્ટે કહ્યું હતું- અમારા માટે આ ફિલ્મ પ્રથમ દૃષ્ટિએ ભારતીય બંધારણની કલમ ૧૯ હેઠળ નિર્ધારિત કસોટીને પાત્ર નથીપ માત્ર નબળી ભાષાના ફિલ્મના ડાયલોગ્સ જ નહીં, દેવી સીતાનું નિરૂપણ પણ ફિલ્મના ઘણા સીનમાં છે. ફિલ્મમાં પણ તેના પાત્ર પ્રત્યે અપમાનજનક છે. વિભીષણની પત્નીને દર્શાવતા કેટલાક દ્રશ્યો પણ પ્રથમ નજરે વાંધાજનક છે. રાવણ, તેની લંકા વગેરેનું ચિત્રીકરણ પણ ખૂબ રમુજી અને સસ્તું છે. કોર્ટે વધુમાં કહ્યું- આ પ્રકારની ફિલ્મ બનાવતી વખતે ફિલ્મ નિર્માતાઓ અને સંવાદ લેખકોએ મોટા પાયે પાત્રો અને સંવાદોને શરમજનક અને અશ્લીલ રીતે રજૂ કરીને લોકોની લાગણીઓ અને સંવેદનાઓને ધ્યાનમાં લીધી નથી, તે જાણીને પણ. આ પાત્રો પૂજાપાત્ર છે. આ સાથે, કોર્ટે એ વાત પર પણ ભાર મૂક્યો કે સેન્સર બોર્ડ સિનેમેટોગ્રાફ એક્ટ, ૧૯૫૨ની કલમ ૫-બી હેઠળ જારી કરાયેલ માર્ગદર્શિકાનું પાલન કર્યા વિના ફિલ્મની રિલીઝ માટે પ્રમાણપત્ર જારી કરતી વખતે તેની કાનૂની ફરજ પૂરી કરવામાં નિષ્ફળ ગયું.

કોર્ટે બે અરજીઓ પર સુનાવણી કરતી વખતે આ ટિપ્પણી કરી હતી જેમાં ફિલ્મ 'આદિપુરુષ'માંથી વાંધાજનક સંવાદો અને દ્રશ્યો હટાવવાની માગણી કરવામાં આવી હતી.

# મનીષા કોઈરાલાએ કર્યો ચોંકાવનારો ખુલાસો

## વિધુ વિનોદ ચોપરાએ કહ્યું હતું 'તું બહુ ખરાબ છે', ફિલ્મના સ્ક્રીન ટેસ્ટની વાત કહી



મનીષા કોઈરાલાએ ૧૯૯૧માં રિલીઝ થયેલી ફિલ્મ 'સૌદાગર'થી પોતાની હિન્દી ફિલ્મ કરિયરની શરૂઆત કરી હતી. પરંતુ મનીષાને અસલી ઓળખ ૧૯૯૪માં રિલીઝ થયેલી ફિલ્મ '૧૯૪૨-એ લવ સ્ટોરી'થી મળી હતી. હાલમાં જ મનીષાએ આ ફિલ્મ સાથે જોડાયેલી એક રમૂજી કિસ્સો શેર કર્યો છે. મનીષાએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યું હતું કે, જ્યારે મેં પહેલીવાર આ સીન વાંચ્યો ત્યારે હું ખૂબ જ ભાંગી પડી હતી. હું એટલી ભયંકર થઇ ગઈ હતી કે દિગ્દર્શક વિધુ વિનોદ ચોપરાએ મને સ્પષ્ટ કહ્યું કે મનીષા, તું બહુ ખરાબ છે. આ સાંભળીને મેં તેની પાસે ૨૪ કલાકનો સમય માગ્યો. મેં તેમને કહ્યું કે જો આ ૨૪ કલાકમાં પણ હું મારી જાતને સુધારી શકતી નથી, તો હું સ્વીકારીશ કે હું ખૂબ જ ખરાબ છું.

મનીષાએ વધુમાં જણાવ્યું કે આ સાંભળીને હું ઘરે ચાલી ગઈ હતી. તે સમયે તેમને સારી એક્ટિંગ અને ખરાબ એક્ટિંગ શું છે તે ખબર નહોતી. કારણ કે '૧૯૪૨- અ લવ સ્ટોરી' મનીષાની ત્રીજી કે ચોથી ફિલ્મ હતી. તેમણે કહ્યું- મારા હાથમાં માત્ર ૩-૪ શીટ હતી. મેં ઘરે જઈને એ શીટ અસંખ્ય વાર વાંચી. જ્યારે હું પરત ગઈ તારે ત્યારે મેં ફરીથી સ્ક્રીન ટેસ્ટ આપ્યો. જોકે, આ વખતે તેમને મારી એક્ટિંગ ગમી હતી.વિધુ વિનોદ ચોપરાની આ ફિલ્મ પછી મનીષા કોઈરાલાએ 'બોમ્બે', 'અકેલે હમ અકેલે તુમ', 'ખામોશી-ધ મ્યુઝિકલ', 'ઈન્ડિયન', 'ગુપ્ત', 'કચ્છે ધાગે' અને 'કંપની' જેવી ઘણી સફળ ફિલ્મોમાં કામ કર્યું હતું. મનીષા ટૂંક સમયમાં સંજય લીલા ભણસાલીની સિરીઝ 'હીરામંડી'માં જોવા મળશે. આ સિરીઝ સાથે સંજય લીલા ભણસાલી' પ્લેટફોર્મ પર ડેબ્યૂ કરતા જોવા મળશે.

## સિતારે ઝમીન પરની સ્ટોરી વિશે સંકેત, અગાઉ આમિર ખાને તારે ઝમીન પર ફિલ્મમાં ડિસ્લેક્સિયાથી પીડાતા બાળકની વાત કરી હતી...

# આમિર ખાન નવી ફિલ્મમાં ડાઉન સિન્ડ્રોમની વાત હશે



આમિર ખાન તેની નવી ફિલ્મ 'સિતારે ઝમીન પર'માં ડાઉન સિન્ડ્રોમ નામની બીમારીની વાત રજૂ કરશે. અગાઉ તેણે 'તારે ઝમીન પર' ફિલ્મમાં ડિસ્લેક્સિયાથી પીડાતા બાળકની વાત રજૂ કરી હતી. ડાઉન સિન્ડ્રોમ એક જેનેટિક ડિસ ઓર્ડર છે. તેમાં અસમાન્ય કોષ વિભાજનને કારણે ક્રોમોસમ ૨૧ની વધારાની પ્રતિકૃતિ રચાય છે. તેના કારણે બાળકના માનસિક વિકાસ અને બુદ્ધિમતાને લગતી તકલીફો સર્જાય છે. આ બીમારીને ટ્રાઈસોમી તરીકે પણ ઓળખવામાં આવે છે. આંતરિક સ્ત્રોતોના જણાવ્યા અનુસાર આમિરની 'તારે ઝમીન પર'ની સરખામણીએ 'સિતારે ઝમીન પર'મા સ્ટોરી પલ્ટાઈ જશે. આગલી ફિલ્મમાં એક શિક્ષકનું પાત્ર પોતાના વિદ્યાર્થીને મદદ કરે છે. પરંતુ, અહીં નવ તાલીમાર્થીઓ સાથે મળીને પોતાના પ્રશિક્ષકની મદદ કરશે એવી વાત છે.

# એક્ટર બન્યા પહેલાં વિવેક પિત્ઝા ડિલિવરી બોયનું કામ કરતો

## અનેક રાતો બિસ્કિટ ખાઈને વિતાવી હતી, સોનમ-અનુષ્કાની ફિલ્મમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો...



તસવીરમાં વાદળી કુર્તામાં દેખાતો વ્યક્તિ એક્ટર વિવેક દહિયા છે. તેની સાથે ટીવી એક્ટ્રેસ દિવ્યાંકા ત્રિપાઠી છે. બંનેએ ૨૦૧૬માં લગ્ન કર્યા હતા. વિવેકે 'યે હૈ મોહબ્બતેં', 'કવચ', 'નચ બલિયે' જેવા ટીવી શોમાં કામ કર્યું છે. વિવેકે ૨૦૨૩માં રિલીઝ થયેલી ફિલ્મ 'ચલ ઝિંદગી'માં લીડ રોલ નિભાવ્યો હતો.

વિવેકનું બાળપણ સામાન્ય હતું, પરંતુ ત્યાર બાદ તેમનું જીવન સંઘર્ષથી ભરેલું હતું. નાની ઉંમરે તેમને બાર અને ટિશ્યુ પેપર ફેક્ટરીમાં કામ કરવું પડ્યું. જ્યારે તે મુંબઈ ગયો ત્યારે મુશ્કેલી એટલી હતી કે તેમણે ઘણી રાત માત્ર પારલે જી બિસ્કિટ ખાઈને વિતાવી હતી.

'વધતી ઉંમર સાથે ફિલ્મો જોયા પછી સ્ટાર્સની લાઈફસ્ટાઈલ આકર્ષવા લાગી. મને હીરોની જેમ નાચવાનું, ગાવાનું અને વિચિત્ર સ્ટંટ કરવાનું મન થવા લાગ્યું, પણ ઘરે આ વાત કહેવાની મારામાં હિંમત નહોતી. પપ્પાની વિચારસરણી હંમેશાં અલગ હતી. હરિયાણાના એક ગામમાંથી આવીને ચંદીગઢમાં વકીલ તરીકે પોતાની જાતને સ્થાપિત કરવી તેમના માટે આસાન ન હતું. આ કામ પૂરું કરવામાં તેમને ૩૦-૩૫ વર્ષ લાગ્યાં'.

'આ જ કારણ હતું કે, તેઓ ઈચ્છતા હતા કે હું તેમના વારસાને આગળ વધારું અને વકીલ બનું. વકીલ બનવા સિવાય,અન્ય વિકલ્પો પણ હતા, પરંતુ તે સ્પષ્ટ હતું કે મારે એવા ક્ષેત્રમાં જવું જોઈએ જેમાં નોકરીની સુરક્ષા હોય. આવી સ્થિતિમાં મેં થોડા સમય માટે એક્ટર બનવાનો વિચાર છોડી જ દીધો હતો.' વિવેકે એક્ટર બનવાનો વિચાર છોડી દીધો હતો અને માસ્ટર ડિગ્રી માટે ઈંગ્લેન્ડ ગયો હતો. અહીં તેમણે ડી મોન્ટફોર્ટ યુનિવર્સિટીમાંથી બિઝનેસ મેનેજમેન્ટ કર્યું. વિવેકની આ જર્ની પણ સરળ નહોતી. અહીં પણ તેમને પોતાનું ગુજરાન ચલાવવા માટે સખત મહેનત કરવી પડી હતી.

જર્ની વિશે વિવેકે કહ્યું, 'ઈંગ્લેન્ડ જવાની મારી ઈચ્છા હતી અને ત્યાંનો સંઘર્ષ પણ મારો પોતાનો હતો. ત્યાં મારી પહેલી નોકરી ટિસ્યુ પેપર ફેક્ટરીમાં હતી. હું નાની ક્ષમતામાં કંપનીમાં જોડાયો કારણ કે ત્યાં એક નિયમ હતો કે તેઓ આંતરરાષ્ટ્રીય લોકોને ક્લાયન્ટનો સામનો કરતી નોકરીઓ આપતા ન હતા. એ કંપનીમાં મારું કામ ટિશ્યુ પેપર ગણવાનું હતું. હું દરરોજ રાત્રે ૫૦૦૦ ટિશ્યુ પેપર ગણતો. મેં ૨ મહિના કામ કર્યા પછી આ નોકરી છોડી દીધી.'

'મેં મારી બીજી નોકરી બારમાં કરી. હું ત્યાં બાર ટેન્ડર તરીકે જોડાયો, પણ ગ્લાસ કલેક્ટરનું કામ મળ્યું. પહેલા દિવસે, જ્યારે મેં આખી રાત ફ્લોર પર પડેલા ગ્લાસ એકઠા કરવામાં પસાર કરી, ત્યારે મારી પીઠની સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ. હું સીધો ઊભો પણ રહી શકતો ન હતો, પણ મજબૂરી હતી તેથી કામ ચાલુ રાખ્યું. સારી વાત એ હતી કે મારે અઠવાડિયામાં શુક્રવાર અને શનિવારે જ કામ પર જવાનું હતું. આવી સ્થિતિમાં શરીરને આરામ મળી જતો.'

'થોડા સમય પછી મેં આ નોકરી છોડી દીધી અને છૂટક દુકાનમાં ત્રીજી નોકરી કરી. અહીં મારે કપડાં પર સાઈઝના લેબલ લગાવવાના હતા. આ કામ ખૂબ જ આરામદાયક હતું. પછી કોલ સેન્ટરમાં ચોથી નોકરી કરી. આ જોબ છોડવાનો મારો કોઈ ઈરાદો નહોતો, પરંતુ લગભગ ૩ વર્ષ પછી કંપનીએ તમામ ઈન્ટરનેશનલ લોકોને છૂટા કરી દીધા અને મને પણ નોકરીમાંથી કાઢી મૂક્યો.'

'નિરાધાર, હું નોકરીની શોધમાં જગ્યાએ જગ્યાએ ભટકી રહ્યો હતો, ત્યારે મારી નજર એક બોર્ડ પર પડી જેના પર લખ્યું હતું - ડોમિનોઝ પિત્ઝા ડિલિવરી બોયની શોધમાં છે. જરા પણ સમય બગાડ્યા વિના હું નોકરી વિશે પૂછપરછ કરવા ગયો. થોડી ચર્ચા પછી જોબ કન્ફર્મ થઈ. અહીં ૬ મહિના કામ કર્યું, પછી તે પણ છોડી દીધું.'

'આ નોકરી છોડવાનું સૌથી મોટું કારણ એ હતું કે હું પિત્ઝાની ગંધથી પાગલ થઈ જતો હતો. સવાર-સાંજ બસ પિત્ઝા-પિત્ઝા. લંચ અને ડિનર માટે માત્ર પિત્ઝા જ ખાતો હતો. જાણે કે નસો લોહીને બદલે પિત્ઝાથી ભરાઈ ગઈ હોય. આ પછી કોલ સેન્ટરમાં કામ કર્યું, પછી તેની માસ્ટર ડિગ્રી પૂર્ણ કર્યા પછી બાદ ચંદીગઢ પાછો આવ્યો'.

# રાહુલ ડ્રેસિંગ રૂમમાં ખેલાડીઓના વખાણ કર્યા ભારતે ટેસ્ટ શ્રેણી ૪-૧થી જીતી લીધી



ભારત

ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ સિરીઝ જીત્યા બાદ ટીમ ઈન્ડિયાના હેડ કોચ રાહુલ દ્રવિડે ડ્રેસિંગ રૂમમાં તમામ ખેલાડીઓના વખાણ કર્યા હતા. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એ તેના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તે આ શ્રેણીની જીત માટે ટીમને શુભેચ્છા પાઠવી રહ્યા છે.

ભારતે ઈંઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી ૪-૧થી જીતી લીધી છે. પાંચ મેચની ટેસ્ટ શ્રેણીની છેલ્લી મેચ ધર્મશાલામાં રમાઈ હતી. ટીમ ઈન્ડિયાએ આ મેચ એક ઈનિંગ અને ૬૪ રને જીતી લીધી હતી. આ શ્રેણીમાં અમારા પર ઘણું દબાણ હતું દ્રવિડે કહ્યું, સૌથી પહેલા હું તમામ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને અભિનંદન આપવા માગુ છું. આ શ્રેણીમાં ઘણી વખત જોવા મળ્યું કે અમારા પર ઘણું દબાણ હતું પરંતુ તેમ છતાં અમે સારું પ્રદર્શન કર્યું અને સિરીઝ જીતી. આ એકદમ સારી વાત હતી. યુવા ખેલાડીઓએ ખૂબ સારું પ્રદર્શન કર્યું દ્રવિડે વધુમાં કહ્યું કે, આ શ્રેણીમાંથી અમને શીખવા મળ્યું કે અમે એક ગ્રુપ તરીકે કેટલા મજબૂત છીએ. આ ગ્રુપમાં ઘણા યુવા ખેલાડીઓ હતા જેમણે ખૂબ સારું પ્રદર્શન કર્યું હતું. તેઓએ જાણવું જોઈએ કે આપણે બધાએ દરેક પરિસ્થિતિમાં એકબીજાને ટેકો આપવો જોઈએ. તમે બેટ્સમેન હો કે બોલર, જો તમારે સફળ થવું હોય તો એકબીજાને સપોર્ટ કરવો જરૂરી છે. મને પૂરો વિશ્વાસ છે કે તમામ યુવા ખેલાડીઓ ભવિષ્યમાં સાથે રમશે અને ભવિષ્યમાં પણ એકબીજાને સાથ આપશે. ટેસ્ટ ક્રિકેટ સરળ નથી, તે ખૂબ જ મુશ્કેલ છે અને તમારે તેને રમવા માટે દરેક રીતે તૈયાર રહેવું જોઈએ. હું સપોર્ટ સ્ટાફનો પણ આભાર માનું છું. તે ઘણી લાંબી સિરીઝ હતી પરંતુ દરેકે પોતાનું કામ સારી રીતે કર્યું. તમે લોકોએ જે કંઈ હાંસલ કર્યું છે તેના માટે હું ખૂબ જ ખુશ છું. ઘણી વખત એવું બને છે કે જ્યારે આપણે કોઈ મેચમાં વિરોધી ટીમ કરતા આગળ હોઈએ છીએ, ત્યારે આપણે તેના પર સતત દબાણ બનાવીને મેચ જીતવી પડે છે. સિરીઝની શરૂઆત પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે અમારે ઘણા ઉતાર-ચઢાવનો સામનો કરવો પડી શકે છે, જો કે, અમે હાર ન માની અને શ્રેણી જીતી લીધી.

# હાર્દિક પંડ્યાની કેપ્ટનશીપમાં પહેલી વખત રમશે મુંબઈ

ભારત



આઈપીએલ ૨૦૨૪માં રોહિત શર્માના સ્થાને હવે હાર્દિક પંડ્યાની કેપ્ટનશીપમાં મુંબઈની ટીમ ચેમ્પિયન બનવા માટે પોતાની દાવેદારી નોંધાવશે. ઈનિંગ્સની શરુઆત ફરી એક વખત રોહિત શર્મા અને ઈશાન કિશાન કરતા જોવા મળી શકે છે.

ઈન્ડિયન પ્રીમિયર લીગની સૌથી સફર ટીમોમાંથી એક મુંબઈ ઈન્ડિયન્સ પહેલી વખત આઈપીએલ ૨૦૨૪માં હાર્દિક પંડ્યાની કેપ્ટનશીપમાં રમવા મેદાનમાં ઉતરશે. આઈપીએલ ૨૦૨૪ની હરાજી પહેલા હાર્દિક પંડ્યાને મુંબઈ ફેન્ચાઈઝીએ પોતાની ટીમમાં સામેલ કરી હતી. ત્યારબાદ રોહિત શર્માને દુર કરી હાર્દિક પંડ્યાને ટીમની કેપ્ટનશીપ આપવામાં આવી છે. ઈન્ડિયન પ્રીમિયર લીગની સૌથી સફર ટીમોમાંથી એક મુંબઈ ઈન્ડિયન્સ પહેલી વખત આઈપીએલ ૨૦૨૪માં હાર્દિક પંડ્યાની કેપ્ટનશીપમાં રમવા મેદાનમાં ઉતરશે. આઈપીએલ ૨૦૨૪ની હરાજી પહેલા હાર્દિક પંડ્યાને મુંબઈ ફેન્ચાઈઝીએ પોતાની ટીમમાં સામેલ કરી હતી. ત્યારબાદ રોહિત શર્માને દુર કરી હાર્દિક પંડ્યાને ટીમની કેપ્ટનશીપ આપવામાં આવી છે. મુંબઈને છઠ્ઠી વખત ચેમ્પિયન બનવવાની જવાબદારી હાર્દિક પંડ્યા પર હશે.

જેમણે પોતાની કેપ્ટશશીપમાં જ પહેલી વખત ગુજરાત તેના માટે ટીમની પ્લેઈંગ ૧૧ ખુબ ખાસ હશે.

# ગુજરાતના કેપ્ટને દરિયાકિનારે ટુવાલમાં આપ્યા હોટ પોઝ

ભારત

આઈપીએલ ૨૦૨૪ પહેલા ગુજરાત ટાઈટન્સના કેપ્ટને દરિયાકિનારે ટુવાલમાં આપ્યા હોટ પોઝ, જુઓ ફોટો

શુભમન ગિલ માટે ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમેલી ટેસ્ટ સીરિઝ યાદગાર રહેશે. ગિલે પાંચ મેચની કુલ ૯ ઈનિંગ્સમાં ૫૬.૫૦ની સરેરાશથી ૪૫૨ રન બનાવ્યા છે. આ દરમિયાન ગિલના બેટમાંથી ૩ અડધી સદી નીકળી છે. ધર્મશાળામાં રમાયેલી છેલ્લી ટેસ્ટ મેચમાં ગિલે ૧૧૦ રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી. ટેસ્ટ સીરિઝમાં ધમાલ મચાવ્યા બાદ ગિલ હવે વેકેશન માણી રહ્યો છે. શુભમન ગિલની ગણતરી ભારતીય ક્રિકેટ ટીમમાં સૌથી ડૈશિંગ ક્રિકેટર્સમાં કરવામાં આવે છે. ગિલ તેના લુક અને સ્ટાઈલથી સોશિયલ મીડિયા પર છવાયેલો રહે છે. ફરી એક વખત ભારતીય યુવા બેટ્સમેને પોતાના ઈન્સ્ટાગ્રામ પર કેટલાક ફોટો શેર કર્યા છે. જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ ફોટોમાં ગિલ હોટ લાગી રહ્યો છે. ગિલે ઈંગ્લેન્ડ સાથે રમાયેલી ટેસ્ટ સીરિઝમાં ૫ મેચમાં કુલ ૯ ઈનિંગ્સમાં ૫૬.૫૦ની સરેરાશથી ૪૫૨ રન બનાવ્યા છે. આ દરમિયાન ગિલના બેટમાંથી ૩ સદી આવી છે. ધર્મશાળામાં રમાયેલી છેલ્લી ટેસ્ટ મેચમાં ગિલે ૧૧૦ રનની ઈનિંગ્સ રમી છે. ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમેલી ટેસ્ટ સીરિઝમાં તેના બેટે ધમાલ મચાવી હતી. ધર્મશાળામાં શાનદાર ઈનિંગ્સ રમ્યા બાદ તે વેકેશન માણી રહ્યો છે. ગિલે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર ફોટો શેર કર્યો છે. જેમાં તે પોતાના એબ્સ દેખાડી રહ્યો છે. આ ફોટોમાં ગિલે શરીર પર ટુવાલ લપેટ્યો છે. તેના માથા પર એક કેપ પહેરી છે. ફોટોમાં ગિલની શાનદાર બોડી જોવા મળી રહી છે.

જે સૌ કોઈને પસંદ આવી રહી છે. શુભમન ગિલ આઈપીએલ ૨૦૨૪માં ગુજરાત ટાઈટન્સની કમાન સંભાળતો જોવા મળશે. આ સીઝનમાં ગિલ ટી ૨૦ વર્લ્ડકપ પહેલા તેના બેટથી ધમાકેદાર પ્રદર્શન કરવાની આશા રાખશે. શુભમન ગિલ આઈપીએલ ૨૦૨૪માં ગુજરાત ટાઈટન્સની કમાન સંભાળતો જોવા મળશે. આ સીઝનમાં ગિલ ટી ૨૦ વર્લ્ડકપ પહેલા તેના બેટથી ધમાકેદાર પ્રદર્શન કરવાની આશા રાખશે.આ ફોટોમાં ગિલે શરીર પર ટુવાલ લપેટ્યો છે. તેના માથા પર એક કેપ પહેરી છે. ફોટોમાં ગિલની શાનદાર બોડી જોવા મળી રહી છે. જે સૌ કોઈને પસંદ આવી રહી છે.



# છેલ્લા બોલ પર નિર્ણય, ૧ રનથી હારેલી દિલ્હી એક રનથી જીતી ગઈ

દિલ્હી



દિલ્હી કેપિટલ્સને આ સીઝનમાં ૨ વખત અંત સુધી લડ્યા બાદ હારનો સામનો કરવો પડ્યો હતો. સીઝનની પહેલી જ મેચમાં તેના છેલ્લા બોલ પર મુંબઈએ હાર આપી હતી. જ્યારે આરસીબી વિરુદ્ધ મેચ પહેલા તેને યુપી વિરુદ્ધ ૧ રનથી હાર મળી હતી. આ વખતે દિલ્હીએ બંન્નેનો બદલો બેંગ્લોર સાથે લીધો છે. વિમેન્સ પ્રીમિયર લીગની બીજી સિઝનમાં જો કોઈ એક ટીમ સૌથી રોમાંચક મેચોનો ભાગ રહી હોય તો તે દિલ્હી કેપિટલ્સ છે. ગત્ત સીઝનની રનર-અપ દિલ્હી કેપિટલ્સને આ સીઝનની પહેલી જ મેચમાં છેલ્લા બોલ પર હારનો સામનો કરવો પડ્યો હતો અને ત્યારબાદ તેને ૧ રનથી હાર મળી હતી. મેગ લૈનિંગની કેપ્ટનશીપ વાળી ટીમે આ વખતે જીત મેળવી છે. રોયલ ચેલેન્જર બેંગ્લોરને ૧ રનથી હાર આપી છે.

વિમેન્સ પ્રીમિયર લીગની બીજી સિઝનમાં જો કોઈ એક ટીમ સૌથી રોમાંચક મેચોનો ભાગ રહી હોય તો તે દિલ્હી કેપિટલ્સ છે. ગત્ત સીઝનની રનર-અપ દિલ્હી કેપિટલ્સને આ સીઝનની પહેલી જ મેચમાં છેલ્લા બોલ પર હારનો સામનો કરવો પડ્યો હતો અને ત્યારબાદ તેને ૧ રનથી હાર મળી હતી. મેગ લૈનિંગની કેપ્ટનશીપ વાળી ટીમે આ વખતે જીત મેળવી છે. રોયલ ચેલેન્જર બેંગ્લોરને ૧ રનથી હાર આપી છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રવિવાર ૧૦ માર્ચના રોજ સુપર મેચ રમાઈ હતી. જેમાં દિલ્હીએ પહેલા બેટિંગ કરી અને ૧૮૧ રનનો સ્કોર કર્યો હતો. ગત્ત મેચમાં યુપી વોરિયર્સ વિરુદ્ધ ૧૩૯ રનનો લક્ષ્યાંક મેળવવામાં અસફળ રહી હતી. દિલ્હીની બેટિંગ આ વખતે દમદાર રહી , તેના માટે શેફાલી વર્મા અને મેગ લૈનિંગની ઓપનિંગ જોડીએ પાવરપ્લેમાં જ ૫૦ રન પુરા કર્યા હતા. જેમિમા રોડ્રિગ્જ અને એલિસ કેપ્સીએ વિસ્ફોટક ઈનિંગ્સ રમી હતી. ભારતીય બેટ્સમેન રોડ્રિગ્જે પહેલા બાઉન્ડ્રીમાં વરસાદ કર્યો અને માત્ર ૨૬ બોલમાં અડધી સદી ફટકારી હતી. ત્યારબાદ એલિસ કૈપ્સીએ પણ રનનો ઢગલો કરી દીધો. બંન્ને વચ્ચે ૯૭ રનની પાર્ટનરશીપ થઈ હતી.

છેલ્લી ઓવરમાં બેંગ્લોરને ૧૭ રનની જરુર હતી. ઋચાએ પહેલા અને પાંચમા બોલ પર સિક્સ ફટકારી જીતની આશા જગાવી હતી. છેલ્લા બોલ પર ૨ રનની જરુર હતી પરંતુ જેસ જોનાસનના બોલને ઋચાએ સીધો ફિલ્ડરના હાથમાં આપ્યો હતો. શેફાલી વર્માનો થ્રો સીધો જોનાસનના હાથમાં આવ્યો. જેમણે ઋચાને રન આઉટ કર્યો અને ટીમ ૧ રનથી મેચ જીતી ગઈ હતી. આ સાથે તેમણે ટોપ-૩માં પોતાનું સ્થાન પાક્કું કરી લીધું હતુ.

# ભારત પાસેથી પોઈન્ટ ટેબલમાં નંબર-૧નો તાજ છીનવાય જશે?



ભારત

ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ માટે મુશ્કેલી, સમજો આખું ગણિત ભારતે ઈંગ્લેન્ડને ૫મી ટેસ્ટમાં હરાવી ડબલ્યુટીસી પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ મજબુત કરી લીધી છે. હવે ન્યુઝીલેન્ડ જીતે કે પછી ઓસ્ટ્રેલિયા કોઈ ભારતને પછાડી શકે તેમ નથી. ભારત પાસેથી ઉઝ પોઈન્ટ ટેબલમાં નંબર-૧નો તાજ છીનવાય જશે? ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ માટે મુશ્કેલી, સમજો આખું ગણિત રોહિત શર્માની આગેવાનીમાં ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડને ધર્મશાળામાં રમાયેલી ૫મી અને છેલ્લી ટેસ્ટ ઈનિંગ્સમાં ૬૪ રનના અંતરથી હાર આપી છે. આ જીત સાથે ભારતે ૫ મેચની આ સીરિઝને ૪-૧થી પોતાના નામે કરી છે. ટીમ ઈન્ડિયાએ આ સીરિઝ જીત્યાની સાથે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપના પોઈન્ટ ટેબલમાં પણ પોતાની સ્થિતિ મજબુત કરી લીધી છે. ભારતે આ જીત બાદ ૬૮.૫૧ ટકા અંકની સાથે પહેલા સ્થાન પર છે. હવે ચાહકોના મનમાં એ સાવલ છે કે, ક્રાઈસ્ટચર્ચમાં રમાઈ રહેલી ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા મેચનું ડબલ્યુટીસી પોઈન્ટ ટેબલ પર શું અસર પડશે? ઓસ્ટ્રેલિયા ત્રીજા સ્થાને છે શું ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયામાંથી કોઈ પણ એક આ મેચ જીતી ભારત પાસેથી નંબર વનનો તાજ છીનવી શકે છે? કારણ કે, બંન્ને ટીમ ભારતની ખુબ નજીક છે. જો તમારા મનમાં પણ આવા સવાલો આવી રહ્યા છે

તો આજે અમે તમને આનો જવાબ જણાવીશું. સૌથી પહેલા એક નજર ડબલ્યુટીસીના પોઈન્ટ ટેબલ પર કરીએ. ભારત બાદ ન્યુઝીલેન્ડ ૬૦ અંક સાથે પોઈન્ટટેબલમાં બીજા સ્થાન તો ઓસ્ટ્રેલિયા ૫૯.૯૦ અંક સાથે ત્રીજા સ્થાને છે. ટેસ્ટ જીતવા માટે ૨૭૯ રનનો લક્ષ્યાંક

ન્યુઝીલેન્ડે કાંગારુઓને ક્રાઈસ્ટચર્ચ ટેસ્ટ જીતવા માટે ૨૭૯ રનનો લક્ષ્યાંક આપ્યો છે. તમારી જાણકારી માટે જણાવી દઈએ કે, ભારત ડબલ્યુટીસી પોઈન્ટ ટેબલમાં પોતાની નંબર-૧ની સ્થિતિ એટલી મજબુત કરી ચૂક્યું છે કે, આ મેચ પર તેની કોઈ અસર પડશે નહિ.આનો મતલબ એવો થયો કે, ક્રાઈસ્ટચર્ચમાં ન્યુઝીલેન્ડ કે પછી ઓસ્ટ્રેલિયા કોઈની પણ જીત હોય, આનાથી ભારતની નંબર-૧ની પોઝિશન પર કોઈ અસર પડતી નથી.ચાલો સમજીએ કેવી રીતે. પોઈન્ટ ટેબલમાં પોઝિશન મામલે કોઈ પણ ફેરફાર નહી

જો ઓસ્ટ્રેલિયા ન્યુઝીલેન્ડને બીજી ટેસ્ટમાં હાર આપવામાં સફળ રહે છે, તો ડબલ્યુટીસી પોઈન્ટ ટેબલમાં ૬૨.૫ અંક સાથે બીજા સ્થાને પહોંચી જશે. તો ન્યુઝીલેન્ડના ખાતામાં ૫૦ ટકા જ અંક રહેશે અને તે ત્રીજા સ્થાન પર જશે. જો ન્યુઝીલેન્ડ ક્રાઈસ્ટચર્ચમાં કંગારુઓને ધુળ ચટાડવામાં કામયાબ રહ્યું તો તે ૬૬.૬૬ ટકા અંકની સાથે બીજા સ્થાન પર રહેશે. તો ઓસ્ટ્રેલિયાના ખાતામાં ૫૪.૧૬ અંક રહેશે. આ સ્થિતિમાં પોઈન્ટ ટેબલમાં પોઝિશન મામલે કોઈ પણ ફેરફાર નહિ થશે.

# ક્રિકેટર પાસે લગ્નની શોપિંગ કરવાનો પણ સમય ન હતો

અજિંક્ય મધુકર રહાણેનો જન્મ ૬ જૂન ૧૯૮૮ના રોજ મહારાષ્ટ્રમાં થયો છે. ભારતીય ક્રિકેટર અને ભૂતપૂર્વ કેપ્ટન અને ટેસ્ટ ફોર્મેટમાં ભારતીય ટીમના ભૂતપૂર્વ વાઈસ-કેપ્ટન છે, જેઓ ભારતીય ક્રિકેટ ટીમ માટે તમામ ફોર્મેટમાં રમી ચૂક્યો છે. હાલમાં તે રણજી ટ્રોફીમાં મુંબઈનો કેપ્ટન છે અને ન્માં ચેન્નાઈ સુપર રણજી ટ્રોફીની ટાઈટલ મેચ ૪૧ વખતની ચેમ્પિયન મુંબઈ અને બે વખતની ચેમ્પિયન વિદર્ભ વચ્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાઈ રહી છે.અજિંક્ય રહાણે રણજી ટ્રોફીની ફાઈનલ મેચ રમી રહ્યો છે. ક્રિકેટર મુંબઈ ટીમનો કેપ્ટન છે. આવો છે પરિવાર રહાણે મુખ્યત્વે ટેસ્ટ ફોર્મેટમાં મધ્યમ-ક્રમના બેટ્સમેન તરીકે અને વ્હાઈટ બોલમાં પણ રમે છે. તેમની કેપ્ટનશીપમાં ભારત માત્ર ૧ મેચ હારી ગયું હતું.રહાણેએ ૨૦૦૭-૦૮ની રણજી ટ્રોફી સિઝનમાં મુંબઈ માટે ફર્સ્ટ ક્લાસ ડેબ્યૂ કર્યું હતું.તેણે ઓગસ્ટ ૨૦૧૧માં માન્ચેસ્ટર ખાતે ઈંગ્લેન્ડ સામે ૨ઠૈંમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યુ કર્યું હતું.રહાણેએ માર્ચ ૨૦૧૩ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ટેસ્ટ ડેબ્યુ કર્યું હતું. તેની પ્રથમ ટેસ્ટ સદી ન્યુઝીલેન્ડ સામે બેસિન રિઝર્વ, વેલિંગ્ટન ખાતે ફટકારી હતી તેમની કપ્તાની હેઠળ ભારતે ઓસ્ટ્રેલિયામાં ૨૦૨૦-૨૧ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતી. મે ૨૦૨૧ સુધીમાં રહાણેં ઝઝ ટેસ્ટ બેટિંગ રેક્કિંગમાં ૬૧૨ પોઈન્ટ સાથે ૨૭મા ક્રમે છે. તેને માર્ચ ૨૦૨૨ માં મ્ઝઝૈં દ્વારા ગ્રેડ મ્નો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો.

તેમની કપ્તાની હેઠળ ભારતે ઓસ્ટ્રેલિયામાં ૨૦૨૦-૨૧ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતી. મે ૨૦૨૧ સુધીમાં રહાણેં ઝઝ ટેસ્ટ બેટિંગ રેક્કિંગમાં ૬૧૨ પોઈન્ટ સાથે ૨૭મા ક્રમે છે. તેને માર્ચ ૨૦૨૨ માં મ્ઝઝૈં દ્વારા ગ્રેડ મ્નો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો.૧૭ વર્ષની ઉંમરથી તેણે ભારતના ભૂતપૂર્વ બેટ્સમેન પ્રવિણ આમરે પાસેથી કોચિંગ લીધું હતું. રહાણેએ એસ. વી. જોશી હાઈસ્કૂલ, ડોમ્બિવલીમાંથી તેનું માધ્યમિક શાળાનો અભ્યાસ કર્યો છે.૧૭ વર્ષની ઉંમરથી તેણે ભારતના ભૂતપૂર્વ બેટ્સમેન પ્રવિણ આમરે પાસેથી કોચિંગ લીધું હતું. રહાણેએ એસ.વી. જોશી હાઈસ્કૂલ, ડોમ્બિવલીમાંથી તેનું માધ્યમિક શાળાનો અભ્યાસ કર્યો છે.

# રણજી ટ્રોફી ફાઈનલમાં મુંબઈની ટીમે ૨૨૪ રનનો સ્કોર પર ઓલઆઉટ



રણજી ટ્રોફીની ફાઈનલમાં વિદર્ભ કેપ્ટન અક્ષય વાડકરે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. અજિક્ય રહાણેની આગેવાની વાળી મુંબઈની ટીમે પહેલા બેટિંગ કરી હતી. મુંબઈની ટીમે પહેલી ઈનિંગ્સમાં ૨૨૪ રનનો સ્કોર પર ઓલઆઉટ થઈ છે. રણજી ટ્રોફીની ફાઈનલમાં મુંબઈ સામે વિદર્ભનો મોટો પડકાર છે. બંન્ને ટીમો મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં આમને સામને છે. આ મેચમાં વિદર્ભની ટીમનો કેપ્ટન અક્ષય વાડકરે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જ્યારે અજિક્ય રહાણેની આગેવાની મુંબઈ પહેલા બેટિંગ કરી હતી અને મુંબઈની ટીમે પહેલી ઈનિંગ્સમાં ૨૨૪ રનનો સ્કોર પર ઓલઆઉટ થઈ છે. મુંબઈ તરફથી શાર્દુલ ઠાકુરે સૌથી વધુ ૭૫ રનની ઈનિંગ્સ રમી હતી. શાર્દુલે ૬૯ બોલમાં ૮ ચોગ્ગા અને ૩ સિક્સની મદદથી ૭૫ રન બનાવ્યા છે.

ઉમેશ યાદવને ૨ સફળતા મળી તે પોતાની ટીમનો હાઈ સ્કોરર રહ્યો હતો. પૃથ્વી શોએ ૪૩ રનનું યોગદાન આપ્યું હતુ.,પૃથ્વી શો ૪૬ ભૂપેન લાલવાની ૩૭ વચ્ચે પહેલી વિકેટ માટે ૮૧ રનની પાર્ટનરશીપ થઈ હતી.પૃથ્વી શો અડધી સદીથી ચૂકી ગયો છે. તો અય્યર ૭ રન અને રહાણે ૭ રન સસ્તામાં પેવેલિયન પરત ફર્યો હતો. સ્પિનર હર્ષ દુબે અને યશ ઠાકુરે ૩-૩ સફળતા મળી છે તો આદિત્ય ઠાકરે પણ પોતાના ખાતામાં ૧ વિકેટ લીધી હતી. ૪૧ વખત મુંબઈએ ચેમ્પિયનનો ખિતાબ જીત્યો તમને જણાવી દઈએ કે, રણજી ટ્રોફીના ઈતિહાસમાં મુંબઈ ૪૧ વખતની ચેમ્પિયન છે જ્યારે વિદર્ભે માત્ર ૨ વખત ચેમ્પિયન બની છે. વિદર્ભ સેમિફાઈનલમાં મધ્યપ્રદેશને ૬૨ રનથી હાર આપી ફાઈનલમાં સ્થાન પાક્કું કર્યું હતુ. તો મુંબઈએ સેમિફાઈનલમાં તમિલનાડુને હાર આપી હતી. આ રણજી ટ્રોફીની ૪૮મી ફાઈનલ છે અને ૪૧ વખત મુંબઈએ ચેમ્પિયનનો ખિતાબ જીત્યો છે. આ ખિતાબ જીતવામાં સૂર્યકુમાર યાદવ અને સરફરાઝ ખાન મુંબઈની ટીમનો ભાગ નથી કારણ કે, સૂર્યકુમાર યાદવ ઈજાગ્રસ્ત છે અને સરફરાઝ ખાન ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટેસ્ટ સીરિઝ માટે ભારતીય ટીમનો ભાગ હતા.

# ૫ બેટ્સમેન ખાતું ખોલાવી શક્યા નહીં, ૪૯ બોલમાં ૧૬ રન બનાવી ટીમ ઓલઆઉટ થઈ

આ મેચમાં ર૩૦ રનના લક્ષ્યાંકનો પીછો કરવા મેદાનમાં ઉતરેલી ટીમ ૧૬ રનમાં જ સમેટાઈ ગઈ હતી. ફાઈનલ મેચમાં આ રીતે હારથી ટીમના નામે શર્મનાક રેકોર્ડ પણ નોંધાયો છે.ફાઈનલમા આવી શર્મનાક હારથી ટીમે અનેક રેકોર્ડ પોતાને નામ કર્યા છે. ૫ બેટ્સમેન ખાતું ખોલાવી શક્યા નહીં, ૪૯ બોલમાં ૧૬ રન બનાવી ટીમ ઓલઆઉટ થઈ પણે અનેક વખત જોયું હશે કે, નાના સ્કોરમાં આખી ટીમ આઉટ થાય છે. આનું શાનદાર ઉદાહરણ એશિયા કપ ૨૦૨૩ ફાઈનલ છે. જ્યારે શ્રીલંકાની બેટિગ ટીમ ફ્લોપ સાબિત થઈ હતી. શ્રીલંકાની ટીમ એશિયા કપ ૨૦૨૩ ફાઈનલમાં ૫૦ રનમાં આઉટ થઈ હતી. આ મેચ અને ટૂર્નામેન્ટ ટીમ ઈન્ડિયાએ ૧૦ વિકેટ લઈ મેચ પોતાના નામ કરી હતી. હવે વધુ એક આવીજ ઘટના જોવા મળી છે. આ કોઈ આંતરરાષ્ટ્રીય મેચ ન હતી, પરંતુ ટીર૦ લીગની મેચ હતી. આ મેચમાં ૨૩૦ રનના લક્ષ્યનો પીછો કરતા એક ટીમ ૧૬ રનમાં જ આઉટ થઈ હતી. ફાઈનલમાં આવી શર્મનાક હારથી ટીમે અનેક રેકોર્ડ પોતાને નામ કર્યા છે. આ સવાલોના જવાબ આપીને ભારતીય સુંદરીઓએ જીત્યો મિસ વર્લ્ડનો તાજ! ફાઈનલ મેચ ડરહમ અને મૈશોનાલેન્ડ ઈગલ્સ વચ્ચે ઝિમ્બામ્વે ડોમેસ્ટ્રિક ટી ૨૦ મેચની ફાઈનલ ૯ માર્ચના રોજ રમાઈ હતી. ફાઈનલ મેચ ડરહમ અને મૈશોનાલેન્ડ ઈગલ્સ વચ્ચે હતી. ડરહમે ટૉસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પહેલા બેટિંગ કરી ડરહમે ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવી ૨૨૯ રન બનાવ્યા હતા. ઓલી રોબિન્સને ૨૦ બોલમાં ૪૯ રન, બાસ ડી લીડે ૨૯ બોલમાં ૫૮ રન અને હેડન મસટર્ડે ૨૨ બોલમાં ૪૬ રનની ઈનિંગ્સ રમી હતી. ઈગલ્સ તરફથી તનાકા ચિવાંગા અને માર્શલ તકોદજાએ ૨-૨ વિકેટ લીધી હતી. હમજા સર્જ્જદ અને ઓવેન મુજોડોએ એક એક વિકેટ લીધી હતી.

## ખેલાડીઓ આઈપીએલના ઈતિહાસમાં ફટકારી હતી પહેલી સદી

આઈપીએલના ઈતિહાસની પહેલી મેચ વર્ષ ૨૦૦૮ના રોજ રમાઈ હતી. આ મેચમાં બ્રેંડન મૈકુલમે તોફાની ઈનિંગ્સ રમી હતી.તેના કારણે કેકેઆરની ટીમ મેચ જીતવામાં સફળ રહી હતી.આરસીબી વિરુદ્ધ ૭૩ બોલમાં જ ૧૫૮ રન બનાવ્યા હતા. આઈપીએલ ૨૦૨૪ની શરુઆત ૨૨ માર્ચથી શરુ થશે. પહેલી મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાશે. આઈપીએલના પહેલા ફેઝનું શેડ્યુલ પણ જાહેર થઈ ચૂક્યું છે. બાકી રહેલા શેડ્યુલની જાહેરાત ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ આવશે.

# ઓસ્ટ્રેલિયામાં ભારતીય મહિલાની રહસ્યમયી હત્યા

કેનબરા

શ્વેતાના પડોશીઓનું કહેવું છે કે તે ખૂબ જ જિંદાદિલ મહિલા હતી અને તેનો કોઈની સાથે કોઈ વિવાદ નહોતો. ઓસ્ટ્રેલિયામાં એક ભારતીય મહિલાની હત્યા કરવામાં આવી છે. શુક્રવારે વિક્ટોરિયા રાજ્યના બકલી વિસ્તારમાંથી ચૈતન્ય સ્વેતા મધાગનીનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે શનિવારે આ ઘટનાની જાણકારી આપી હતી. 'ઓસ્ટ્રેલિયા ટુડે'ના અહેવાલમાં પોલીસ સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે - અમને શંકા છે કે સ્વેતા હત્યારાને ઓળખતી હતી. તેના પતિનું નામ અશોક રાજ વારિકુપલા છે. તે તેના પાંચ વર્ષના પુત્ર સાથે થોડા કલાકો પહેલાં ભારતના હૈદરાબાદ જવા રવાના થયા હતા. રિપોર્ટમાં કોઈનું નામ જણાવાયું નથી, પરંતુ પોલીસ સૂત્રોને ટાંકીને એવું કહેવામાં આવ્યું છે કે હત્યારો ઓસ્ટ્રેલિયાથી બહાર ફરાર થઈ ગયો હોઈ શકે છે.

શ્વેતા અને અશોક તેમના પાંચ વર્ષના પુત્ર સાથે. આ તસવીર ઓસ્ટ્રેલિયા ટુડે દ્વારા જાહેર કરવામાં આવી છે. રિપોર્ટ અનુસાર ૫ થી ૭ માર્ચની વચ્ચે શ્વેતાની હત્યા કરવામાં આવી હોવાની આશંકા છે. આ દરમિયાન તેના પતિ ભારત ગયા હતા. નજીકના સંબંધીઓએ પણ આ વાતની પુષ્ટિ કરી છે. તેણે જણાવ્યું કે લગભગ તે સમયે જ્યારે અશોક ભારત જવા નીકળ્યો ત્યારે શ્વેતા પણ ગુમ થઈ ગઈ હતી.

સ્કાય ન્યૂઝના અહેવાલમાં જણાવાયું છે કે અશોકે ઓસ્ટ્રેલિયામાં તેના પડોશીઓ અને તેના કેટલાક સંબંધીઓને ફોન કરીને સ્વેતા વિશે માહિતી મેળવી હતી. અશોકે પોલીસ સાથે ફોન પર વાત કરી છે અને તપાસમાં મદદની ખાતરી આપી છે. 'ધ એજ' અખબાર સાથે વાત કરતાં પોલીસ પ્રવક્તાએ કહ્યું - અમને શંકા છે કે સ્વેતા હત્યારાને ઓળખતી હતી. જો કે તપાસ ચાલુ છે માની રહ્યા છીએ કે હત્યારો ઓસ્ટ્રેલિયામાંથી ફરાર થઈ ગયો છે. મેં તેને ક્યારેય કોઈની સાથે બોલાચાલી કરતા પણ જોઈ નથી. બીજા પાડોશીએ કહ્યું- મને સમજાતું નથી કે આ વિસ્તારમાં શું થઈ રહ્યું છે. જ્યાંથી સ્વેતાનો મૃતદેહ મળ્યો હતો ત્યાં લોકો અવારનવાર જાય છે. હવે જોઈએ કે તપાસમાં શું બહાર આવે છે.






## શ્વેતા અને પુત્રની આ તસવીર સ્કાય ન્યૂઝ દ્વારા જાહેર કરવામાં આવી છે

જ્યારે પોલીસને શ્વેતાનો મૃતદેહ મળ્યો તો તેમણે જંગલના આ વિસ્તારને સીલ કરી દીધો. જો કે, આ પછી કેટલીક કડીઓ મળી હતી અને તપાસનો વ્યાપ શ્વેતાના ઘરથી લઈને જ્યાંથી તેનો મૃતદેહ મળ્યો હતો ત્યાં સુધી લંબાવવામાં આવ્યો હતો. આ અંતર લગભગ ૮૨ કિલોમીટર છે. પોલીસના જણાવ્યા અનુસાર, ઘણા પુરાવા મળ્યા છે, પરંતુ તેનું ક્રોસ ચેક કરવું જરૂરી છે. દરેક એંગલ પર બારીકાઈથી ચકાસવામાં આવી રહ્યા છે. આ તસવીર સ્કાય ન્યૂઝ દ્વારા જાહેર કરવામાં આવી છે. પ્રથમ તસવીરમાં શ્વેતા તેના પુત્ર સાથે અને બીજી તસવીરમાં તેના પતિ અશોક સાથે દેખાય છે. તા ખૂબ જ હોશિયાર હતી ઓસ્ટ્રેલિયન ટુડે સાથે વાત કરતા શ્વેતાના નજીકના વ્યક્તિએ કહ્યું- આ ખૂબ જ ચોંકાવનારી ઘટના છે. તે ખૂબ જ હોશિયાર મહિલા હતી. જ્યારે પણ અમે તેને મળતા ત્યારે તે ખૂબ જ ખુશીથી મળતી હતી. એક પાડોશીએ કહ્યું- હું મારા જીવનમાં જેટલી પણ મહિલાઓને મળ્યો છું, તેમાંથી મેં શ્વેતા જેટલી ખુશમિજાજ મહિલા ક્યારેય જોઈ નથી. વિશ્વાસ નથી થતો કે તે આજે અમારી વચ્ચે નથી.

# અમેરિકન એડલ્ટ સ્ટાર સોફિયા લિયોનનું મોત

એડલ્ટ સ્ટાર સોફિયા લિયોનનું અમેરિકાના ન્યૂ મેક્સિકો સ્ટેટમાં નિધન થયું છે. ન્યૂયોર્ક પોસ્ટના અહેવાલ મુજબ, સોફિયાના એપાર્ટમેન્ટમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. જો કે તેના મોતનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. તેની હત્યાની આશંકા છે. ૨૬ વર્ષીય સોફિયાના સાવકા પિતા માઈક રોમેરોએ ગો ફંડ મી વેબસાઈટ પર તેમની પુત્રીના મૃત્યુની માહિતી આપી હતી. માઈકે વેબસાઈટ પર સોફિયાના અંતિમ સંસ્કાર માટે ૫ લાખ રૂપિયાનું ભંડોળ એકત્ર કર્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સોફિયાના મોતની ચોરી અને હત્યાની શંકા સાથે તપાસ કરવામાં આવી રહી છે. સોફિયા પાસે ૩ પાળતુ પ્રાણી હતા. સોફિયાના ગો ફંડ મી પેજ પર લખ્યું હતું- સોફિયાના આકસ્મિક મૃત્યુથી પરિવાર અને મિત્રોને ઊંડો આઘાત લાગ્યો છે. તે તેના પરિવાર અને મિત્રો માટે ખૂબ જ પ્રિય પુત્રી, બહેન, પૌત્રી અને મિત્ર હતી. તેને હરવા-ફરવાનો શોખ હતો. તે હંમેશા તેની આસપાસના લોકોને ખુશ રાખતી હતી. સોફિયા પાસે ૩ પાળતુ પ્રાણી પણ હતા અને તે પ્રાણીઓને ખૂબ પ્રેમ કરતી હતી. તેના મૃત્યુ બાદ પત્રકાર વેરોનિકા લોપેઝે કહ્યું- સોફિયા હંમેશા આપણા બધાની યાદોમાં રહેશે. સોફિયાનો જન્મ ૧૦ જૂન, ૧૯૯૭ના રોજ અમેરિકાના



મિયામીમાં થયો હતો. સોફિયાના સ્ટ્રીમ પેજ મુજબ, તેણે ૨૦૧૪માં ૧૮ વર્ષની ઉંમરે એડલ્ટ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો હતો. તેમની કુલ સંપત્તિ ૮૨૭ કરોડ રૂપિયા હતી. સોફિયા ૧૦૧ મોડલિંગ કંપની સાથે સંકળાયેલી હતી. કંપનીએ પણ સોફિયાના મૃત્યુના સમાચારની પુષ્ટિ કરી છે. તેણે અત્યાર સુધીમાં લગભગ ૮૦ ફિલ્મોમાં કામ કર્યું છે. સોફિયા સાથે કામ કરનારા ઘણા લોકોએ તેના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. અમેરિકન એડલ્ટ સ્ટાર કેગની કાર્ટરે ફેબ્રુઆરીમાં આત્મહત્યા કરી હતી. તે માનસિક તણાવથી પીડાતી હતી. એડલ્ટ સ્ટાર કેગ્નીએ ફેબ્રુઆરીમાં આત્મહત્યા કરી હતી સોફિયા પહેલાં, આ વર્ષે ૩ વધુ એડલ્ટ સ્ટાર્સ કેગની લિન કાર્ટર, જેસી જેન અને થિના ફિલ્ડ્સનું અવસાન થયું. કેગની કાર્ટરે ફેબ્રુઆરીમાં આત્મહત્યા કરી હતી.

# કેટ મિડલટનનાપર વિવાદ, ચેડાંની આશંકા :ન્યૂઝ એજન્સીઓએ પોતાના પ્લેટફોર્મ પરથી તસવીર હટાવી દીધી


**આ તસવીર પ્રિન્સેસ ઓફ વેલ્સ કેટ મિડલટનની છે. જાન્યુઆરી ૨૦૨૪માં તેમની સર્જરી કરાઈ હતી. તેમને પેટની તકલીફ હતી. બ્રિટનના રાજકુમારી કેટ મિડલટનની જાન્યુઆરીમાં પેટની સર્જરી કરાઈ હતી. સર્જરી બાદ ૧૦ માર્ચે તેમની પ્રથમ તસવીર સામે આવી હતી. હવે આ તસવીર બાબતે વિવાદ શરૂ થઈ ગયો છે. એવી આશંકા છે કે આ તસવીર સાથે ચેડાં કરવામાં આવ્યા છે. આ જ કારણ છે કે મોટાભાગની ન્યૂઝ એજન્સીઓએ તેમના પ્લેટફોર્મ પરથી આ તસવીર હટાવી દીધી છે. તસવીરમાં કેટ પોતાના ત્રણ બાળકો જોર્જ, ચાર્લેટ અને લુઈસ સાથે હસતા દેખાય છે. ૪૨ વર્ષીય પ્રિન્સેસ ઓફ વેલ્સ કેટ મિડલટનને પેટની તકલીફ હતી. તેમની સર્જરી કરવામાં આવી હતી અને તેઓ બે અઠવાડિયા સુધી હોસ્પિટલમાં રહ્યા હતા.**

કોણે ચેડાં કર્યા તેની માહિતી નથી ન્યૂઝ એજન્સી રોઈટર્સના રિપોર્ટ મુજબ રોઈટર્સ, એસોસિએટેડ પ્રેસ અને છ્ફ્ર સહિતની ઘણી ન્યૂઝ એજન્સીઓએ તેમના પ્લેટફોર્મ પરથી કેટનો ફોટો હટાવી દીધો છે. રોઈટર્સના એડિટર્સનું કહેવું છે કે એવું લાગે છે કે ફોટા સાથે ચેડાં કરવામાં આવ્યા છે. જો કે આ કોણે કર્યા છે તેની માહિતી મળી નથી. તસવીરમાં દેખાઈ રહ્યું છે કે કેટ મિડલટન ગાર્ડનમાં ખુરશી પર બેઠા છે અને તેમણે જીન્સ, સ્વેટર અને જેકેટ પહેર્યું છે. આ તસવીર કેટના પતિ પ્રિન્સ વિલિયમે ક્લિક કરી હતી. તસવીર સાથેના કેપ્શનમાં લખ્યું છે, 'છેલ્લા બે મહિનાથી તમારી પ્રાર્થના અને સહકાર બદલ આભાર. દરેકને મધર્સ ડેની શુભેચ્છા. હવે ફોટોને પોતાના પ્લેટફોર્મ પરથી હટાવીને સમાચાર એજન્સીઓએ અહેવાલ આપ્યો છે કે એવું લાગે છે કે ફોટા સાથે ચેડાં કરવામાં આવ્યા છે. જે બાબતોને લઈને સવાલો ઉભા થયા છે તેમાં કેટ મિડલટનના ખભો દેખાતા નથી. સાથે જ તેમની આંગળીમાં પણ કોઈ રિંગ નથી. ઉલ્લેખનીય છે કે પેટની સર્જરી બાદ કેટ મિડલટન જાહેરમાં દેખાયા નથી. આ જ કારણ છે કે કેટ મિડલટનના સ્વાસ્થ્યને લઈને ચિંતાઓ ઉભી થઈ છે. પ્રિન્સ વિલિયમે ફોટો ક્લિક કર્યો હતો હાલમાં આ વિવાદ મામલે રાજવી પરિવાર તરફથી કોઈ નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. જો કે, જે દિવસે આ ફોટો રીલીઝ કરવામાં આવ્યો હતો, તે દિવસે રોયલ ફેમિલીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ ફોટો કેટના પતિ પ્રિન્સ વિલિયમે વિન્ડસર પેલેસમાં ક્લિક કર્યો હતો. કેટે પોતાના ઠ એકાઉન્ટ પર ફોટો શેર કરતા લખ્યું હતું- છેલ્લા બે મહિનાથી મળતા સતત આપના સહકાર બદલ આભાર.



**આરોપ- કેટ મિડલટને લગ્ન પહેલા ફર્ટિલિટી ટેસ્ટ કરાવ્યો હતો :** આ પહેલીવાર નથી કે જ્યારે કેટને લઈને વિવાદ થયો હોય. ગયા વર્ષે, એક પુસ્તકમાં દાવો કરવામાં આવ્યો હતો કે પ્રિન્સેસ ડાયનાની પુત્રવધૂ કેટ મિડલટન (પ્રિન્સ વિલિયમની પત્ની)ને લગ્ન પહેલાં ફર્ટિલિટી ટેસ્ટ કરાવ્યો હતો. આનું કારણ એ હતું કે તે કોઈ શાહી પરિવારમાંથી નહોતા.બ્રિટિશ રાજવી પરિવારની નજીક રહેલા ટોમ ક્વિને ગિલ્ડેડ યુથઃ એન ઈન્ટીમેટ હિસ્ટ્રી ઓફ ગ્રોઈંગ અપ ઈન ધ રોયલ ફેમિલી નામનું પુસ્તક લખ્યું હતું. પ્રિન્સેસ ડાયના અને પ્રિન્સેસ કેટ મિડલટન પર આ પુસ્તકમાં એક પ્રકરણ છે. આમાં લેખકે મહત્વનો ઘટસ્ફોટ કર્યો છે. આ મુજબ ૧૯૮૧માં પ્રિન્સ ચાર્લ્સ અને ડાયનાના લગ્ન થયા ત્યારે ડાયનાનો ફર્ટિલિટી ટેસ્ટ કરવામાં આવ્યો હતો. કેટ મિડલટન (પ્રિન્સ વિલિયમની પત્ની)એ પણ લગ્ન પહેલા ૨૦૧૧માં આ ટેસ્ટ કરાવ્યો હતો.

# દાવો- મોદીના કારણે રશિયા-યુક્રેન પરમાણુ યુદ્ધ અટક્યું



અમેરિકા

અમેરિકાના અધિકારીઓએ ફોન કરતા પુતિને પઆ તસવીર ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૨ની છે. વડાપ્રધાન બેઠકમાં રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથે મુલાકાત કરી હતી. આ બેઠક ઉઝબેકિસ્તાનના સમરકંદમાં યોજાઈ હતી. આ તસવીર ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૨ની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૨મી બેઠકમાં રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથે મુલાકાત કરી હતી. આ બેઠક ઉઝબેકિસ્તાનના સમરકંદમાં યોજાઈ હતી. ૨૦૨૨માં રશિયા અને યુક્રેન વચ્ચે પરમાણુ યુદ્ધ થવાનું હતું. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન પર પરમાણુ હુમલાની યોજના બનાવી હતી. બાદમાં પીએમ મોદીના કારણે પરમાણુ યુદ્ધનો પ્લાન બદલ્યો હતો. આ દાવો બે અમેરિકન અધિકારીઓએ કર્યો છે. ઝ્રદ્ગદ્ગએ અધિકારીઓને ટાંકીને કહ્યું કે તે સમયે અમેરિકી વહીવટીતંત્ર પુતિનના વલણથી ખૂબ નારાજ થઈ ગયું હતું. ત્યારબાદ બાઈડને ભારત સહિત અનેક દેશો પાસેથી સહયોગ માંગ્યો હતો. વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, અમે તે સમયે જે કર્યું તેમાંથી એક માત્ર રશિયાને સીધો સંદેશ મોકલવાનો હતો. તેના બદલે તે દેશો પાસેથી પણ મદદ માંગી હતી, જેના શબ્દો પુતિન સુધી પહોંચી શકે. તે સમયે બહારથી કરવામાં આવેલ દબાણ ખૂબ કામ આવ્યું હતું. યુએસ અધિકારીઓનું કહેવું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સંકટને ટાળવામાં મદદ મળી હતી. ૨૦૨૨માં ખેરસનમાં તણાવને કારણે પરમાણુ હુમલો થઈ શકતો હતો રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રશિયાના પરમાણુ હુમલાના ભણકારા ૨૦૨૨ના અંતમાં જણાતા હતા. જ્યારે યુક્રેનની સેના દક્ષિણમાં રશિયાના કબજા હેઠળના ખેરસનમાં ઝડપથી આગળ વધી રહી હતી. તેમણે રશિયન સૈન્યને સંપૂર્ણપણે ઘેરી લીધું હતું. આ એવા સંજોગો હતા જે રશિયન સરકારને પરેશાન કરી રહ્યા હતા.

# ચીને માલદીવ્સમાં પોતાના પગ જમાવવાનું અભિયાન તેજ કર્યું

ચીન

ચીનની કંપનીઓ ૧૨ હજાર કરોડ રૂપિયાના ખર્ચે આ ટાપુઓને પ્રવાસન માટે ડેવલપ કરશે. માલદીવ્સે હાલમાં જ ઘણા ટાપુના વિકાસ પ્રોજેક્ટ શરૂ કર્યા છે. ચીનની યાત્રા દરમિયાન રાષ્ટ્રપતિ મુઈઝ્ઝુએ ચીનને માલદીવ્સમાં વધુને વધુ પ્રવાસીઓને મોકલવાની અપીલ કરી હતી. આ વર્ષના પ્રથમ બે મહિનામાં ચીનના ૪ લાખ પ્રવાસીઓ માલદીવ્સ પહોંચ્યા છે. માલદીવ્સ અને ચીન વચ્ચે જાન્યુઆરી ૨૦૨૪માં રાસમાલેમાં ૩૦ હજાર આવાસ એકમો બનાવવાનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. માલદીવ્સે તુર્કી પાસેથી ડ્રોન ખરીદ્યા ભારત સાથેના તણાવ વચ્ચે માલદીવ્સે પહેલીવાર તુર્કી પાસેથી મિલિટરી ડ્રોન ખરીદ્યા છે. આનો ઉપયોગ દરિયાઈ સરહદની સુરક્ષા માટે કરવામાં આવશે. માલદીવ્સના મીડિયા અધાધુ ન્યૂઝ અનુસાર,



આ ડ્રોન ૩ માર્ચે માલદીવ્સને પહોંચાડવામાં આવ્યા હતા, જે હાલમાં નુનુ માફારુ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રખાયા છે. માલદીવ્સ સરકારે હજુ સુધી ડ્રોન ખરીદવા અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. ફ્લાઈટ રડાર વેબસાઈટ અનુસાર, વિમાન તુર્કીના ટેકિડાગથી માલદીવ્સ એરપોર્ટ પહોંચ્યું હતું. ટેકિડાગમાં ટર્કિશ ડ્રોન ઉત્પાદન કંપની બાયકર બેયરેક્તાર કંપનીનું શિપમેન્ટ સેન્ટર છે. આ પછી, એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે તુર્કીએ તેના ્ર્ર ડ્રોન માલદીવ્સને સપ્લાય કર્યા છે.

રિપોર્ટ- મુઈઝ્ઝુ સરકારે ડ્રોન ખરીદવા માટે ૩૦૦ કરોડ રૂપિયાનું બજેટ રાખ્યું હતું આ પહેલા અધાધુએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ મુઈઝ્ઝુની સરકારે ડ્રોન ખરીદવા માટે બજેટમાંથી ૩૦૦ કરોડ રૂપિયાથી વધુની ફાળવણી કરી છે. માલદીવ્સના સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે સરકાર રોડ-રસ્તા, સમુદ્ર અને હવાઈ માર્ગે દેશની સુરક્ષામાં સેનાની મદદ કરવા માટે આધુનિક સાધનો ખરીદી રહી છે.

# ચીનમાં ઈન્ટરનેટનો ઉપયોગ વધુ મુશ્કેલઃબે દિવસ ચાલેલી સરકારી બેઠકમાં ખાનગી નેટવર્ક પણ અસરકારક ન રહ્યા

બેઇજિંગ

ચીનમાં ગયા અઠવાડિયે થયેલી રાજકીય બેઠક દરમિયાન ઈન્ટરનેટ એક્સેસ ખૂબ જ મુશ્કેલ સાબિત થઈ હતી. આ સમયગાળા દરમિયાન, વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક (ફઁદ્ર) પણ બહુ અસરકારક સાબિત થયું નથી. જાપાન ટાઈમ્સના અહેવાલ મુજબ શી જિનપિંગ સરકાર આવનારા સમયમાં ઈન્ટરનેટ પર કડકાઈ વધારવા જઈ રહી છે.

ચીનમાં વિશ્વની તમામ મહત્વની વેબસાઈટની ઍક્સેસ નથી. આને સરકારે બ્લોક કરી દીધા છે. જો કે આ વેબસાઈટ્સ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ ફઁદ્ર દ્વારા એક્સેસ કરી શકાય છે, આ નેટવર્ક્સને એક્સેસ કરવું પણ સરળ નથી. સભા દરમિયાન જ કડકતા શા માટે રિપોર્ટ અનુસાર, ગયા અઠવાડિયે યોજાયેલી કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના (ઝ્રઁઝ્ર)ની બેઠક ભવિષ્ય માટે રાજકીય એજન્ડા નક્કી કરવાના હેતુથી હતી. આમાં મીડિયાને એન્ટ્રી આપવામાં આવી ન હતી. દર વર્ષે યોજાતી આ બેઠક પછી, પ્રીમિયર પ્રેસ કોન્ફરન્સ કરે છે. ૩૦ વર્ષથી ચાલી આવતી આ પરંપરા આ વખતે તોડવામાં આવી. પ્રેસ કોન્ફરન્સ થઈ ન હતી. ચીન પર નજર રાખનારા નિષ્ણાતો માને છે કે સરકાર નબળી પડી રહેલી અર્થવ્યવસ્થા અને અન્ય દેશો સાથેના તણાવને લઈને પૂછવામાં આવતા પ્રશ્નોનો સામનો કરવા માગતી નથી. રિયલ એસ્ટેટ ક્ષેત્ર પણ લગભગ નાશ પામ્યું છે. આ બેઠકમાં હજારો પ્રતિનિધિઓ હાજર હતા, પરંતુ સામાન્ય રીતે તેના વિશેની માહિતી બહાર આવી શકી ન હતી અને આવું પહેલીવાર બન્યું નથી. લોકોને આશા હતી કે આ માહિતી ફઁદ્ર દ્વારા બહાર આવી શકશે, કારણ કે ફઁદ્રનો ઉપયોગ ચીનમાં ગેરકાયદેસર નથી. જો કે, ફઁદ્ર પણ અસરકારક સાબિત થયું નથી. સરકારે આમાં પણ અવરોધો ઉભા કર્યા છે. કહ્યું સર્વિસ પ્રોવાઈડર્સે ફઁદ્ર સેવા પ્રદાતાઓની મોટી બ્રાન્ડ એસ્ટ્રિલના એક અધિકારીએ ન્યૂઝ એજન્સી છહ્લને જણાવ્યું - ચીનમાં હવે ઈન્ટરનેટ અને ફઁદ્રની ઍક્સેસ ખૂબ જ મુશ્કેલ બની રહી છે. આવનારા સમયમાં આમાં વધુ વધારો થશે. ખાસ કરીને જો ત્યાં રાજકીય મીટિંગ થઈ રહી હોય તો અમે કંઈ કરી શકતા નથી. ગયા સપ્તાહની મીટિંગ દરમિયાન મોટાભાગના ફઁદ્ર કામ કરી રહ્યા ન હતા. હવે અમે ફરીથી સેવા સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ચીનમાં સરકારની મંજૂરી વિના ફઁદ્રનો ઉપયોગ કરી શકાતો નથી. ઈન્ટરનેટ તો દૂરની વાત છે. ટ્વિટર, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક સિવાય, યુટ્યુબની પણ ઍક્સેસ નથી. હજારો વેબસાઈટ્સ કાયમી ધોરણે અવરોધિત છે. જો કોઈ ફઁદ્ર દ્વારા પણ બ્લોક કરેલી વેબસાઈટને એક્સેસ કરવાનો પ્રયાસ કરે છે, તો તેની દેખરેખ શરૂ થઈ જાય છે.



# કોણ છે આસિફા જે પાકિસ્તાનની પ્રથમ મહિલા બનશે

આસિફ અલી ઝરદારીએ તેમની પુત્રી આસિફા ભુટ્ટો ઝરદારીને ઔપચારિક રીતે દેશની પ્રથમ મહિલા તરીકે માન્યતા આપવાનો નિર્ણય કર્યો છે. સામાન્ય રીતે પ્રથમ મહિલાનું બિરુદ રાષ્ટ્રપતિની પત્નીને જ આપવામાં આવે છે. પરંતુ પાકિસ્તાનમાં આ પહેલીવાર બનશે જ્યારે રાષ્ટ્રપતિની પુત્રીને આ પદ આપવામાં આવશે.ર્સ્ટ લેડીનું નામ સાંભળતા જ મગજમાં એક જ વાત આવે છે કે તે રાષ્ટ્રપતિની પત્ની છે. પરંતુ પાકિસ્તાનમાં હવે આ પદ રાષ્ટ્રપતિની પુત્રીને આપવામાં આવી રહ્યું છે. દેશના નવનિયુક્ત રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ તેમની પુત્રી આસિફા ભુટ્ટો ઝરદારીને દેશની પ્રથમ મહિલા તરીકે ઔપચારિક માન્યતા આપવાનો નિર્ણય કર્યો છે. સામાન્ય રીતે પ્રથમ મહિલાનું બિરુદ રાષ્ટ્રપતિની પત્નીને જ આપવામાં આવે છે. પાકિસ્તાનના રાજકીય ઈતિહાસમાં આવું પહેલીવાર બનશે જ્યારે દેશના રાષ્ટ્રપતિએ પ્રથમ મહિલા પદ માટે પોતાની પુત્રીના નામની જાહેરાત કરવાનો નિર્ણય લીધો હોય. ઝરદારીના આ નિર્ણયે તેમની પુત્રી આસિફાને ફર્સ્ટ લેડીના પ્રતિષ્ઠિત પદ સુધી પહોંચાડી છે.

આ સાથે તે પ્રથમ મહિલા બનનારી રાષ્ટ્રપતિની પ્રથમ પુત્રી હશે. એવું કહેવામાં આવી રહ્યું છે ઓફિશિયલ જાહેરાત પછી આસિફા ભુટ્ટો ઝરદારીને પ્રથમ મહિલા મુજબ પ્રોટોકોલ અને વિશેષાધિકારો આપવામાં આવશે.

આસિફા ભુટ્ટો ઝરદારીનો જન્મ ૩ ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ પાકિસ્તાનમાં થયો હતો. તેમણે ૨૫ વર્ષની ઉંમરે પ્રથમ વખત સામાન્ય ચૂંટણી લડી હતી. તે પાકિસ્તાનની પ્રથમ બાળકી હતી જેને પોલિયોની રસી આપવામાં આવી હતી. આસિફા ત્રણ ભાઈ-બહેનોમાં સૌથી નાની છે. તેણે બ્રિટનમાં અભ્યાસ કર્યો છે.

# ૧૪ માછીમારોની શોધમાં પાકિસ્તાન ભારતની મદદ લેશે

પાકિસ્તાન

પાકિસ્તાનના સિંધ પ્રાંતના કેટી બંદર પાસે ૪૫ માછીમારોને લઈ જતી બોટ ડૂબી ગઈ હતી. ૩૧ માછીમારોને બચાવી લેવાયા પરંતુ ૧૪ માછીમારો હજુ પણ લાપતા છે. પાકિસ્તાન સરકાર તેમને શોધવા માટે ભારતની મદદ લેશે.

પાકિસ્તાની મીડિયા 'ધ ડોન' અનુસાર, સાંસદ આગા રફીઉલ્લાએ કહ્યું કે તેમણે માછીમારોને શોધવા માટે ભારત તરફથી મદદ લેવા અંગે વડાપ્રધાન શાહબાઝ શરીફ અને સિંધના મુખ્યમંત્રી સૈયદ મુરાદ અલી શાહ સાથે વાત કરી હતી. તેમણે કહ્યું- અમને આશંકા છે કે પાણીના જોરદાર પ્રવાહને કારણે ગુમ થયેલા માછીમારો ભારતની પ્રાદેશિક સીમામાં ગયા હશે. અમે પ્રસ્તાવ મૂક્યો હતો કે આ બાબતોમાં



ભારત સરકાર પાસેથી મદદ લેવી જોઈએ. તેના પર વડાપ્રધાન શાહબાઝ મામલે ભારત સાથે ચર્ચા કરશે અને તેમની મદદ લેશે. સાંસદ આગા રફીઉલ્લાએ કહ્યું- ૪૫ માછીમારોથી ભરેલી બોટ ૫ માર્ચે ડૂબી ગઈ હતી. અમે સર્ચ-રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન ૩૧ માછીમારોને બચાવ્યા હતા. પરંતુ અકસ્માતના ૫ દિવસ બાદ પણ ૧૪ માછીમારો લાપતા છે. આ તમામ મારા મત વિસ્તાર કરાચીના રહેવાસી છે. હું તેમના પરિવારના સંપર્કમાં છું. નેવીએ ૧૯ પાકિસ્તાની નાવિકોને ચાંચિયાઓથી બચાવ્યા ૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ સોમવારે ભારતીય નૌકાદળે સોમાલિયાના પૂર્વ કિનારે અરબી સમુદ્રમાં ૧૯ પાકિસ્તાની નાવિકોના જીવ બચાવ્યા હતા.

# આ નાનકડા દેશમાં વહે છે મધની નદીઓ

ભારતમાં મધનો વ્યાપક ઉપયોગ થાય છે. પરંતુ મધની નિકાસની બાબતમાં ભારત વિશ્વમાં કયા સ્થાને છે. દેશના પાંચ રાજ્યો યુપી, ગુજરાત, પંજાબ, બિહાર અને મધ્યપ્રદેશમાં મધનું ઉત્પાદન થાય છે. જાણો મધની એક્સપોર્ટમાં કયો દેશ નંબર વન છે.શું તમે જાણો છો કે વિશ્વમાં કયો દેશ સૌથી વધુ મધનો એક્સપોર્ટ કરે છે? જવાબ છે ન્યુઝીલેન્ડ. આ નાના દેશે ૨૦૨૨માં ૩૩૩.૩૪ મિલિયન ડોલર એટલે કે લગભગ રૂ. ૨૭૫ કરોડના મધની નિકાસ કરી હતી. હની સ્ત્રોત અનુસાર, વિશ્વના કુદરતી મધની નિકાસમાં ન્યુઝીલેન્ડનો હિસ્સો લગભગ ૧૨ ટકા છે. મધ ૩૫૦ ગ્રામ પેકની કિંમત લગભગ ૪,૦૦૦ રૂપિયા ન્યુઝીલેન્ડ વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જે માનુકા મધની નિકાસ કરે છે. મધમાખીઓ આ મધને ખાસ પ્રકારના ફૂલમાંથી બનાવે છે. તેમાં અનેક પ્રકારના ઔષધીય ગુણો જોવા મળે છે. આ કારણોસર, વિશ્વના ઘણા દેશોમાં તેની ખૂબ માંગ છે. તે ખૂબ મોંઘું વેચાય છે.

# ગાંધીનગર ખાતે સામાજિક ક્ષેત્રે વિશિષ્ઠ પ્રદાન આપનાર વ્યકિત વિશેષો અને સંસ્થાને વિવિધ એવોર્ડ એનાયત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની એવોર્ડ યોજના અંતર્ગત જુદી જુદી છ કેટેગરીમાં સામાજિક ક્ષેત્રે વિશિષ્ઠ પ્રદાન આપનાર વ્યકિત વિશેષો અને સંસ્થાને એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના વિવિધ નિગમો હેઠળની જુદી જુદી યોજનાના રૂ.૬૩.૮૮ કરોડના ધીરાણ માટે ઓનલાઈન ડ્રો દ્વારા ૨૫૩૪ લાભાર્થીઓની પંસદગી કરાઈ હતી. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વિવિધ એવોર્ડ વિતરણ કરતાં મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તમામ અધિકારીઓ અને કર્મચારીઓની ત્વરીત અને ઝડપી કામગીરીના કારણે ટુંકા સમયમાં આ એવોર્ડની પસંદગી શક્ય બની છે. સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ઠ પ્રદાન આપનાર નાગરીકોને ડો.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ, સંસ્થાને મહાત્મા ગાંધી એવોર્ડ અને અનુ.જાતિઓના સાહિત્યકારોને સાહિત્યક્ષેત્રે એવોર્ડ આપવાની યોજના અમલમાં છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના



માર્ગદર્શનમાં રાજ્યના છેવાડાના નાગરીકોને યોજનાકીય લાભ પહોંચાડવા તે અમારી સરકારની પ્રાથમિકતા છે. આજનો આ કાર્યક્રમ તેનું ઉત્તમ ઉદાહરણ છે. તમામ યોજનાઓને લાભ નાગરીકો સુધી સંપૂર્ણ પારદર્શીતાથી મળે તે હેતુથી લાભાર્થીઓની પસંગદગી માટેના ડ્રોનું યુ-ટ્યુબ પર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, અનુસૂચિત જાતિના નિગમો થકી ૨,૫૩૪ લાભાર્થીઓની પસંદગી કરી લાભ આપવા ઓનલાઈન ડ્રોનું યુ-ટ્યુબ દ્વારા પ્રસારણ કરાવીને કુલ રૂ. ૬૩.૮૮ કરોડના લાભ આપવામાં આવ્યા છે.

## વિશ્વની ટોચની શૈક્ષણિક સંસ્થા MIT યુનિવર્સિટીમાં પસંદગી પામ્યા આદિત્ય જેઠા

ઈન્દોર. અમેરિકામાં સ્થિત મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી આજે વિશ્વની ટોચની શૈક્ષણિક સંસ્થાઓમાંની એક છે. શ્રેષ્ઠતા જાળવવા માટે, MIT ની પ્રવેશ પરીક્ષા ખૂબ જટિલ છે જેમાં વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન ઘણા પરિમાણો પર કરવામાં આવે છે. ઈન્દોરના આદિત્ય જેઠાએ પ્રથમ પ્રયાસમાં MIT યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજ્યુએટ



પ્રોગ્રામમાં પ્રવેશ મેળવીને નવી સિદ્ધિ હાંસલ કરી છે. શ્રી આદિત્યએ અગાઉ પ્રવેશ પરીક્ષામાં ૮૭ રેંક (ઓલ ઈન્ડિયા) મેળવી દિલ્હીમાંથી કમ્પ્યુટર સાયન્સમાં B.Tech ડિગ્રી મેળવી છે. શ્રી આદિત્ય જેઠા મધ્ય ભારતની શ્રેષ્ઠ જાહેરાત એજન્સી દીપક એડવર્ટાઈઝીંગના એમડી શ્રી દીપક-સોનલ જેઠાના પુત્ર છે. આ સિદ્ધિ બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન અને તેમના સુવર્ણ ભવિષ્ય માટે શુભકામનાઓ.

# ગાંધીનગર ખાતે રાજ્ય શ્રમ પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો : ૬૪ જેટલા પારિતોષિક એનાયત કરાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર ખાતે શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં રાજ્ય શ્રમ પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન મંત્રી રાજપૂતના હસ્તે શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત રાજ્યમાં ૭ જિલ્લાના નવા ૧૨ કડીયાનાકા ખાતે ભોજન કેન્દ્રોનો તેમજ આઈ.ટી.આઈ-ગીર ગઢડા અને આઈ.ટી.આઈ-પાવી જેતપુરના નવનિર્મિત ભવનનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. આ સાથે જ મંત્રીના હસ્તે શ્રમ વિભાગ હેઠળની વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય પણ વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ભારત આજે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે, તેને ત્રીજા સ્થાને લઇ જવા વડાપ્રધાનએ આગામી ૨૫ વર્ષનો રોડમેપ તૈયાર કર્યો છે. ભારતને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવામાં ગુજરાતની સ્કિલ ઈકોસીસ્ટમ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. એક સમયે રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં માત્ર ચાર કોર્ષ ચાલતા હતા, તેની જગ્યાએ આજે વિવિધ કૌશલ્યોમાં યુવાનોને તાલીમબદ્ધ કરવા ૫૦થી વધુ કોર્ષ ચાલી રહ્યા છે. આગામી ૨૫ વર્ષમાં ભારતમાં આવતા



વિવિધ ઉદ્યોગોને અનુરૂપ કુશળ માનવબળ તૈયાર કરવા રાજ્ય સરકાર સમયાંતરે નવા કોર્ષનો પણ સમાવેશ કરશે. મંત્રીએ જણાવ્યું હતું કે, વિશ્વના પાંચ દેશો પૈકી ભારતમાં અને એમાં પણ ગુજરાતમાં સેમીકંડક્ટર ઉદ્યોગની સ્થાપના થઇ રહી છે. ત્યારે સેમીકંડક્ટર ઉદ્યોગને અનુરૂપ સ્કિલ્ડ મેનપાવર પૂરું પાડવા ગુજરાત સરકારે કૌશલ્ય-ધ સ્કિલ યુનિવર્સીટીમાં નવા અભ્યાસક્રમો શરુ કર્યા છે. જે જગ્યાએ ઉદ્યોગોની સ્થાપના થઇ રહી છે, તે જ વિસ્તારના સ્થાનિકોને રોજગારી મળી રહે તે માટે સ્થાનિક લોકોને કૌશલ્યવાન બનાવવાની ગુજરાત સરકારની નેમ છે.

# ભારતમાં આજથી CAA લાગુ, ત્રણ દેશોના બિન-મુસ્લિમ શરણાર્થીઓને મળશે નાગરિકતા

નવી દિલ્હી: આગામી લોકસભા ચૂંટણીની તારીખોનું એલાન થોડા જ દિવસોમાં થઈ શકે છે. તેવામાં આજે (સોમવાર) કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં નાગરિકતા સંશોધન કાયદો (CAA) લાગુ કરવા માટે નોટિફિકેશન જાહેર કરાઈ છે. આમ, આજે જ દેશમાં નાગરિકતા સંશોધન કાયદો સત્તાવાર રીતે લાગુ થઈ જશે. CAA લાગુ થવાથી ભારતના ત્રણ પાડોશી દેશના બિન-મુસ્લિમ શરણાર્થીઓને ભારતની નાગરિકતા મળી શકશે. તો બીજી તરફ CAAલાગુ થતા દેશભરમાં પોલીસ અલર્ટ થઈ ચૂકી છે. ઉત્તરપ્રદેશ સરકારે પોલીસ વિભાગની તમામ રજાઓ રદ્દ કરી દીધી છે. રજાઓ ગાળવા ઘરે ગયેલા તમામ જવાનોને પરત બોલાવી લેવાયા છે. તો નોર્થ-ઈસ્ટ દિલ્હીમાં પણ સુરક્ષા વધારી દેવાઈ છે. મહત્વનું છે કે, ઝછછ બંને ગૃહોમાંથી પાસ થયાને પાંચ વર્ષનો સમય વિતી ચૂક્યો છે. હવે કેન્દ્ર સરકાર આગામી લોકસભા ચૂંટણીની તારીખોના એલાન પહેલા



CAAને દેશમાં લાગુ કરાયો છે. આ કાયદો પાંચ વર્ષ પહેલા એટલે કે વર્ષ ૨૦૧૯માં મંજૂર થયો હતો, પરંતુ આજે (માર્ચ ૨૦૨૪)માં તે લાગુ થયો છે. વિરોધ પક્ષોએ આ મુદ્દે ખુબ જ વિરોધ નોંધાવ્યો હતો અને કડક વલણ પણ જોવા મળ્યું હતું. આ કાયદા અંતર્ગત ભારતીય નાગરિકતાની વ્યાખ્યા નક્કી કરવામાં આવી છે. આ કાયદા હેઠળ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં ધાર્મિક ઉત્પીડનના શિકાર બનેલા બિન મુસ્લિમ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા આપવાની જોગવાઈ છે. ભારત દેશના નાગરિક કોણ છે તેની પરિભાષા ૧૯૫૫માં એક કાયદો બનાવીને કરવામાં આવી જેને નાગરિકતા અધિનિયમ ૧૯૫૫ નામ અપાયું. મોદી સરકારે આ કાયદામાં સંશોધન કર્યું છે. જેને નાગરિકતા સંશોધન બિલ ૨૦૧૬ નામ આપવામાં આવ્યું છે. સંશોધન બાદ દેશમાં ૬ વર્ષ રહેતા અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશના ૬ ધર્મના (હિંદુ, શિખ, જૈન, બૌદ્ધ, પારસી અને ઈસાઈ) લોકોને કોઈ જરૂરી દસ્તાવેજ વગર ભારતીય નાગરિકતા આપવામાં આવશે.

## ઓસ્ટ્રેલિયામાં ભારતીય મહિલાની હત્યા, કચરાપેટીમાં મળ્યો મૃતદેહ, પતિ દીકરાને લઈ ભારત આવી ગયો

નવી દિલ્હી : ઓસ્ટ્રેલિયામાં ભારતીય મૂળની મહિલાની હત્યાનો સનસનાટી મચાવતો મામલો સામે આવ્યો છે. મહિલાનો મૃતદેહ કચરાપેટીમાંથી મળી આવ્યો હતો. એવું કહેવાય છે કે તેના પતિએ કથિત રીતે આ ભયાનક ઘટનાને અંજામ આપ્યો છે. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. એવા અહેવાલો છે કે મહિલા છેલ્લા કેટલાક દિવસોથી કોઈના સંપર્કમાં નહોતી.સ્થાનિક મીડિયા રિપોર્ટ્સમાં આ જાણકારી સામે આવી છે. અહેવાલ અનુસાર મહિલા ચૈતન્ય શ્વેતા મધાગની છેલ્લા કેટલાક સમયથી તેના પરિવાર સાથે ઓસ્ટ્રેલિયામાં રહેતી હતી. તે હૈદરાબાદની રહેવાસી હતી. શનિવારે તેનો મૃતદેહ નિર્જન રોડની બાજુમાં ડસ્ટબીનમાં પડેલો મળી આવ્યો હતો. સ્વેતાનો પતિ અશોક રાજ તેના પાંચ વર્ષના પુત્ર સાથે ૫ માર્ચે ભારત આવી ગયો હતો. ત્યારથી, સ્વેતા ગુમ હતી અને તેણે તેના કોઈ સંબંધી કે મિત્રો સાથે કોઈ સંપર્ક કર્યો ન હતો.સ્વેતાના



પતિ અશોકે તેના પડોશીઓ અને ઓસ્ટ્રેલિયામાં હાજર કેટલાક નજીકના મિત્રો સાથે ફોન પર વાત કરીને સ્વેતા વિશે માહિતી મેળવી હતી. અશોકે પોલીસ સાથે ફોન પર પણ વાત કરી છે અને તપાસમાં સંપૂર્ણ સહયોગની ખાતરી આપી છે. પોલીસને હત્યાની કેટલીક કડીઓ પણ મળી છે, તેમનું માનવું છે કે હત્યારો ઓસ્ટ્રેલિયાથી ભાગી ગયો છે. પોલીસે મૃતકના નજીકના સંબંધીઓ પર હત્યાની આશંકા વ્યક્ત કરી છે. ઉપ્પલના ધારાસભ્ય બંદરી લક્ષ્મા રેડ્ડીએ જણાવ્યું છે કે મહિલા તેમના વિસ્તારની હતી અને તેમણે પરિવાર સાથે મુલાકાત કર્યા બાદ કહ્યું કે મહિલાના માતા-પિતાની વિનંતી પર અમે મહિલાના મૃતદેહને ભારત લાવવા માટે વિદેશ મંત્રાલયને પત્ર પણ લખ્યો છે.

### ફરી એકવાર શત્રુઘ્ન સિન્હાને આસનસોલથી મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે

# રીલ અને રિયલ લાઈફ રેપિસ્ટથી ભરેલી છે, શત્રુઘ્ન સિન્હાની ઉમેદવારી પરના પ્રહાર

કોલકાતા : તૃણમૂલ કોંગ્રેસનાં સુપ્રીમો મમતા બેનરજીએ 'એકલા ચાલો'ની નીતિ અપનાવી પશ્ચિમ બંગાળમાં બધી જ ૪૨ બેઠકો પર ઉમેદવાર જાહેર કરી દીધા છે. અભિનેતામાંથી નેતા બનેલા શત્રુઘ્ન સિંહા પર સ્ક્રએ ફરી એક વખત વિશ્વાસ વ્યક્ત કર્યો છે. રવિવારે કોલકાતામાં સ્ક્રની રેલીમાં બંગાળની તમામ ૪૨ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી હતી. સ્ક્રએ ફરી એકવાર શત્રુઘ્ન સિન્હાને આસનસોલથી મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે. શુત્રઘ્ન સિન્હાએ ૨૦૨૨માં આસનસોલથી સ્ક્રની ટિકિટ પર પેટાચૂંટણી જીતી હતી. સ્ક્રએ ફરી એક વખત તેમના નામ પર મહોર લગાવી છે. સ્ક્રના ઉમેદવારોની જાહેરાત બાદ ભાજપે સ્ક્ર પર આકરા પ્રહારો કર્યા છે.

આસનસોલથી શત્રુઘ્ન સિન્હાને



સ્ક્રની ટિકિટ મળ્યા બાદ ભાજપ આક્રમક બની ગઈ છે. ભાજપે તૃણમૂલ કોંગ્રેસ પર નિશાન સાધતા એક જૂનો વીડિયો શેર કર્યો છે. ભાજપ આઈટી સેલના પ્રમુખ અમિત માલવિયાએ ઠ પર એક પોસ્ટમાં શત્રુઘ્ન સિંહાની જૂની ક્લિપ શેર કરતા કહ્યું કે આસનસોલથી સ્ક્ર ઉમેદવારે શત્રુઘ્ન સિંહાને મળો. સ્ક્ર રીલ અને રિયલ લાઈફમાં રેપિસ્ટથી ભરેલી છે.

અમિત માલવિયાએ કહ્યું કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની પૂર્વ સંધ્યાએ મહિલા સશક્તિકરણ માર્ચમાં શત્રુઘ્ન સિંહાને બોલાવવામાં ન આવ્યા. ભાજપના રાજ્ય સચિવ પ્રિયંકા ટિબરેવાલે સ્ક્ર ઉમેદવારોની પસંદગી પર નિશાન સાધ્યુ અને તેમણે પાર્ટીના રિયલ અને રીલ લાઈફ હીરો વચ્ચે સમાનતા જણાવી.

ટિબરેવાલે કહ્યું કે, ટીએમસીના રિયલ અને રીલ હીરો વચ્ચેની સમાનતા જુઓ. સ્ક્રના રિયલ હીરો શાહજહાં જેવા લોકો સંદેશખાલીમાં અનેક મહિલાઓ સાથે દુષ્કર્મ આચર્યું અને કેટલાક રીલ હીરો શત્રુઘ્ન સિન્હા જેવા લોકો ફિલ્મોમાં મહિલાઓ સાથે દુષ્કર્મ આચરે છે. તેમણે કહ્યું કે સ્ક્રની યાદી સંપૂર્ણપણે બદમાશોથી ભરેલી છે કારણ કે તેમની સામે કેસ ચાલી રહ્યા છે. સ્ક્રએ તેને ટિકિટ આપી જેને સંસદે હાંકી કાઢ્યો હતો. એમાં કોઈ શંકા નથી કે આપણે આવનારા વર્ષોમાં એ જ પ્રકારના પરિણામો જોઈશું.

## સુપ્રીમકોર્ટે જીને ખખડાવતાં અરજી ફગાવી, આવતીકાલે ચૂંટણી બોન્ડની વિગતો જાહેર કરવા આદેશ

નવી દિલ્હી : ૨૬ દિવસ વીતી ગયા, શું કર્યું અત્યાર સુધી..' ચૂંટણી બોન્ડ મામલે સુપ્રીમ કોર્ટના જીને તીખાં સવાલ ચૂંટણી બોન્ડ પર પ્રતિબંધ મૂકાયા બાદ સુપ્રીમકોર્ટે એસબીઆઈ બેંકને આ બોન્ડ ખરીદનારા અને તેને રોકડમાં વટાવનારાઓની તમામ વિગતો અને આંકડા જાહેર કરવા કહ્યું હતું. જોકે હજુ સુધી કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા ફરી એકવાર આ મામલો સુપ્રીમકોર્ટ પહોંચ્યો હતો. સુપ્રીમકોર્ટમાં એસબીઆઈએ માગ કરી હતી કે તેમને વધુ સમય આપવામાં આવે અને જૂન પછી આંકડા જાહેર કરવામાં આવે. હવે આ મામલે સુપ્રીમકોર્ટે એસબીઆઈને આવતીકાલે જ વિગતો જાહેર કરવા આદેશ કરી દીધો છે. એટલે કે દેશની સૌથી મોટી બેંકે ૧૨ તારીખે ચૂંટણી બોન્ડને લગતી તમામ વિગતો જાહેર કરવી પડશે. આ સાથે જ ચૂંટણીપંચને કહેવામાં આવ્યું કે ૧૫ માર્ચ સુધી તે આ વિગતો વેબસાઈટ પર અપલોડ કરે. સુનાવણી દરમિયાન સીજેઆઈના નેતૃત્વ હેઠળની બેન્ચે એસબીઆઈ દ્વારા ચૂંટણી બોન્ડ અંગેના આંકડાઓ જાહેર કરવામાં થઈ રહેલા વિલંબને લઈને સવાલો ઊઠાવ્યા હતા. તેમણે એસબીઆઈ વતી હાજર વકીલ હરીશ સાલ્વેને કહ્યું હતું કે જો તમે કહી રહ્યા છો કે અમારી પાસે આ કવરમાં તમામ વિગતો છે કે કોણે ખરીદયા છે અને કઈ રાજકીય પાર્ટીએ તેને રોકડમાં વટાવ્યાં છે તો પછી વિગતો જાહેર કેમ નથી કરતાં? કવર ઓપન કરો અને વિગતો આપો. આ દરમિયાન એસબીઆઈએ ત્રણ અઠવાડિયાનો સમય માગ્યો હતો જેના પર સુપ્રીમકોર્ટે સ્પષ્ટ કહી દીધું કે તમે કવર ઓપન કરો અને ચૂંટણી પંચને વિગતો આપો જેથી સૌની સામે આવી શકે. સુનાવણી દરમિયાન એક સમયે સીજેઆઈએ એસબીઆઈના વકીલ હરીશ સાલ્વેને પૂછ્યું હતું કે અગાઉ અમે આ મામલે ૧૫ ફેબ્રુઆરીએ સુનાવણી કરી હતી તમને વિગતો જાહેર કરવા નિર્દેશ આપી દીધો હતો. હવે આપણે ૧૧ માર્ચે મળ્યાં છીએ. આ દરમિયાન ૨૬ દિવસ વીતી જવાં છતાં એસબીઆઈ દ્વારા અમારા નિર્દેશો પર શું કાર્યવાહી કરવામાં આવી તે જવાબ આપશો? તમે કોઈ કાર્યવાહી નથી કરી. એસબીઆઈએ કોઓપરેટ કરવાની જરૂર છે. નિર્દેશોનું પાલન કરવામાં આવે અને વિગતો જાહેર કરવામાં આવે.

## કોરોના બાદ આ ગંભીર રોગની બનશે વેક્સિન, ૪ મહિનામાં બધાનું થઈ શકશે વેક્સિનેશનઃ પૂનાવાલા

નવી દિલ્હી : વિશ્વની સૌથી મોટી વેક્સિન મેન્યુફેક્ચરિંગ કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અદાર પૂનાવાલાએ કહ્યું કે, કોરોના વેક્સિન બાદ કંપની હવે મેલેરિયાની રસી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ માટે કંપનીએ તેની ઉત્પાદન ક્ષમતા વધારી છે.સીરમ સંસ્થા કોરોનાની કોવિશિલ્ડ રસી બનાવે છે. માંગના અભાવને કારણે હવે કોરોનાવિરોધી વેક્સિનનું ઉત્પાદન ઘટાડવામાં આવ્યું છે. કંપની હવે મેલેરિયાની રસી બનાવવા માટે તેની પૂરેપૂરી ક્ષમતાનો ઉપયોગ કરશે. પૂનાવાલાએ કહ્યું કે, જો ભવિષ્યમાં ક્યારેય મહામારી ફેલાય તો સમગ્ર ભારતમાં માત્ર ત્રણથી ચાર મહિનામાં જ રસીકરણ થઈ શકશે. તેમણે કહ્યું કે સીરમમાં મેલેરિયાની રસીના ૧૦ કરોડ ડોઝ બનાવવાની ક્ષમતા છે. જો માંગ વધે તો તેમાં વધુ વધારો કરી શકાશે.

દર વર્ષે લાખો લોકો ડેન્ગ્યુ અને મેલેરિયાનો શિકાર બને છે. પૂનાવાલાએ જણાવ્યું હતું કે મેલેરિયાની રસી અંગે ટેક્નોલોજી ટ્રાન્સફર ડીલને બદલે રસીની નિકાસ પર ભાર આપવામાં આવશે.

# સામાન્ય લોકોને વધુ સારી આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવી એ સરકારની પ્રાથમિકતા છે : ડો. આર રાજેશ કુમાર.

## કેબિનેટે આરોગ્ય વિભાગને લગતા નિર્ણયોને મંજૂરી આપી

દેહરાદૂન : મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીની અધ્યક્ષતામાં આજે મળેલી મહત્વપૂર્ણ કેબિનેટ બેઠકમાં આરોગ્ય વિભાગને લગતા ઘણા મહત્વપૂર્ણ નિર્ણયોને મંજૂરી આપવામાં આવી હતી. આરોગ્ય સચિવ ડૉ આર રાજેશ કુમારે માહિતી આપી હતી કે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી અને આરોગ્ય મંત્રી ધન સિંહ રાવતના પ્રયાસોને કારણે રાજ્યના છેલ્લા માઈલ સુધી સ્વાસ્થ્ય સેવાઓ સુધારવાના પ્રયાસો થઈ રહ્યા છે.

આ શ્રેણીમાં આજે કેબિનેટની બેઠકમાં દેશ અને રાજ્યમાં સામાન્ય લોકોની જીવનરેખા કહેવાતી અટલ આયુષ્માન યોજનાને લઈને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. તેનાથી હજારો લોકોને મોટી રાહત મળશે. આ અંતર્ગત, આયુષ્માન ભારત અટલ આયુષ્માન યોજના હેઠળ સરકારી હોસ્પિટલો દ્વારા લાભાર્થીઓને આપવામાં આવતી તબીબી સારવારની સુવિધાઓના સંબંધમાં હોસ્પિટલોને આપવામાં આવતા ક્લેમની પેકેજ દરના ૧૦૦ ટકા કરવામાં આવ્યા હતા. આરોગ્ય સચિવ ડૉ. આર. રાજેશ કુમારે માહિતી આપી હતી કે ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના ફકરા ૨.૮ માં, સરકારી હોસ્પિટલો દ્વારા કમાણી કરાયેલ દાવાની રકમ વિભાજિત કરવામાં આવી છે. ઉપરોક્ત સરકારી આદેશમાં નિર્ધારિત સિસ્ટમમાં, દાવાની રકમના ૫૦ ટકા સરકારી હોસ્પિટલોને ચૂકવવાની જોગવાઈ છે. આ વ્યવસ્થાને કારણે, કેબિનેટે આજે આયુષ્માન ભારત અટલ આયુષ્માન ઉત્તરાખંડ યોજના હેઠળ કરવામાં આવતી સારવાર માટેના બિલની ચુકવણીમાં ડાયાલિસિસ કેન્દ્રોને આવતી વ્યવહારિક સમસ્યાઓના નિરાકરણ માટે સુધારા માટે સંમતિ આપી છે. આ સાથે, સરકારી હોસ્પિટલોમાં પીપીપી મોડ પર કાર્યરત ડાયાલિસિસ કેન્દ્રોના સંબંધિત સેવા પ્રદાતાઓને પેકેજ દરના ૧૦૦ ટકા ચૂકવવામાં આવશે અને લાભાર્થીઓને અવિરત ડાયાલિસિસ સેવાઓ મળશે.

આ સાથે આરોગ્ય સચિવ ડૉ. આર. રાજેશ કુમારે માહિતી આપી હતી કે આજે કેબિનેટે રોકાણકાર સમિટ દરમિયાન રોકાણયોગ્ય પ્રોજેક્ટ તરીકે ઓળખાયેલા આરોગ્ય એકમોને મંજૂરી આપી દીધી છે, જે ખાનગી સેવા પ્રદાતાઓ દ્વારા લાંબા ગાળાની લીઝ પર ચલાવવામાં આવશે. આ હેઠળ, કેબિનેટે દેહરાદૂનના હરરાવલા વિસ્તારમાં ૩૦૦ બેડની કેન્સર હોસ્પિટલ અને ૨૦૦ બેડની માતા અને બાળ હોસ્પિટલ, હરિદ્વાર જિલ્લામાં સ્થિત ચેન રાય મહિલા હોસ્પિટલને પીપીપી મોડ પર આપવા માટે સંમતિ આપી છે. આરોગ્ય સચિવે જણાવ્યું હતું કે આ હોસ્પિટલોને પીપીપી મોડ પર આપવાથી સાધનોની ખરીદી, માનવ સંસાધન આયોજન અને ઓપરેશનનો ખર્ચ બચશે. આ ઉપરાંત, પ્રાદેશિક લોકોને ગુણવત્તાયુક્ત નિષ્ણાત તબીબી સુવિધાઓ અને નિદાન સુવિધાઓ મળશે. હજુ સુધી આ વિસ્તારમાં આ સુવિધાઓ ઉપલબ્ધ નથી. આરોગ્ય સચિવ ડો. આર. રાજેશ કુમારે જણાવ્યું હતું કે ૩૦૦ બેડની કેન્સર હોસ્પિટલ, હરરાવલા, દેહરાદૂન ભારત સરકાર અને રાજ્ય સરકારની સંયુક્ત નાણાકીય સહાયથી કુલ ૨૦૪૦૩.૪૯ ચોરસ મીટર વિસ્તારમાં રૂ. ૧૦૬.૮૪ કરોડના ખર્ચે બનાવવામાં આવી હતી. દ્ગઉૅસ દ્વારા (૯૦ ગુણોત્તર ૧૦) ગયો છે. આ સાથે, દ્ગઉૅસ દ્વારા ભારત સરકાર અને રાજ્ય સરકારના સંયુક્ત નાણાકીય સહયોગથી ૨૦૦ બેડની માતૃ અને બાળ હોસ્પિટલ, ચેન રાય મહિલા હોસ્પિટલ સંકુલ, જિલ્લો-હરિદ્વારનું બાંધકામ કુલ ૧૭૩૪૧.૪૨ ચોરસ મીટર પર. ૩૮.૮૫ કરોડના ખર્ચે રૂ. આરોગ્ય સચિવે જણાવ્યું હતું કે આ બે સંસ્થાઓમાં નિષ્ણાત ડોકટરોની ઉપલબ્ધતા અને નિદાન માટે સંવેદનશીલ સાધનો ખરીદવા અને ચલાવવા માટે જરૂરી તકનીકી પ્રાવીણ્યની ખાતરી કરવા માટે, ઉપરોક્ત બંને તબીબી સંસ્થાઓને યોગ્ય ખાનગી સેવા દ્વારા લાંબા ગાળાના ઓપરેશન માટે પ્રસ્તાવિત કરવામાં આવી રહી છે. પ્રદાતા આ હોસ્પિટલોના સંચાલન સાથે, કેન્સર સંબંધિત તમામ પરીક્ષણો, કાઉન્સેલિંગ, રેડિયોથેરાપી, કીમોથેરાપી અને સર્જરી સહિત અન્ય ઉચ્ચ સ્તરીય ડાયગ્નોસ્ટિક્સ સામાન્ય લોકો માટે ઉપલબ્ધ થશે.

## નાગાલેન્ડમાં ઊઠી અલગ રાજ્યની માગ, બંધનું એલાન, બજારો બંધ, માર્ગો થયા સૂમસામ

નાગાલેન્ડ : નાગાલેન્ડમાં ઈસ્ટર્ન નાગાલેન્ડ પીપુલ્સ ઑર્ગેનાઈઝેશનએ અલગ રાજ્યની માંગ સાથે અનિશ્ચિતકાળ સુધી બંધની જાહેરાત કરી છે. તેના કારણે રાજ્યમાં મોટાભાગની દુકાનો બંધ અને રસ્તાઓ સૂમસામ જોવા મળી રહ્યા છે. ઈએનપીઓ નાગાલેન્ડમાં સાત નાગા જનજાતિઓની સર્વોચ્ચ સંસ્થા છે. બંધના કારણે સોમવારે પૂર્વ નાગાલેન્ડના છ જિલ્લામાં આંશિક જનજીવનને અસર થઈ છે. બંધના કારણે ઘણી વેપારી સંસ્થાઓ અને દુકાનો પર તાળા જોવા મળી રહ્યા છે. મોટાભાગના વાહન ચાલકોએ પણ રસ્તાઓ પર જવાનું ટાળ્યું હોય તેમ રસ્તાઓ સૂમસામ ભાસી રહ્યા છે. જોકે વીજળી વિભાગ, તબીબી સેવા, ફાયર બ્રિગેડ સેવા અને અન્ય ઈમરજન્સી સેવા ઉપરાંત મીડિયા અને લગ્ન સમારંભને બંધમાંથી બાકાત રખાયા છે.

## પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

**બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી**

ઉપરોક્ત સંદર્ભમાં, અમદાવાદ ડિવિઝન ના નીચે મુજબના આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ, કેટલોગ માટે બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ્સની ઈ-હારાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| NFR-ADI-47-23 | જાહેરાત – ટ્રેન આંતરીક ભાગ | જાહેરાત | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.22-03-2024 ના 12:00 કલાકે શરૂ થશે. |

નોંધઃ (1) પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની અને હરાજીમાં ભાગ લેતાં પહેલાં તેમને પોતાને રજીસ્ટર્ડ કરાવવાની વિનંતી કરવામાં આવે છે. (2) ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નં. હેઠળ લોટ પ્રમાણેની વિગતો આવનાર ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, યુનિટ : અમદાવાદ ડિવિઝન-કોમર્શિયલના શિર્ષક હેઠળ ઉપલબધ છે. (3) પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો 30 મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર 10 મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના લિઝીંગ મોડ્યુલ પર જોઈ શકાશે. (4) નિર્ધારીત હરાજી થી સંબંધિત કોઈપણ પૂછપરછ માટે, કૃપા કરી srdcm@adi.railnet.gov.in ખાતે અથવા +91-9724093968 ઉપર અમારો સંપર્ક કરો.
ADI-299

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

**વિવિધ એન્જિનીયરીંગ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. 42, વર્ષ 2023-2024. તા. 05.03.2024**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | NITની અંદાજીત પડતર (₹) | ઈએમડી પડતર (₹) |
|---|---|---|---|---|
| 01 | ડીઆરએમ-એડીઆઈ-187-2023-24 | ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ સંવેદનશીલ સ્થળોએ RCC બાઉન્ડરી વોલનું બાંધકામ કરવાનું કામ. | 2,34,21,379.30 | 2,67,100.00 |
| 02 | ડીઆરએમ-એડીઆઈ-188-2023-24 | ડિવિઝનલ એન્જિનિયર ઉત્તર-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ટાઈપ-II ક્વાર્ટર્સના 09 યુનિટ્સનું બાંધકામ કરવાનું કામ. (સંયુક્ત ટેન્ડર) | 2,26,12,241.67 | 2,63,100.00 |
| 03 | ડીઆરએમ-એડીઆઈ-189-2023-24 | ડિવિઝનલ એન્જિનિયર-ઉત્તર-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ સ્ટાફ ક્વાર્ટર્સની માળખાગત સુધારણા કરવાનું કામ. (સંયુક્ત ટેન્ડર) | 2,30,28,156.20 | 2,65,200.00 |
| 04 | ડીઆરએમ-એડીઆઈ-190-2023-24 | ડિવિઝનલ એન્જિનિયર-ઉત્તર-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ પીવાના પાણીના નેટવર્ક અને ડ્રેનેજ વ્યવસ્થાઓની સુધારણા કરવાનું કામ. | 2,17,73,410.48 | 2,58,900.00 |

**ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ તા.02-04-2024 ના 15:00 કલાકે. ઓફિસનું સરનામુંઃ** સિનીયર ડિવિઝનલ એન્જિનીયર (સંકલન)-અમદાવાદ, DRM ઓફીસ, ચામુંડા બ્રિજ પાસે, ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેવેબસાઈટઃ** www.ireps.gov.in
ADI-295

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# લાઠી ચાવંડ ગામે થયેલ મોટરસાયકલ ચોરીના અનડીટેકટ ગુનાનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી : ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમને પકડી પાડતી લાઠી પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી જાફરાબાદઃ મ્હે શ્રી ગૌતમ પરમાર સાહેબ પોલીસ મહાનિરીક્ષક શ્રી ભાવનગર વિભાગ ભાવનગર નાઓએ શરીર સબંધી તથા મિલ્કત વિરૂદ્ધના ગુન્હાઓ અટકાવવા તેમજ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા માટે સુચના આપેલ હોય જે અન્વયે પોલીસ અધિક્ષક શ્રી હિંમકરસિંહ સાહેબ અમરેલી નાઓએ અમરેલી જીલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમોને પકડી તેઓના વિરુદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ શરીર સબંધી તથા મિલ્કત વિરુદ્ધના ગુન્હાઓ અટકાવવા તેમજ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસ સ્ટેશનના વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ કરવા તેમજ આરોપીઓ શોધી



કાઢવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક શ્રી જે.પી. ભંડારી સાહેબ અમરેલી નાઓએ આ બાબતે જરૂરી માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે લાઠી પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૧૯૩૦૩૪૨૪૦૦૫૪/૨૦૨૪ કલમ ૩૭૯, મુજબનો ગુન્હો તા/૦૯/૦૩/૨૦૨૪ ના રોજ રજી. થયેલ હોય જે અન્વયે લાઠી પોલીસ સ્ટેશનના પોલીસ સબ. ઈન્સ્પેક્ટર શ્રી એચ.જે. બરવાડીયા નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં લગાવેલ સીસીટીવી કેમેરા ઓની મદદથી ગણતરીના કલાકોમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપીને ચોરીમાં ગયેલ મોટરસાયકલ સાથે પકડી પાડી અનડીટેકટ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી લાઠી પોલીસ સર્વેલન્સ ટીમ પકડાયેલ આરોપી રમેશ ઉર્ફે બુધો માધાભાઈ જાદવ ઉ.વ.૩૯, તેમની પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ એક હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ કિ.રૂ.૨૨,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમને પકડી પાડી તેમની વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી કરતી લાઠી સર્વેલન્સ ટીમ.

## ૪૦ ફૂટ ઊંડા બોરવેલમાં ફસાયેલો યુવક મૃત્યુ પામ્યો, ૧૪ કલાકે બહાર કઢાયો

નવી દિલ્હી, કેશોપુર વિસ્તારના દિલ્હી જલ બોર્ડનો સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) સ્થિત પમ્પિંગ રૂમમાં શનિવારે મોડી રાતે ફસાયેલા યુવકનું લગભગ ૧૨ ઈંચ પહોળા અને લગભગ ૪૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડવાથી મોત નીપજ્યુ.

આ કેસમાં દિલ્હી પોલીસે સોમવારે કેશોપુર વિસ્તારમાં દિલ્હી જલ બોર્ડના સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં બોરવેલમાં પડવાથી એક યુવકના મોતના મામલે FIR નોંધી છે. જે અંતર્ગત એક અધિકારીએ જણાવ્યુ કે વિકાસપુરી પોલીસ સ્ટેશનમાં IPCની કલમ ૩૦૪ (એ) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલુ છે.૧૪ કલાક બાદ યુવકને કાઢવામાં આવ્યો હતો.

ફાયર વિભાગ અને એનડીઆરએફની ટીમે લગભગ ૧૪ કલાકના રાહત અને બચાવ અભિયાન ચલાવીને તેને બહાર કાઢ્યો અને દીન દયાળ ઉપાધ્યાય હોસ્પિટલ પહોંચાડ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી દીધો. પોલીસ યુવકની ઓળખ કરવાનો પ્રયત્ન કરી રહી છે. હાલ એ વાતની પુષ્ટિ થઈ શકી નથી કે યુવક શા માટે ત્યાં પહોંચ્યો હતો.

## IT વિભાગે નવી-જૂની સિસ્ટમ અંગે સ્પષ્ટતા કરી

કરદાતા જૂની અને નવી એમ બંને પદ્ધતિથી રિટર્ન ફાઈલ કરી છે. પરંતુ જૂની પદ્ધતિ પ્રમાણે રિટર્ન ભરવું હોય તો ફોર્મ ૧૦એઈ ઓનલાઈન ફાઈલ કરી મંજૂરી મેળવવી પડશે. જૂની પ્રથમાં કરદાતાને ચોક્કસ મર્યાદા સુધી રોકાણ બાદ મળે છે. એ પછી ૧૦, ૨૦ અને ૩૦ ટકાના ટેક્સના સ્લેબ લાગુ પડે છે. નવી સ્કીમમાં કોઈપણ પ્રકારનું રોકાણ બાદ મળતું નથી. સરકારે કરદાતાને જે પદ્ધતિ ફાયદાકારક હોય તે સ્વીકારવા કહ્યું છે. ઈક્મટેક્સ વિભાગે ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષ માટે રિટર્ન ઓપ્શન નવી પ્રથા પ્રમાણે મૂક્યા છે. પરંતુ જૂની પદ્ધતિ અપનાવવી હોય તો ઈક્મટેક્સે જાહેર કરેલું નવં ફોર્મ-૧૦એઈ ભરવાનું રહેશે.

સિટી એક્સપ્રેસ

TUESDAY 12 MARCH -2024

AHMEDABAD

## સારવાર માટે આવનારને જીનું ભાડું ચૂકવાશે

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ કોક્લિયર ઈમ્પ્લાન્ટ થાય છે. આ કોક્લિયર ઈમ્પ્લાન્ટનો ઓપરેશનનો આશરે ૭ લાખ રૂપિયા ખર્ચ થાય છે. રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે કે,અત્યાર સુધી બીજીવખત કોક્લિયર ઈમ્પ્લાન્ટ માટે ૫૦ ટકા રકમ લાભાર્થી પાસેથી વસુલાતી હતી,જેને બદલે હવે માત્ર ૧૦ ટકા રકમ લેવાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ જાહેરાત કરી હતી. રાજ્યમાં કોક્લિયર ઈમ્પ્લાન્ટ ઓપરેશનના રૂ. ૭ લાખના ખર્ચને ઉપાડીને અત્યાર સુધીમાં ૩૦૬૧ કોક્લિયર ઈમ્પ્લાન્ટ ઓપરેશન કરાવ્યા છે. જે માટે રૂ.૨૧૪ કરોડનો ખર્ચ કર્યો છે. જે કિસ્સામાં લાભાર્થીએ સરકારી સહાય વગર પોતાના ખર્ચે કોક્લિયર ઈમ્પ્લાન્ટ કર્યુ હશે તે પૈકી જે વાલીની વાર્ષિક આવક રૂ. ૪ લાખથી ઓછી હશે તેમણે કોક્લિયર ઈમ્પ્લાન્ટ માટે ૧૦ ટકા રકમ ચુકવવી પડશે.



# અમદાવાદની મહિલાઓ તેમજ દીકરીઓ થશે વધુ સુરક્ષિત

## પોલીસ ૧૨૦ સેકન્ડમાં પહોચ્શે મહિલાની મદદે મહિલા પોલીસ કંટ્રોલ રુમ સાથે કરી શકશે સિધો સંપર્ક

અમદાવાદ | તા.૧૧

રસ્તા પર રાતે ફરતી બહેન-દીકરીઓ હવે સુરક્ષા માટે આશ્વસ્ત બની શકે છે, કારણ કે આ વખતે વચન આપનાર તેનો ભાઈ કે પરિવારજન નહીં પરંતુ પોલીસ છે. અમદાવાદ પોલીસ આ વખતે બહેન-દીકરીઓ સિનિયર સિટિઝન અને નાનાં બાળકોની સુરક્ષા માટે એક અનોખો પ્રોજેક્ટ લઈને આવી રહી છે. જેમાં ખાસ કરીને એવા સંજોગોમાં જ્યાં પરિવાર પહોંચી ન શકે ત્યારે તાત્કાલિક પોલીસ પહોંચી જશે. મુશ્કેલીમાં ફસાયેલી જે તે વ્યક્તિ એક બટન દબાવશે તો થોડી વારમાં જ તેમનો મેસેજ પોલીસ કંટ્રોલ રૂમ સુધી પહોંચી જશે અને વિડિયોના આધારે તે વાત કરી શકશે.તો જેવો વિડીયો કોલ થશે એટલે નજીકના પોલીસ સ્ટેશનથી અધિકારી ત્યાં પહોચી જશે,અમદાવાદ પોલીસે આ પ્રોજેકટની કરી છે શરૂઆત

### મહિલાઓને મળશે વધુ સુરક્ષા

૨૩૦૦ કરોડ રૂપિયામાં ૮ શહેરને પ્રોજેક્ટ રૂપે વહેંચવામાં આવ્યો છે,જેમાં અમદાવાદ શહેરનો પણ સમાવેશ કરવામાં આવે છે.અમદાવાદ પોલીસને આ માટે ખાસ રકમની ફાળવણી કરાઈ છે,જેમાં મહિલાઓ અને દીકરીઓની સુરક્ષા વધી જશે,હાલ શહેરમાં ૮૦ કેમેરા લગાવ્યા છે,તો અગામી સમયમાં અલગ-અલગ જગ્યાએ નિરીક્ષણ કરીને કેમેરા લગાવવામાં આવશે,આ પ્રોજેક્ટ હેઠળ અમુક અમુક જગ્યાએ જ્યાં મહિલા અને યુવતીઓ માટે અસુરક્ષિત સ્થાન હોય તેવી જગ્યાએ વીડિયો બોક્સ મૂક્યા છે.



### ગણતરીની મિનિટોમાં પોલીસ આપની સમક્ષ

ગુજરાતમાં પ્રથમ વખત આ પ્રોજેકટની શરૂઆત થઈ છે.અને પ્રોજેકટની ડિઝાઈન એક ખાનગી કંપની દ્વારા તૈયાર કરવામાં આવી છે.આ સમગ્ર સિસ્ટમ છૈં (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ )થી સજ્ઞ હશે,સિસ્ટમમાં એક લાલ બટન છે તે બટન દબાવશો એટલે પોલીસ કંટ્રોલ રૂમમાં કેમેરા ઓપન થઈ જશે અને તમને મળી શકશે મદદ,હાઈ રિઝોલ્યુશનના કેમેરા પોલીસ દ્વારા લગાવવામાં આવ્યા છે.તો કોલના આધારે જે તે અધિકારીને જવાબદારી સોપવામાં આવી છે,તેમને કોલ પહોચ્શે,અને ગણતરીની મિનિટોમાં પોલીસ આપની સુરક્ષામાં પહોચ્શે.

### પોલીસ ચોપડે ફરાર ગુનેગારો પણ પકડાશે

અમદાવાદના અલગ અલગ ભીડવાળા સ્થળોએ પણ આ પ્રકારના કેમેરા લગાડવામાં આવ્યા છે. જે કેમેરા હાઈ રિઝોલ્યુશન ધરાવે છે અને સેન્સર આધારિત છે. જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સોફ્ટવેરના આધારે ઓપરેટ કરવાની વ્યવસ્થા છે,હાલ પોલીસ કર્મીઓને આ પ્રોજેકટને લઈને ટ્રેનિંગ આપવમાં આવી રહી છે,કોઈ પણ સસ્પેક્ટ આ કેમેરામાં દેખાશે તેનું એલર્ટ તેના મેટા ફોટોગ્રાફ્સ એટલે કે એક સેકન્ડના ૧૦૦૦ ક્લિક પ્રમાણેના ફોટોગ્રાફ્સ ફિલ્ટર કરી શકાશે અને તેના આધારે શકમંદની તાત્કાલિક અટકાયત કરવા સુધીની કાર્યવાહી કરવા માટેની પ્રક્રિયા થઈ શકશે.

સર્વરમાં ફિડ કરાયેલા ડેટાના આધારે તે શંકાસ્પદ લોકોને શોધી શકશે, એટલે કે તેમાં વોન્ટેડ, તડીપાર અથવા ગુનેગારોના ફોટો અને ડિટેઈલ ઉમેરવામાં આવશે,.જેના લીધે તે આ શકમંદને શોધીને તેનું એલર્ટ કંટ્રોલરૂમમાં પહોંચાડશે.જેના આધારે નજીકની પોલીસ તાત્કાલિક ત્યાં પહોંચી તેની અટકાયત કરી શકે છે. માત્ર એટલું જ નહીં જો કોઈ જગ્યાએ યોજાતા મોટા કાર્યક્રમમાં પણ કોઈ સસ્પેક્ટ હશે તો પહેલાથી જ પકડાઈ જશે.

### મહીલા હેલ્પલાઈન

૧૮૧ અભયમ હેલ્પલાઈન કોઈપણ પ્રકારની ઘરેલું હિંસા, શારીરિક, માનસિક અથવા જાતીય શોષણ માટે ૨૪ કલાકની હેલ્પલાઈન છે. ગુજરાતની મહિલાઓ માટે અબાયા બનાવવા માટે ૨૦૧૪ માં રાજ્ય સરકારના પાયલોટ પ્રોજેક્ટ પછી, આ પ્રોજેક્ટ સફળતાપૂર્વક ૨૮ ફેબ્રુઆરીએ પૂર્ણ થયો હતો. છેલ્લા આઠ વર્ષમાં ૧૧.૭૫૬ લાખથી વધુ મહિલાઓને સેવા આપનારી ૧૮૧ અભયમ હેલ્પલાઈન કટોકટીના સમયમાં મહિલાઓની સાચી મદદગાર અને સાથી સાબિત થઈ છે.

# ઈલેક્ટ્રિક વાહનો માટે ૮૧ સ્થળે નવાં ચાર્જિંગ સ્ટેશન બનાવાશે

અમદાવાદ | તા.૧૧

શહેરમાં ઈલેક્ટ્રિક વ્હિકલના વધતા જતા ચલણ વચ્ચે પૂરતા પ્રમાણમાં ચાર્જિંગ સ્ટેશન નથી. પરંતુ મ્યુનિ. હવે પીપીપી ધોરણે ૮૧ સ્થળે ચાર્જિંગ સ્ટેશન શરૂ કરશે. એસ્ટેટ વિભાગે આ માટે ટેન્ડર પણ બહાર પાડ્યું છે. નવાં ચાર્જિંગ સ્ટેશન વિવિધ ફ્લાયઓવર, મુખ્ય રોડ, મ્યુનિ. કચેરી સહિતનાં સ્થળોએ ઊભા કરવામાં આવશે. પશ્ચિમ ઝોનમાં સૌથી વધુ ૨૭ સ્થળે ચાર્જિંગ સ્ટેશન બનશે. કયા ઝોનમાં કેટલા ઈલેક્ટ્રિક વાહન છે તેની મ્યુનિ. પાસે માહિતી નથી. પરંતુ સુભાષબ્રિજ આરટીઓમાં ફેબ્રુઆરી ૨૦૧૫થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં ૨૦,૦૧૪ ટુ-વ્હીલર, ૩૫૬૯ કાર અને ૧૧૩૪ થ્રી-વ્હીલર ઈલેક્ટ્રિક નોંધાયા છે. ગત ફેબ્રુઆરી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ૧૨ ચાર્જિંગ સ્ટેશનનાં લોકાર્પણ કર્યું હતું. મ્યુનિ.ના અધિકારીના જણાવ્યા મુજબ, અમદાવાદમાં ઈ વ્હિકલમાં સતત વધારો થઈ રહ્યો છે. જોકે, ટેન્ડર માટે ક્યા ઝોનમાં કેટલા ઈલેક્ટ્રિક વાહનો છે તેની માહિતી એકત્રિત કરવામાં આવી નથી. મ્યુનિ. પાસે ઉપલબ્ધ જગ્યા મુજબ ઈલેક્ટ્રિક ચાર્જિંગના સ્પોટ નક્કી કરાયા છે. ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી શહેરના વિવિધ વિસ્તારમાં ચાર્જિંગ સ્ટેશન બનાવાશે. અમદાવાદમાં પીપીપી ધોરણે ૮૧ સ્થળોએ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન શરૂ કરવા માટે વિવિધ કંપનીઓ પાસે ટેન્ડર મગાવવામાં આવ્યા છે. જે કંપની ચાર્જિંગ સ્ટેશન બનાવશે, તેણે મ્યુનિ.ને જગ્યા પેટે વાર્ષિક ૫ ટકા જંત્રી લેખે જમીનનું ભાડું ચૂકવવાનું રહેશે. તે સિવાય મ્યુનિ. સાથે રેવન્યૂ શેરિંગ કરવામાં આવશે. જેમાં પ્રતિ યુનિટ પ્રમાણે રેવન્યુ શેરિંગ કરવામાં આવશે. હાલમાં જે ૧૨ જગ્યાએ ચાર્જિંગ સ્ટેશન લગાવવામાં આવ્યા છે ત્યાંથી મ્યુનિ.ને એક યુનિટ દીઠ ૩.૫૧ રૂપિયા મળે છે. ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન પર કેટલાક સ્થળોએ બેટરી બદલવાની પણ સુવિધા હશે, જેથી કોઈપણ વ્યક્તિને પોતાની ગાડીની બેટરી બદલવી હોય તો તે બેટરી પણ બદલાવી શકશે. તમામ ઈલેક્ટ્રિક વ્હિકલ ચાર્જિંગ સ્ટેશન ગ્રીન કલરના બનાવવાના રહેશે.

સિંધુભવન મલ્ટિલેવલ પાર્કિંગ, પ્રહલાદનગર મલ્ટિલેવલ પાર્કિંગ, ઈક્મટેક્સ, સીટીએમ ફ્લાયઓવર પાસે, હરિદર્શન ચાર રસ્તા સહિતના ૭ વિસ્તારોમાં ૮૦ કિલો વોટના ચાર્જિંગ પોઈન્ટ છે. ઈવ્હિકલની બેટરીની કેપિસિટી ૩૫ કિલો વોટની હોય અને ૮૦ કિલો વોટના ચાર્જિંગ પ્લગથી તેને ચાર્જ કરાય તો ૩૫થી ૪૦ મિનિટ લાગે છે. સ્લોટ પણ ઓનલાઈન બુક થઈ શકે છે.



### પ્રતિ યુનિટ રૂ.૧૪ના ભાવે ચાર્જિંગ થાય છે

પેટ્રોલ-ડીઝલમાં પ્રતિ કિલોમીટર ૮થી ૧૦ રૂપિયાનો ખર્ચ થાય, સીએનજીમાં ૫થી ૭ રૂપિયા અને પબ્લિક ઈવી ચાર્જિંગમાં વાહન ચાર્જ કરવા પર પ્રતિ કિલોમીટરનો ખર્ચ દોઢથી બે રૂપિયા થાય. હાલમાં ૧૪ રૂપિયા પ્રતિ યુનિટના ભાવે બેટરી ચાર્જ કરવામાં આવે છે. મોબિલેનના ડાયરેક્ટર ગુંજન મહેતાએ જણાવ્યું કે, સરેરાશ ૨૦ યુનિટ બેટરી ચાર્જ કરાવતા હોય છે એટલે કે ૨૮૦ રૂપિયામાં બેટરી ફૂલ થઈ જાય છે. જ્યારે જીએસટી અલગથી લાગે છે એટલે કે ખર્ચ ૩૦૦ રૂપિયા જેટલો થાય છે. ટુ વ્હીલરમાં ૫૦થી ૬૦ રૂપિયામાં બેટરી ફૂલ થઈ જાય છે.

### AAPને મોટો ઝટકો, ભરૂચ જિલ્લાના પૂર્વ પ્રમુખે આપ્યું રાજીનામું

લોકસભાની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં કામ કરી રહી છે ત્યારે તમામ પાર્ટીમાં મોટી ઉથલપાથલ જોવા મળી રહી છે. ચૂંટણી પહેલા ભરુચમાં આપ પાર્ટીમાં રાજીનામા પડ્યા છે. હાલમાં મળી રહેલી માહિતિ અનુસાર ચૂંટણી પહેલા ભરુચ જિલ્લામાં AAPમાંથી રાજીનામા પડ્યા છે. સામે આવી રહેલી માહિતિ અનુસાર ભરૂચ જિલ્લાના પૂર્વ પ્રમુખ જયરાજ રાજનું રાજીનામું પડ્યું છે. તો ભરૂચ શહેર AAPના પૂર્વ પ્રમુખ ભદ્રેશ પટેલે રાજીનામું આપ્યું છે. મળતી માહિતિ અનુસાર લોકસભાની ચૂંટણી પહેલા આપના કાર્યકરો કેસરિયો ધારણ કરશે. આ સાથે ભાજપમાં ૫૦થી વધુ કાર્યકરો જોડાશે. સોશિયલ મીડિયામાં કાર્યકરોએ પોતાના રાજીનામાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે ભરૂચથી AAPના ચૈતર વસાવા ચૂંટણી લડી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આમ આદમી પાર્ટીના ઉમેદવાર ચૈતર વસાવાના કાર્યાલયનું ઉદ્ઘાટન ગઈકાલે કરવામાં આવ્યું છે.

### દિગ્વિજયસિંહ રાજપૂત નામના યુવકનું મોત

# વેજલપુરમાં રિવોલ્વર સાથે સ્ટંટ કરતા અચાનક થયું ફાયરિંગ, યુવકનું મોત




અમદાવાદ | તા.૧૧

રાજ્યમાં છાશવારે વાહન ચલાવતી સમયે કરાતા સ્ટંટના કિસ્સાઓ સામે આવતા રહે છે. જેમાં ક્યારેક સ્ટંટ કરનારને નુકસાન થાય છે તો ક્યારેક તેનાથી અન્ય લોકોને નુકસાન થતું જોવા મળે છે. આજે અમદાવાદના વેજલપુર વિસ્તારની વાત થઈ રહી છે. અહીં સ્ટંટ કરવાના કારણે એક યુવકનું મોત થયું હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ઘટના વેજલપુરના રુપેશ પાર્કમાં બની હોવાનું જાણવા મળી રહ્યું છે. અહીં ફાયરિંગમાં એક ૩૬ વર્ષના યુવકનું મોત થયું છે. મૃતકનું નામ દિગ્વિજયસિંહ ઉર્ફે ભોલો રાજપૂત હોવાનું સામે આવ્યું છે. આ ઘટના ગઈકાલે મોડી રાતે બની હોવાનું સામે આવ્યું છે.

# ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષા ૨૦મી માર્ચથી શરૂ થશે

અમદાવાદ | તા.૧૧

ગુજરાત યુનિવર્સિટીની સાયન્સ, કોમર્સ, આર્ટ્સ, લૉ સહિતની વિવિધ વિદ્યાશાખાની રિપીટર અને રેગ્યુલર વિદ્યાર્થીઓની ઓફલાઈન પરીક્ષાઓ ૨૦ માર્ચથી શરૂ થશે. અમદાવાદ-ગાંધીનગરના આશરે ૧૦૦થી વધુ પરીક્ષા કેન્દ્રોમાં દોઢ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. ગ્રેજ્યુએશનલ લેવલની સેમેસ્ટર ૩ અને પીજી સેમેસ્ટર ૩ના રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષાઓ ૨૦ માર્ચથી શરૂ થશે. ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના ઉપક્રમે સાયન્સ, કોમર્સ, આર્ટ્સ સહિતની વિદ્યાશાખાની સ્નાતક કક્ષાની યુજી સેમેસ્ટર ૫ તેમ જ વિવિધ વિદ્યાશાખાની પીજી સેમેસ્ટર ૩, એલએલબી સેમેસ્ટર ૧, ૩, ૫ સેમેસ્ટરની પરીક્ષા કુલ ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ આપશે. વિવિધ વિષયોના રેગ્યુલર-રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષાઓનું ચાર તબક્કામાં આયોજન કરવામાં આવ્યું છે.

### ચાર તબક્કામાં પરીક્ષા



**પ્રથમ તબક્કો:** રિપીટર માટે યુજી સેમેસ્ટર ૫, પીજી સેમેસ્ટર ૩, એલએલબી સેમેસ્ટર ૧, ૩, ૫ની પરીક્ષા ૨૦ માર્ચથી, **બીજી તબક્કો:** રેગ્યુલર માટે યુજી સેમેસ્ટર-૬, પીજી સેમેસ્ટર-૪ની પરીક્ષા ૨ એપ્રિલથી., **ત્રીજો તબક્કો:** રેગ્યુલર માટે સેમેસ્ટર ૪ની પરીક્ષા ૧૬ એપ્રિલ., **ચોથો તબક્કો:** રેગ્યુલર માટે સેમેસ્ટર ૨ની પરીક્ષા ૨૫ એપ્રિલથી શરૂ થશે.

### ૫ એકરનો ગાંધી આશ્રમ ૫૫ એકરમાં વિકસાવાશે

# મોદી ૧૨ માર્ચે આશ્રમ રિ-ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો માસ્ટર પ્લાન લોન્ચ કરશે

અમદાવાદ | તા.૧૧

સાબરમતી નદીના કિનારે આવેલા ઐતિહાસિક ગાંધી આશ્રમનું ૧૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે રિ-ડેવલપમેન્ટ કરાશે. ૧૨ માર્ચ ને મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ આશ્રમનો માસ્ટર પ્લાન જોશે અને તેનું લોન્ચિંગ કરશે. અત્યારે ગાંધી આશ્રમ ૫ એકર જમીનમાં પથરાયેલો છે. માસ્ટર પ્લાન મુજબ હવે આ આશ્રમ ૫૫ એકર જમીનમાં રિ-ડેવલપ કરવામાં આવશે. ગાંધી આશ્રમનો કુલ વિસ્તાર ૩૨૨ એકરનો છે.

સ્વતંત્રતાના સાક્ષી રહેલા ગાંધી આશ્રમની પવિત્રતા જળવાઈ રહે તે મુજબ માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં જે-તે સમયે બનેલાં કેટલાંક બિલ્ડિંગો યથાવત્ રાખવામાં આવશે જ્યારે કેટલાંક બિલ્ડિંગોનું નવિનીકરણ કરાશે. અહીં આવનારા મુલાકાતીઓને ગાંધીજીના જીવનને લગતી સંપૂર્ણ માહિતી મળી રહે તે મુજબ મ્યુઝિયમ ડિઝાઈન કરાયું છે. હૃદયકુંજ સહિત ૨૦ બિલ્ડિંગનો વારસો પણ યથાવત્ જળવાઈ રહે તે પ્રમાણે ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. જ્યારે આશ્રમમાં કાફેટેરિયા, ઉદ્યોગમંદિર સહિત ઓરિએન્ટેશન સેન્ટર ડેવલપ કરવામાં આવશે.

# ૫૧ લાખ ભરીને ગુડા દ્વારા સીલ આવાસ લાભાર્થીઓએ ખોલાવ્યા

ગાંધીનગર | તા.૧૧

ભાડે ચઢાવેલા આવાસો સામે રેડ કરી લાખોની આવક કરી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા જરૂરીયાતમંદ નાગરિકો માટે આવાસ નિર્માણ કરવામાં આવતાં હોય છે. જેનો ઓનલાઈન ડ્રો કરીને નિયત રકમ મુજબ આવાસની ફાળવણી કરવામાં આવે છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પણ વર્ષ ૨૦૧૬થી લઈને અત્યાર સુધી એલઆઈજી, એમઆઈજી અને ઈડબલ્યુએસની સ્કીમો મૂકીને અંદાજીત ૫ હજાર જેટલાં આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. પરંતુ કેટલાંક લાભાર્થીઓ દ્વારા આવાસનો વપરાશ આર્થિક ઉપાર્જન માટે કરવામાં આવતો હોવાથી તંત્ર તેવા લાભાર્થીઓ સામે કડક પગલાં ભરતું પણ જોવાં મળ્યું છે. ગત નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન ગુડાએ વિવિધ સ્કીમોમાં રેડ કરીને ૫૧ લાખ રૂપિયા પેનલ્ટી સ્વરૂપે વસૂલ્યા છે. અગાઉની સ્કીમોમાં ગુડા વિસ્તાર સિવાયના નાગરિકો પણ આવાસ યોજનાનો લાભ મેળવતાં હતાં. જેથી કરીને ગાંધીનગર સહિત ગુજરાતના અન્ય જિલ્લાના અરજદારો પણ આવાસ યોજનાના ફોર્મ ભરીને ગાંધીનગરમાં યોજનાનો લાભ મેળવતાં હતાં, આવાસની ફાળવણી બાદ અન્ય શહેરના લાભાર્થીઓ દ્વારા આવાસ ભાડે ચઢાવી દઈને આર્થિક લાભ મેળવવામાં આવે છે. જેની સામે છેલ્લા કેટલાંક વખતથી ગુડાના અધિકારીઓએ લાલ આંખ કરી હોવાના દાખલાં રેડ દરમિયાન પણ જોવાં મળ્યાં છે. આવાસને ભાડે ચઢાવી દેતાં તંત્રને સીલ મારવાની નોબત આવતી હોય છે. જેને ખોલાવવા માટે નિયત કરેલ રકમ પેનલ્ટી સ્વરૂપે ગુડા દ્વારા વસૂલાય છે.

# એરપોર્ટ પર DG યાત્રા સિસ્ટમમાં ખામી પેસેન્જરે મેન્યુઅલ પ્રક્રિયા કરવી પડે છે

અમદાવાદ | તા.૧૧

એરપોર્ટ પર બાયોમેટ્રિક્સ આધારિત બોર્ડિંગ સિસ્ટમમાં પેસેન્જરનો ચહેરો સ્કેન કરી પેપરલેસ પ્રક્રિયા કરાય છે. પરંતુ આ ડીજી યાત્રા સિસ્ટમ યોગ્ય રીતે કામ કરતી ન હોવાથી ફરિયાદો છે. અંતે પેસેન્જરોએ સામાન્ય પેસેન્જરની જેમ જ ફ્લાઈટ સુધી પહોંચવું પડે છે. એરપોર્ટના બોર્ડિંગ ગેટ પર પૂરતો સ્ટાફ ન હોવાથી ડીજી યાત્રાના પેસેન્જરને અટકાવાય છે અને મેન્યુઅલ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. એક પેસેન્જરે કહ્યું કે, સમય બચાવવા ડીજી યાત્રાનો ઉપયોગ કર્યો પરંતુ રવિવારે દિલ્હી જતી ફ્લાઈટ માટે બોર્ડિંગ ગેટ પર આવ્યો ત્યારે કોઈ કર્મચારી હાજર ન હતા. આખરે મેન્યુઅલ પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું હતું. બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી (BCAS) એ એરપોર્ટ અને એરલાઈન્સને સારી ટેકનોલોજીનો ઉપયોગ કરવા અને વિવિધ ચેક-પોઈન્ટ પર મેનપાવર વધારવા નિર્દેશ કર્યો છે. જેથી ડીજી યાત્રાનો સરળ રીતે અમલ કરી શકાય અને બોર્ડિંગ ગેટ પર ભીડ ટાળી શકાય. માંડ ૫ ટકા પેસેન્જર ડીજી યાત્રાનો ઉપયોગ કરે છેઅમદાવાદ એરપોર્ટ પર જુદા જુદા ડોમેસ્ટિક રૂટની ૧૦૦થી વધુ ફ્લાઈટોમાં જતા હજારો પેસેન્જર પૈકી માંડ પાંચ ટકા ડીજી યાત્રાનો ઉપયોગ કરે છે.

### સમગ્ર રાજયમાં આજથી ધો.૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાનો આરંભ થઈ ચૂક્યો છે

# રાજ્યમાં બોર્ડની પરીક્ષા પહેલાં કુમકુમ તિલક કરી વિદ્યાર્થીઓનું મોઢું મીઠું કરાવ્યુ

ગાંધીનગર | તા.૧૧

સમગ્ર રાજ્યમાં આજથી ધો.૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાનો આરંભ થઈ ચૂક્યો છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લામાં પણ ધોરણ- ૧૦ અને ૧૨ની બોર્ડની ૪૪૨૯૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

આજથી શરૂ થયેલી બોર્ડની એક્ઝામ પહેલાથી પરીક્ષાર્થીઓનું કુમકુમ તિલક કરી મોઢું મીઠું કરાવીને સ્વાગત કરવામાં આવ્યું છે. તેમજ ઉજ્વળ કારકિર્દીની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. બી.કે.પ્રજાપતિએ જણાવ્યું કે, આજથી ધો.૧૦-૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે. SSC-HSC પરીક્ષામાં કુલ ૫૩ કેન્દ્ર ખાતે ૧૫૬ બિલ્ડીંગમાં ૧૬૧૪ બ્લોક વપરાયેલ છે, જેમાં ૪૪૨૯૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જેમાં SSC પરીક્ષામાં ૩૩ કેન્દ્ર ખાતે ૮૬ બિલ્ડીંગમાં ૯૦૫ બ્લોક વપરાયેલ છે.જેમાં ૨૫૦૫૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષા વિજ્ઞાન પ્રવાહમાં ૪ કેન્દ્ર ખાતે ૨૬ બિલ્ડીંગમાં ૨૬૬ બ્લોક વપરાયેલ છે, જેમાં ૫૨૭૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ૐજીઝ પરીક્ષા સામાન્ય પ્રવાહમાં ૧૬ કેન્દ્ર ખાતે ૪૪ બિલ્ડીંગમાં ૪૪૩ બ્લોક વપરાયેલ છે, જેમાં ૧૪૯૬૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રના તમામ બ્લોક CCTV થી સજ્ઞ છે. જિલ્લાનું એક પણ કેન્દ્ર સંવેદનશીલ કે અતિસંવેદનશીલ કેન્દ્રની શ્રેણીમાં આવતું નથી.

જિલ્લા સંકલન સમિતિના વર્ગ ૧ અને ૨ના ૫૬ અધિકારીની ઓબ્ઝર્વર તરીકે નિમણુક કરવામાં આવેલ છે.

# વિદેશોમાં ઇન્ટર્નશિપ માટે જવા માગતા વિદ્યાર્થીઓ ગત વર્ષ કરતાં ૬૬ ટકા વધ્યા

અમદાવાદ | તા.૧૧

જીટીયુના એન્જિનિયરિંગ, ફાર્મસી, મેનેજમેન્ટ સહિતના કોર્સના વિદ્યાર્થીઓ ઈન્ટરનેશનલ લેવલનું થિયરેટિકલ-પ્રેક્ટિકલ પ્રશિક્ષણ અને અનુભવ મેળવે તે માટે શરૂ કરાયેલા ઈન્ટરનેશનલ એક્સપિરિયન્સ પ્રોગ્રામ (આઈઈપી)માં આ વખતે ૨૦૦થી વધુ અરજીઓ આવી છે. જ્યારે ગયા વર્ષે ૧૨૦ અરજી આવી હતી. આ વખતે અરજી કરવાની મુદત ૧૫ માર્ચ સુધી લંબાવાતા આ સંખ્યા હજુ વધી શકે છે. આ પ્રોગ્રામમાં ભાગ લેવા માગતા વિદ્યાર્થીઓ જીટીયુની www. gtu.ac.in, www.iep. gtu.ac.in વેબસાઈટ પરથી અરજી કરી શકાશે. ઈન્ટરનેશનલ એક્સપિરિયન્સ પ્રોગ્રામ (આઈપી)માં બેચલર ઓફ એન્જિનિયરિંગ (બીઈ) અને બેચલર ઓફ ફાર્મસી (બીફાર્મ)નું ત્રીજું વર્ષ છઠ્ઠું સેમેસ્ટર, એમબીએના પ્રથમ વર્ષના બીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. જે તે બ્રાન્ચના વિદ્યાર્થીઓના અગાઉના સેમેસ્ટરના વિદ્યાર્થીઓના પરિણામને ધ્યાનમાં રાખીને, મેરિટના આધારે વિદ્યાર્થીઓની પસંદગી કરાશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654